ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 17 • પ્રકરણ : 11 • સળંગ અંક : 203 | **26 ફેબ્રુઆરી 2012** | **ડિજિટલ અવતાર – ત્રેવીસ**

‘हम न पीठ्ठू है, न पक्षधर है; हम हम है …’

• વિપુલ કલ્યાણી

અમારાં મિત્ર, શશીબહેન પટેલ કનેથી દક્ષિણ ગુજરાતના કાંઠા વિસ્તારની એક કહેવત સાંભળ્યા કરી છે : ‘ભરવાડો બારે દિવસનો સૂતકારો; સાત ગાભણી, સાત દૂઝણી ને અલખિયાંનો પાર નહીં.’

ખેર ! … ડાયસ્પોરાની ગુજરી જામેલી છે; હાક વાગતાં જે કોઈ ડોકાયા તે સૌ વરણાગિયા હાટડી માંડીને બેઠા છે; તેડાગર ફૂલેકે ચડેલા છે; કીડિયારું ઊભરાઈ રહ્યું છે; ટૂંકામાં, વેપલો જોરમાં છે !

વારુ, … દેશપરદેશ છવાઈ ગુજરાતી આલમમાં કોઈપણ શુભ પ્રસંગે રાંદલ તેડવાનો ચાલ છે. આઠ દિવસ સુધી આનંદમંગળ વર્તે છે. રાંદલને રાજી કરવા અને તેના પૂર્વ પ્રસંગની યાદ આપી, તેની સરસાઈ બતાવવા, રાંદલનો ઘોડો ખૂંદવા માટે રાંદલની ભૂઈને બોલાવાય છે.

રાંદલ એટલે રન્નાદેવી, રન્નાદે, સૂર્યની પત્ની. સૂર્યની પૂજા આખા ભારતવર્ષમાં વ્યાપ્ત થઈ છે. ભગવદ્ગોમંડળ વિગતે નોંધે છે તે અનુસાર, સૂર્યની પૂજા માટે સાક્ષાત્ સૂર્યનાં દર્શન કરવાને બદલે તેનાં મૂર્ત સ્વરૂપનાં દર્શન કરવાની વૃત્તિ બંધાઈ અને તેનાં ધીરેધીરે મંદિરો બંધાયાં. તેમાં સાકાર દેવ તરીકે સૂર્યની પૂજા થવા માંડી. પછી કાલાંતરે સૂર્યને પૂજે અને તેની સ્ત્રીને ન પૂજે, એ અયોગ્ય લાગવાથી સૂર્યની સ્ત્રીની પૂજા સ્ત્રીઓએ કરવા માંડી. એ સૂર્યની સ્ત્રી તે રન્નાદે કે રાંદલ. રન્નાદે એટલે માતા. ગુજરાતમાં સીમંત પ્રસંગે માતાની સ્થાપના થાય છે, એટલે કે સાત જાતનાં ધાન્ય વાવી જવારા ઉગાડવામાં આવે છે. બાજોઠ ઉપર તેમની સ્થાપના કરી કેળના સ્તંભની માંડવી બનાવી તેને વસ્ત્રોથી આચ્છાદિત કરવામાં આવે છે. … કહે છે કે રાંદલની ભૂઈ સાધારણ રીતે સુતાર, કુંભાર કે એવાં વસવાયા જાતની હોય છે. ઘણીવાર તો તે વાળંદ પણ હોય છે. ઘણીવાર રાંદલ સાથે જાગ તેડે છે. જાગ તેડવાનો ભપકો જુદો છે. તેમાં સૂર્યદેવની પૂજા વધારે શાસ્ત્રીય રીતે કરવામાં આવે છે. રાંદલ તેડવાનું એક મોટું કારણ રાંદલને ખુશ કરવાં એ છે, પણ તેથી વધુ સૂર્યદેવને ખુશ કરવા એ છે.

હવે, દોસ્ત મારા, આ યાયાવરી પંખીઓની નાત ચણવા આવે, તેવાકમાં, ચોમેર ડાયસ્પોરી માતાના જાગ તેડવાનાં ટાણાં મંડાયાં જો. અને ભૂઈઓએ, અને વળી તેને સ્થાને ભૂવાઓએ પણ, ઘોડો ખૂંદવાની ભભક, અહીંતહીં, જોમભેર, મારી જ જાણવી.

… પરંતુ, ભઈલા, ધીરા ખમી પૂછીએ કે આ ‘ડાયસ્પોરા સાહિત્ય’, ભલા, કઈ બલા છે ? ‘અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૫’ના, પૃષ્ઠ 335-343 પર પથરાયા, પરિશિષ્ટ-૩માં, ધીરુભાઈ ઠાકર નોંધે છે :

‘ડાયસ્પોરિક સાહિત્ય ગુજરાતી સાહિત્યના મુખ્ય પ્રવાહની શાખા જ છે. એનું સર્જન ગુજરાતી સાહિત્યનાં સ્વીકૃત અને પરંપરાને અવલંબીને થાય છે. તેની રચના વિદેશી સમાજની વચ્ચે થતી હોવાને કારણે વિષય વિદેશમાંનાં અનુભવ-અવલોકનો હોય અને વિદેશસ્થિત વ્યક્તિના જીવનનો સંસ્કારઘટ્ટ કે વિદેશની ધરતી પર વસીને વિદેશી સમાજની તાસીર દર્શાવે, તેની વિશિષ્ટતાને સ્વાનુભવ દ્વારા ઉપસાવી આપે તે ડાયસ્પોરિક સાહિત્ય એમ વ્યાખ્યા બાંધી શકાય. પણ સામાન્ય રીતે વિદેશમાં વસતા લેખકોનાં તમામ લખાણોને ડાયસ્પોરિક સાહિત્ય ગણવામાં આવે છે. એમ ડાયસ્પોરિક કેવળ સ્થળવાચક નહીં પણ ગુણવાચક શબ્દ છે, વિદેશીય સમાજનો સંસ્કાર દર્શાવતી પરિભાષા છે એમ સમજવું જોઈએ.’

‘શૂન્ય’ પાલનપુરી ગાય છે તેમ, ‘હિમ્મત બોલી અલ્લાબેલી / સાત સમન્દર તરવા ચાલી / જ્યારે કોઈ નાવ અકેલી’ની જેમ, દોરીલોટોખલીતો લઈને સૈકા, બે સૈકાથી દેશાવર ગયેલા આપણા લોકોને વાચા આપતું ગુજરાતી સાહિત્ય આફ્રિકે તેમ જ આથમણી કોરે આવેલા મોટામસ્સ દેશોમાં સર્જાતું રહ્યું છે. ધીરુભાઈ કહે છે તેમ, ‘પણ સામાન્ય રીતે વિદેશમાં વસતા લેખકોનાં તમામ લખાણોને ડાયસ્પોરિક સાહિત્ય ગણવામાં આવે છે.’ – આ લગીર યોગ્ય નથી. તેમનું તમામ સાહિત્ય ડાયસ્પોરિક નથી જ નથી. ગુજરાતી ડાયસ્પોરિક ક્ષેત્રોમાં ફક્ત વસવાટ કરવાને કારણે પોતાનું સર્જાતું તમામ સાહિત્ય ડાયસ્પોરિક બનતું નથી તે તેનો પાયાનો એક નિયમ છે.

મનુભાઈ પંચોળી ‘દર્શક’ ‘ઇતિહાસ અને કેળવણી’માં નોંધ્યું છે તેમ, ‘કાટવાળા વાસણમાં દૂધ જમાવીએ તો તે દહીંથી ઝેર ચડે છે. તેવું અંદરની અવિદ્યાને દૂર કર્યા પહેલાં મેળવેલી સિદ્ધિ વિષે પણ બનતું દેખાયું છે.’ માટે પ્રથમ પહેલાં, ડાયસ્પોરિક સાહિત્ય બાબત આ કહેવાતી અવિદ્યાને દૂર કરીએ.

ઈન્ટરનેટી જ્ઞાનકોશ વિકિપીડિયાના જણાવ્યા મુજબ, અમેરિકાના એક જાણીતા રાજ્યનીતિશાસ્ત્રના પ્રાધ્યાપક, વિલિયમ સેફ્રાને, 1991માં પ્રકાશિત એક લેખ વાટે, વિવિધ સ્થળાંતરિત સમુદાયોથી ડાયસ્પોરિક સમુદાયના તફાવત બાબત છએક મુદ્દાઓની છણાવટ કરી છે. These included criteria that the group maintains a myth or collective memory of their homeland; they regard their ancestral homeland as their true home, to which they will eventually return; being committed to the restoration or maintenance of that homeland; and they relate ‘personally or vicariously’ to the homeland to a point where it shapes their identity. સેફ્રાનની વ્યાખ્યાઓ યહૂદી ડાયસ્પોરાના વિચારથી પ્રભાવિત હોવા છતાં, તેમણે આ સંજ્ઞાના વિસ્તરતા ઉપયોગનો સ્વીકાર કર્યો છે.

‘માવજીભાઈ મુંબઈવાળા’નો અફલાતૂન એક બ્લૉગ છે. ઝાઝી મહેનતે, કસવાળી સામગ્રી તેમણે સતત પીરસે રાખી છે. ભરત ગાંધીના સંગીતે મઢી ને મન્ના ડેના સ્વરમાં, આપણા મહત્તર શાયર ‘શૂન્ય’ પાલનપુરીની એક રચના, ‘સાત સમન્દર તરવા ચાલી’, પણ તેમાં તરતી મેલાઈ છે :

સાત સમન્દર તરવા ચાલી
જ્યારે કોઈ નાવ અકેલી

આપખુદીનું શાસન ડોલ્યું
પાખંડીનું આસન ડોલ્યું
હાશ કહી હરખાયો ઈશ્વર
‘શૂન્યે’ જ્યાં લીલા સંકેલી

સાત સમન્દર તરવા ચાલી
જ્યારે કોઈ નાવ અકેલી
સાત સમન્દર તરવા ચાલી
જ્યારે કોઈ નાવ અકેલી

ઝંઝા બોલી ખમ્મા ખમ્મા
હિમ્મત બોલી અલ્લાબેલી
સાત સમન્દર તરવા ચાલી
જ્યારે કોઈ નાવ અકેલી

– ‘શૂન્ય’ પાલનપુરી

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઇ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

•

સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Holly Cottage',
13 Ferring Close,
HARROW, Middlesex HA2 0AR [U.K.]

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

ભારત માટે સંપર્કનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.

બીજી તરફ, 2005ના અરસામાં, અમેરિકાના એક સમાજશાસ્ત્રી રોજર્સ બ્રુબેકરે ડાયસ્પોરા નામક સંજ્ઞાના થતાં વિસ્તરણની રજૂઆત કરી છે. He suggests that one element of this expansion in use 'involves the application of the term diaspora to an ever-broadening set of cases: essentially to any and every nameable population category that is to some extent dispersed in space'. Brubaker has used the WorldCat database to show that 17 out of the 18 books on diaspora published between 1900 and 1910 were on the Jewish diaspora. The majority of works in the 1960s were also about the Jewish diaspora, but in 2002 only two out of 20 books sampled (out of a total of 253) were about the Jewish case, with a total of eight different diasporas covered.

'નમસ્કાર - આફ્રિકાના' નામક જૂથની વેબપેઇજ પર ડાયસ્પોરા અંગે આવી મતલબનો ફકરો જોવા મળે છે : The term diaspora refers to the movement of any population sharing common ethnic identity who were either forced to leave or voluntarily left their settled territory, and became residents in areas often far remote from the former. Diasporic cultural development often assumes a different course from that of the population in the original place of settlement. It tends to vary in culture, traditions and other factors between remotely separated communities. The last vestiges of cultural affiliation in a diaspora is often found in community resistance to language change and in maintenance of traditional religious practice.

ખેર ! … 'બુદ્ધિધન છે કેવાં સાચા ?', નામે એક લેખમાં, શૈલેષ ટેવાણી, "નાંદીકાર"ના માર્ચ, 2010ના અંકમાં, નોંધે છે : 'સાચો નાટ્યકાર જીવનના દરેક પ્રહરે, દરેક પ્રસંગે નાટકને ખાતો-પીતો હોય છે. એ વાંચે છે, પચાવે છે, જુએ છે, પચાવે છે. અનુભવે છે. ને એમાંથી અભિવ્યક્ત થવા મથતું સઘળું હૃદયમાં સંઘરતો, સંવિત્‌માં ઊતારતો, સાચવતો રહે છે. કઈ ક્ષણે, કયા ચોઘડિયે, કયા નિમિત્તે અને કઈ કથા-પાત્ર રૂપે એ નાટકને આકાર આપશે તે કદાચ, જાણતો નથી; કદાચ, ઊંડે ઊંડે જાણે છે કે પોતે ક્યારેક આવું આવું રચી કાઢશે !'

ડાયસ્પોરા બાબત, ગુજરાતી ડાયસ્પોરા અંગે, ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય વિશે આપણી માદરી જબાનના વિદ્વાનો આ કેડાના સાચેસાચ ભોમિયા બની જાય તે દિવસના સહજ સ્વાભાવિક ઓરતા જ હોય. પરંતુ આજે આપણા ક્ષેત્રમાં તેનો અભાવ છે અને ક્યાંક ક્યાંક અધૂરિયાઓ પોતાની અધૂરપો ઢાંકવા ખાબકી લીધા દીધા કરે છે. આ આપણી કમનસીબી છે.

રાજકોટમાં અબીહાલ 'ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય : વલણો અને વહેણો' નામે એક પરિસંવાદનું આયોજ થયેલું. મોટીમસ્સ તાસમાં પથરાયા ચૂરમાંના લાડવા પર ખસખસ ભભરાવીએ તેમ નામોનો ય અહીં છંટકાવ થયેલો. તેની ત્રીજી બેઠકનું અધ્યક્ષપદ મારે જાળવવાનું હતું તેમ વાંચી હું દિગ્મૂઢ હતો. હું તો વિલાયતમાં છું. કોઈએ આ પરિસંવાદ મિષે મને આગોતરી પડપૂછ કરી નથી અને આજ લગી અધિકૃત આમંત્રણ સુધ્ધાં પણ મોકલાયું નથી ! … યોજના અને વ્યવસ્થાને નામે આ બધી લોલેલોલ … કેન્દ્રીય 'સાહિત્ય અકાદેમી' પાસેથી કોઈક લાગો લેવાનો અહીં બેત હોય તો ય નવાઈ નહીં !

પહેલે ઝાટકે થયું કે નોતરેલા સમૂહમાં અને શ્રોતાવર્ગમાં કેવી છાપ પેદા થઈ હોય ? 'પેલા' હાજરી માટેના પ્રમાણપત્રને સારુ હાજર કરાયેલા 'બચાઇડા' શ્રોતાવર્ગને તો કદાચ ઝાઝી ગતાગમ ન ય હોય, પરંતુ બાકીસાકી ? વિવેક બૃહસ્પતિની ધજાપતાકા લઈને અહીંતહીં જાતરાએ નીકળી પડતા આયોજકો અને ભાષણિયાઓને માટે કદાચ નવાઈ ન પણ હોય ! યાયાવરી પંખીની જમાતને શું લાગ્યું હોય ? … કોણ જાણે ? … કોણ કહેશે ? … આપણો તો સંસ્કૃત સમાજ કહેવાય છે, ત્યારે આ આવો તે કેવો 'વિવેક' ?

નાનાભાઈ ભટ્ટે 'ગૃહપતિને' નામક ચોપડીમાં લખ્યું છે : 'માખણિયો એ માત્ર છાત્રાલયની નહીં પણ આખા જગતની વિભૂતિ છે. જ્યાં જ્યાં મનુષ્યની નબળાઈ છે, જ્યાં જ્યાં કાન કાચા છે, જ્યાં જ્યાં આંખે અંધાપો છે, જ્યાં જ્યાં હલકા સ્વાર્થ અને રાગદ્વેષ ભર્યા છે, જ્યાં જ્યાં હૈયાં છીછરાં છે, ત્યાં ત્યાં માખણિયો જન્મ્યા વિના રહેતો જ નથી. આવા માખણિયા લોકોએ મોટાં મોટાં રાજ્યો ઊથલાવી પાડ્યાં છે, પ્રજાઓના કલ્યાણમાર્ગોનો અવરોધ કર્યો છે, મોટા મોટા આશ્રમોમાં ઝેર વાવ્યાં છે, સંસ્કારી કુટુંબોમાં ચીરા પડ્યા છે અને હજી આજે પણ જગતમાં શું શું કરી રહ્યા છે.'

આપણા આ વણખેડાયેલા ક્ષેત્રમાં ય આવી 'વિભૂતિઓ'ની કોઈ કમી નથી. અમાસની ઘોર અંધારી રાતે ય, વળી, આમતેમ દેખા દેતી જોવા મળી પણ જાય ! … જેવા આપણા નસીબ ! … અને તેમ છતાં, આ મુદ્દે વિચારલક્ષી વાદ-સંવાદ જ આવશ્યક છે, વ્યક્તિલક્ષી નહીં.

વારુ, 'પોતાના 'ઘરવાળાઓને' માલામાલ કરી રહ્યા છે NRI' નામે એક બાતમી 26 નવેમ્બર 2011ના "દિવ્ય ભાસ્કર"માં વાંચવામાં આવી :

ભારતના લોકો વિદેશોમાં પૈસા કમાવાના મામલામાં તો આગળ છે જ, ભારતમાં રહેનાર પોતાના પરિવારના લોકોને પણ તેનો ફાયદો પહોંચાડવામાં તેઓ પાછળ નથી. 2010-11ના વર્ષ દરમ્યાન વિદેશોમાં વસી રહેલા ભારતના લોકોએ દેશમાં 56 અબજ ડોલરની રકમ મોકલી છે. આ તેનાથી અગાઉના વર્ષની સરખામણીમાં બે અબજ ડોલર વધુ છે. પ્રવાસી ભારતીય મામલાઓના મંત્રી વાયલાર રવિએ જાતે આ વાતની માહિતી આપી. તેમણે કહ્યું કે દેશમાં 2010-11માં 55.9 અબજ ડોલરના મનીઓર્ડર (વિદેશમાં વસેલા ભારતીયો દ્વારા મોકલવામાં આવેલા

નાણાં) મોકલ્યા છે. દેશમાં 2009-10માં 53.9 અબજ ડોલરનું રેમિટેંસ આવ્યું હતું, જ્યારે 2008-09માં આ રકમ 46.9 અબજ ડોલરની રહી હતી. વિશ્વ બેન્કે આની પહેલાં જ આ વર્ષમાં જ પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે પ્રવાસી ભારતીયો દ્વારા 2010-11માં 55 અબજ ડોલરની રકમ મોકલાવે તેવી આશા છે.

પરદેશે વસી જમાતનું ધન આમ ફરી ફરી લોહચૂંબક સાબિત બને છે. અને દરેક ક્ષેત્રમાં, આવી આવી અસર આજે અનુભવવા મળે છે. તો સાહિત્ય ક્ષેત્ર કોરુંકટ્ટ કેમ કરી રહી જાય ? શાસનથી માંડી ખાનગી ક્ષેત્ર પણ આ સારુ સ્વાભાવિક બાકાત નથી. આ સમજાય છે, કેટલેક અંશે આવકાર્ય પણ છે. પરંતુ આ ચાલ એકમાર્ગી આજ સુધી રહ્યો છે. જગતભરમાં પથરાઈ ગુજરાતી જમાતને શો લાભ મળ્યો ? શો મળે ? ઉત્તમ વહેંચવાનું બનતું હોય તેવો અનુભવ નથી; જે કંઈ જોવા પામીએ છીએ તે કૂતરાને જાણે કે ચાનકી ધરતાં હોય કે પછી કોઈક 'ધરમકરમ'ના ભાવમાં કીડિયારું પૂરવાના ઘાટ હોય, તેમ દીસે છે !

લંડનથી અમદાવાદનું અંતર 6,840.11 કિલોમિટર યાને કે 4,250.36 માઈલનું છે. વિમાન વાટે 8 કલાક, 49 મિનિટનું જ છેટું છે. અમેરિકાથી હવે વારસાનું વતન પંદરવીસ કલાકને અંતરે જ પડે છે. સમાજનો કેટલોક વર્ગ બે પાંદડે સુખી બનતો ગયો છે. પરિણામે આવનજાવન સહેલીસટ્ટ બની છે.

થોડા સમય પહેલાં, અમેરિકાનિવાસી સાહિત્યકાર અને જાણીતા શહેરી નટવર ગાંધીનો એક લેખ 'ગુજરાતી ડાયસ્પોરા લેખન - સ્વતંત્રતાની હાકલ' નવેમ્બર 2010ના "ઓપિનિયન"માં અગ્રલેખ રૂપે પ્રગટ કરેલો. આ અને આવા સંદર્ભોમાં, તેમાંની મોટા ભાગની બાબતો આજે ય પ્રસ્તુત છે.

નટવરભાઈના મત મુજબ, ગુજરાતી ડાયસ્પોરી જગતના 'ગુજરાતી લેખકોએ હવે અવસ્થાવાન બનવું જોઈએ અને પોતા પર જ આધાર રાખવો જોઈએ. પોતાના મૂળ વતનનાં કોઈક પ્રમાણપત્રની તેમણે આશા અપેક્ષા રાખવી નહીં જોઈએ કેમ કે તેવાં તેવાં ઉછીનાં સઘળાં પ્રમાણપત્રોની કિંમત સહજ સ્વાભાવિક કોડીની પણ ઠરતી નથી. તેમની અહીંની સાહિત્યિક પ્રવૃત્તિઓની સરાહના મેળવવા સબબ ભારત ભણી સતત ગોઠવાયેલી તેમની નજર ઊઠાવી લઈ, તેમણે તેમની આ સાહિત્યિક સાંકળ તોડી કાઢવી જોઈએ. તેમના આ વસવાટી જીવનમાં જાતભાતની રસિક વાતો ભરી પડી છે. તે વિશેનાં લખાણો તેમણે કરવાં જોઈએ. આ બધા અનુભવોને બોલતા કરવા જોઈએ. …

નટવર ગાંધીનો આખરી ફકરો ભારે સૂચક છે : 'સાહિત્યિક સંસ્થાઓએ તેમ જ અકાદમીઓએ અહીંનાં વાતાવરણને સાનુકૂળ સાહિત્યલેખન થાય તે માટે સક્રિયપણે લાગી પડવું જોઈએ. અહીંના વાતાવરણને ધ્યાનમાં લઈને પુસ્તક પ્રકાશનનાં તેમ જ સામયિક પ્રગટ કરવાંનાં કામ હાથ લેવાં જોઈએ. વતનથી લેખકો તેમ જ કવિઓને જંગી ખરચ કરીને મહેમાન તરીકે તેડાવવાને ઠેકાણે, તેમણે જેમનો અવાજ ક્યાં ય સંભળાતો નથી તેવાં તેવાં સ્થાનિક ગુજરાતી લેખકો અને કવિઓની સભાબેઠકો રાષ્ટ્રીય સ્તરે ભરવી જોઈએ. તદુપરાંત, અહીં સર્જાતાં ગુજરાતી સાહિત્યને કેન્દ્રમાં રાખવાનું ગુજરાતી લેખકોએ અને સાહિત્યિક સંસ્થાઓએ કામ કરવું રહે છે. બે સદી પહેલાં, એમરસને જે પ્રકારે અમેરિકી સાહિત્યનો ઓચ્છવ કરી જાણેલો, તેવી જ રીતે, ચાલો, આપણે ય આપણાં વાતાવરણની છાપવાળાં અમેરિકી ગુજરાતી સાહિત્યને વધાવી જાણીએ.'

ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યજગતમાં કામ પાડતા, અહીંના અને તહીંના, તમામે તેનું ફેરવાચન કરવાની અને તે સઘળી બાબતો ધ્યાનમાં લેવાની તાતી જરૂર છે.

વાંચક દોસ્ત, અન્ય કોઈક સંદર્ભે, ઉમાશંકર જોશીએ, એકદા, કહેલું : 'કેટલા બધા માણસો એવા છે જેઓ માત્ર ચૂપચાપ વાંચે છે. તેઓ કહેવા આવવાના નથી કે આ બરાબર લખ્યું છે કે બરાબર લખ્યું નથી; પણ બેઠાબેઠા એ આપણો તોલ કરે છે. એ લોકો સંકોચથી પોતાનો અભિપ્રાય પ્રગટ કરવાના નથી. પણ ધ્યાનમાં રાખવાનું છે કે આપણે જે કાંઈ બોલ્યા, જે કાંઈ લખ્યું તે બધાનું જેઓમાં જોવાની શક્તિ છે તેવા વિચક્ષણ માણસો અવલોકન કરી રહ્યા છે. આપણી તેમની પ્રત્યે જવાબદારી છે.'

આવી આવી જવાબદારીઓ આપણા આ ડાયસ્પોરા વીરોમાં ય ઉતરજો. ગુજરાતી સાહિત્ય ઘણી બધી રીતે આજે એક એવા ચોખંભે આવીને ખડું છે, જ્યાંથી તે આગળ ધપે તેને સારુ કોઈક મુઠ્ઠી ઊંચેરા અને દૂરંદેશ આગેવાનની મનીષા છે. ઉર્દૂ જબાનના એક ઊંચેરા શાયર, જોશ મલીહાબાદી (5 ડિસેમ્બર 1894 – 22 ફેબ્રુઆરી 1982)નો એક શેર આથીસ્તો સાભરે છે :

ऐ खुदा हिन्दोस्ताँ को बख़्श ऐसे आदमी
जिनके सर में मग़ज़ हो और मग़ज़ में
ताबिन्दगी

એ પરવરદિગાર ! હિન્દુસ્તાનને એવા તું માણસો દે કે જેને શિરમાં દિમાગ હોય, અને વળી, જેને ય પોતીકું નૂર હોય.

આ પરવરદિગારને આપણી પ્રાર્થના હજો : આ ક્ષેત્રે ય 'એવા તું માણસો દે કે જેને શિરમાં દિમાગ હોય, અને વળી, જેને ય પોતીકું નૂર હોય.'

પાનબીડું :

26 જૂન 2010ના "દિવ્ય ભાસ્કર"માં, પ્રકાશ ન. શાહે 'હમારી જમીન સે હટ જાઓ' નામે મજેદાર એક સાપ્તાહિકી લેખ આપ્યો હતો. લેખમાં છેલ્લે ફકરે આવું ય લખાણ હતું :

કદાચ, આ મછંદરોને નવા ગોરખની જરૂર છે, જે એમને ઝંઝેડી (લોકશાહી રાહે ઝૂડીને) જગાડે કે તમે શું કરી રહ્યા છો. … અને ત્યારે સાંભરી આવે છે (સચ્ચિદાનન્દ હીરાનન્દ વાત્સયાયન) 'અજ્ઞેય'ની આપાત્કાલીન કાવ્ય પંક્તિઓ :

હમ ન પીઠૂ હૈ, ન પક્ષધર હૈ
હમ હમ હૈં ઔર હમેં
સફાઈ ચાહિયે, સાફ હવા ચાહિયે
ઔર આત્મસન્માન ચાહિયે જિસ કી લીક
હમ ડાલ રહે હૈ.

હમારી જમીન સે
હટ જાઓ.

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

ક્યાં છે નવા લેખકો

ક્યાં છે નવા લેખકો? પ્રશ્ન ઊભો છે. પ્રશ્નનો જવાબ નથી. લેખકોસર્જકો નિસ્તેજ મોંયે ને ખાલી હાથે ખડા છે. લેખકો પોતાની કંગાલ કૃતિઓનાં અવલોકનો ન લેવાય તેની રાવ કરવામાં સમય ગુમાવે છે. અવલોકન નથી લેવાતાં એટલે પોતાની સામે કોઈ વ્યવસ્થિત કાવતરું થઈ રહ્યું હોય તેવી તેઓ બૂમો પાડે છે. પોતાની કૃતિને નબળી કહેનારો અવલોકનકાર કાં તો 'વાડાનું ઢોર છે, કાં લેખકોનો તેજદ્વેષી છે, કંઈ નહીં તો તુંડમિજાજી ને ઘાતકી છે! આટલું, બસ, લેખકોનું આશ્વાસન. તેમને નથી ભાસતો એક ફક્ત પોતાનો દોષ. તેમને પોતાની કલમ પરિપક્વ થઈ ગઈ જણાય છે. તેમની ખૂબીઓ કોઇના ખ્યાલમાં વસતી નથી. આવો ખિજવાટ તેમની અભ્યાસવૃત્તિને આવરી બેસે છે. છૂપી અદાવતના અસુરો એમના મગજમાં ઊભા થાય છે. પોતાની કોઈ પણ રચનાને એ પાંચદસ સામાન્ય વાચકો પાસે વંચાવી અભિપ્રાય મેળવવાની રાહ જોતો નથી. એક કૃતિનું બે કે ત્રણ વાર પૂનર્લેખન કરવાનું એ જરૂરી ગણતો નથી. જગતસાહિત્યના ઉત્કૃષ્ટ ગ્રંથોને, કે એ ગ્રંથના થોડા થોડા ખંડોને, કેવળ હથોટી બેસાડવા માટે, ફક્ત 'એક્સરસાઇઝ' લેખે. એ ગુજરાતીમાં ઉતારી પછી ફાડી નાખવા તૈયાર નથી. પોતાનું લખેલું તદ્દન રદ્દી ને માલ વિનાનું છે, એવું એને મોંયે ચડીને કહેવામાં આવે છે. છતાં એ કોઈ પણ હિસાબે એક વાર, બસ, પુસ્તકરૂપ ધરે એવી કંગાલ ખ્વાએશને સંતોષવા માટે એ પ્રકાશકોને વિનવે છે. ખુશામદ કરે છે. લાચારી કરે છે. ને એમ કરી એક વાર કાગળ પર બીબાં પડાવીને પછી એ પોતાને લેખકોના મંડળમાંની એક મહત્ત્વની માન્ય થઈ ચૂકેલી વ્યક્તિ લેખે ખપાવે છે.

(૧૯૩૭) **– ઝવેરચંદ મેઘાણી**

(પરિભ્રમણ, નવસંસ્કરણ, ખંડ ૧ માંથી
સંપાદકો : જયંત મેઘાણી, અશોક મેઘાણી)

એન.આર.આઈ.ને મતાધિકાર : હક અને હદ

• ઉર્વીશ કોઠારી

ભારતીય લોકશાહીની વર્તમાન વાસ્તવિકતામાં મત એવી જણસ છે, જેની મળ્યા પછી કિંમત રહેતી નથી. કોઈ પણ જાતના ભેદભાવ વિના સૌને એકસરખો મતાધિકાર મળ્યા પછી, નાગરિકો મતને બહુમૂલ્ય લાગતો નથી અને નેતાઓને ચૂંટણીમાં મત મળી ગયા પછી, બીજાં પાંચ વર્ષ સુધી મતની કિંમત સાંભરતી નથી.

છેલ્લાં બે-પાંચ વર્ષમાં જન્મેલાં ઘણાં બાળકો જેમ મોબાઈલ કે ઈન્ટરનેટ વગરની દુનિયાની કલ્પના કરી શકતાં નથી, એવી જ રીતે ભારત જેવી લોકશાહીમાં સાર્વત્રિક મતાધિકાર 'સમજ્યા હવે!' બની ગયો છે. અંબાણીનો પણ એક મત હોય અને ઝૂંપડામાં રહેનારનો પણ એક મત હોય, એ વાતમાં રહેલું અસાધારણપણું હવે અહોભાવ કે નવાઈ પ્રેરતું નથી. તેનું એક કારણ એ છે કે ભારત જેવા ચૂંટણીશાહી વ્યવસ્થા ધરાવતા દેશમાં મત આપનાર તથા લેનાર વચ્ચે આપ-લે થઈ ગયા પછી ભાગ્યે જ કશો સંપર્ક રહે છે.

આ પરિસ્થિતિમાં એક વર્ગ એવો છે, જેને મન હજુ મતનું મૂલ્ય છે. કારણ કે તેમને એ 'હક' મળ્યો નથી. એ સમૂહ છે: બિનનિવાસી ભારતીયો. એન.આર.આઈ. નૉન રેસિડન્ટ ઈન્ડિયન્સ, જે ક્યારેક વ્યંગમાં 'નૉન રિલાયેબલ ઈન્ડિયન્સ' તરીકે પણ ઓળખાય છે.

સંબંધ વધારતા સુધારા

ભારતમાંથી વિદેશ ગયેલા લોકો કે તેમની પછીની પેઢીનો મૂળિયાં સાથેનો સંબંધ વધારે સહજતાથી જળવાઈ શકે, એ માટે વર્ષ ૨૦૦૬માં 'ઓવરસીઝ સિટિઝનશીપ ઑફ ઈન્ડિયા'(ઓસીઆઈ)ની જોગવાઈ કરવામાં આવી. 'ડ્યુઅલ સિટિઝનશીપ' તરીકે જાણીતી આ યોજનામાં 'પર્સન ઑફ ઈન્ડિયન ઓરિજિન' (પીઆઈઓ - પિતા કે માતા ભારતીય હોય એવા લોકો)ને વિદેશમાં વસતા 'ભારતીય' તરીકેનો દરજ્જો આપવામાં આવે છે. સંબંધિત વિભાગના મંત્રી વાયલાર રવિએ આપેલા આંકડા પ્રમાણે અત્યાર સુધી અમેરિકા, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સહિત, ૯૦થી પણ વધુ દેશોમાં, વસતા દસેક લાખ ભારતીયોએ 'ડ્યુઅલ સિટિઝનશીપ' મેળવી છે. તેના મુખ્ય બે ફાયદા છે: આ કાર્ડ ધરાવતા બિનનિવાસી ભારતીયોને ભારત આવતી વખતે વીઝા લેવાની જરૂર પડતી નથી. તે ઈચ્છે ત્યારે ભારત આવી શકે છે અને ઈચ્છે એટલું રોકાઈ શકે છે. ભારતીય નાગરિક તરીકે તેમને પોતાના આગમન વિશે પોલિસ સ્ટેશનમાં જાણ કરવાની પણ રહેતી નથી.

અલબત્ત, તેના માટે વપરાયેલો 'સિટિઝનશીપ' (નાગરિકત્વ) શબ્દ છેતરામણો છે. કારણ કે 'ડ્યુઅલ સિટિઝનશીપ' ધરાવનારને ભારતમાં મતાધિકાર મળતો ન હતો. એ અંગે બિનનિવાસી ભારતીયોની માગણીને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૧૦માં 'રિપ્રેઝન્ટેશન ઑફ પિપલ બિલ, ૨૦૧૦'માં એક સુધારો કરવામાં આવ્યો, જે સંસદમાં પસાર થઈને ફેબ્રુઆરી ૧૦, ૨૦૧૦થી અમલી બન્યો. એ સુધારા મુજબ વિદેશમાં વસતા ભારતીયોને ભારતમાં યોજાતી ચૂંટણીમાં મતનો અધિકાર આપવામાં આવ્યો. તેમાં બે મહત્ત્વની શરતો હતી : ૧) કામ, અભ્યાસ કે બીજા કોઈ કારણે વિદેશમાં રહેતા પરંતુ વિદેશના નાગરિક ન હોય એવા ભારતીયો જ ભારતમાં પોતાના મતવિસ્તારની મતદારયાદીમાં પોતાનું નામ નોંધાવી શકે. ૨) મત આપવા માટે તેમણે ચૂંટણીના દિવસે રૂબરૂ હાજર રહેવું પડે.

તેનો અર્થ એ થયો કે 'ડ્યુઅલ સિટિઝનશીપ' ધરાવતા એન.આર.આઈ. ભારતમાં મત આપી શકે નહીં. કારણ કે તે બીજા દેશનું નાગરિકત્વ મેળવી ચૂક્યા છે. પાકી સિટિઝનશીપ ન ધરાવતા બિનનિવાસી ભારતીયોમાંથી પણ ચૂંટણીના દિવસે ભારતમાં હાજર હોય એવા લોકો કેટલા હોવાના? એટલે કાગળ પર બિનનિવાસી ભારતીયોને મતાધિકાર મળ્યો હોવા છતાં, તે નહીં મળ્યા બરાબર બની રહ્યો. પરદેશમાં રહીને ભારતની મતદારયાદીમાં પોતાનું નામ નોંધાવવા માટેની પ્રક્રિયા પણ અઘરી અને બાબુશાહીના અવરોધોથી ભરપૂર હોવાનું જણાયું. તેમાં છેવટે એટલી સરળતા કરી નાખવામાં આવી કે કોઈ પણ બિનનિવાસી ભારતીય પોતાના ભારતીય પાસપોર્ટની જાતે પ્રમાણિત કરેલી (સેલ્ફ અટેસ્ટેડ) નકલ રજૂ કરીને મતદાર યાદીમાં પોતાનું નામ સામેલ કરાવી શકે. છતાં, મંત્રી વી. રવિના જણાવ્યા પ્રમાણે, આ યોજનાનો બહુ મોળો પ્રતિસાદ મળ્યો છે. બિનનિવાસી ભારતીયો ઇચ્છે છે કે મતાધિકારનો ઉપયોગ કરવા માટે તેમને ભારત સુધી લાંબા ન થવું પડે અને વિદેશમાં રહીને જ મત આપી શકાય એવી વ્યવસ્થા સરકારે કરવી જોઈએ.

એન.આર.આઈ.મહિમા

'ઊંટ મરે ત્યારે મારવાડ ભણી જુએ' એવી કહેણી પ્રમાણે ઘણાખરા બિનનિવાસી ભારતીયો જીવનની આનંદ અને શોકની તમામ અવસ્થામાં પોતપોતાના 'મારવાડ' (દેશ) ભણી જુએ છે. આ લાગણી કાવ્યાત્મક રીતે વ્યક્ત કરતાં 'સારે જહાંસે અચ્છા હિંદોસ્તાં હમારા'માં કવિ ઈકબાલે લખ્યું હતું, 'ગુરબતમેં હો અગર હમ, રહતા હૈ દિલ વતનમેં/ સમજો વહીં હમેં ભી, દિલ હો જહાં હમારા'. (તન ભલે વતનથી દૂર હોય, પણ મન તો વતનમાં જ છે.)

બિનનિવાસી ભારતીયોનો સમૂહ પહેલાં 'અમે ભલે દૂર રહ્યા, પણ અમને તમારી સાથે જ ગણજો' એ પ્રકારની લાગણી વ્યક્ત કરતો હતો. હવે તેમની લાગણી જ નહીં, માગણી પણ એવી રહે છે કે તેમને ભારતના નાગરિકો સમકક્ષ ગણવામાં આવે. સરકાર પાસેથી ઘરના (દેશના) માણસ જેવી બેરોકટોક પહોંચ અને મહેમાન જેવાં માન-પાન- સુવિધા-દરજ્જો મેળવવા માટે તે ઉત્સુક હોય છે.

કેન્દ્ર સરકાર પાસે અપેક્ષા રાખવામાં દેશના એક અબજ નાગરિકો ઓછા છે, તે એ દેશની બહાર રહેનારા 'મૂળનિવાસી'ઓની માગણી પર ધ્યાન આપે? પરંતુ વિદેશમાં રહેતા ભારતીયો ભારતમાં અઢળક ભંડોળ જમા કરાવે છે. એક અંદાજ પ્રમાણે, વર્ષ ૨૦૧૦માં વિદેશમાં વસતા ભારતીયોએ બધું મળીને પંચાવન અબજ ડોલર જેટલી રકમ ભારત મોકલાવી હતી. તેમના અવાજને ભારત સરકાર સાવ અવગણી શકતી નથી.

એન.આર.આઈ.ના ભંડોળ ઉપરાંત તેમની અવરજવર અને તેમની સિદ્ધિઓનો પણ ભારત અને ભારતવાસીઓને ઘણો ખપ હોય છે. બિનનિવાસી ભારતીયો દેશમાં આવે ત્યારે તેમની અંધધ ખરીદીભૂખને કારણે સ્થાનિક બજારો ઊંચકાય છે. પોતાના ગામ જતી વખતે સામાનના ખડકલા કરનારા ઉત્તર પ્રદેશ - બિહારના કામદારો પ્રત્યે તુચ્છકાર સેવનારા લોકો, સામાનથી લદાયેલાં પરદેશી એન.આર.આઈ. પ્રત્યે અહોભાવની નજરે જુએ છે. બિનનિવાસી ભારતીયો શિયાળામાં 'દેશ'ની મુલાકાતે આવે ત્યારે તેમના મનમાં રૂપિયાને બદલે ડોલર (કે પાઉન્ડ)નું મિટર ફરતું હોય છે. ખરીદી કરવાની

વાત આવે એટલે તે 'સુપરમેન' બની જાય છે. મોટા ભાગના સ્થાનિક લોકો જે કિંમત સાંભળીને બેભાન થઈ જાય એવી કિંમતોમાં તે કપડાંથી માંડીને અનેક ચીજોની ખરીદી કરે છે. આ સિઝનમાં કોઈ સ્થાનિક ગ્રાહક ભાવતાલ કરવા જાય ત્યારે 'તમે રહેવા દો. આ તમારા માટે નથી. તમારે આ સિઝનમાં આવવું જ નહીં.' એવું દુકાનદારો મોઢે કહી શકે છે.

બિનનિવાસી ભારતીયોની સિદ્ધિ વિશે ગૌરવ લેવાનું આવે ત્યારે પણ ભારતીયો લઘુતાગ્રંથિના માર્યા શરમજનક પડાપડી કરે છે. કલ્પના ચાવલા કે સુનિતા વિલિયમ્સ જેવાં વર્તમાનકાળના કિસ્સામાં અને નોબેલ પારિતોષિક વિજેતા હરગોવિંદ ખુરાના જેવા ભૂતકાળના કિસ્સામાં એ વૃત્તિ અનેક વાર દેખાઈ આવે છે.

વતનપ્રેમ અને વિકૃતિ

બહુમતી એન.આર.આઇ.માં દેશ છોડ્યા પછી દેશપ્રેમના ઉભરા પેદા થાય છે. વતનઝૂરાપો સ્વાભાવિક છે. માનવીય પણ છે. છતાં તેનો અતિરેક હાસ્યાસ્પદ બને છે. દેશ છોડીને વિદેશમાં વસેલા ભારતીયોના મોઢેથી અવિરત ભારતમહિમા સાંભળ્યા પછી, ઘણી વાર, એવો સવાલ થાય કે દેશમાં ખરેખર આટલું સારું હોય તો તેમને વિદેશ જવાની જરૂર કેમ પડી? દેશ છોડ્યા પછી દેશની કેટલીક બાબતોની કિંમત થાય એ સમજી શકાય એવું છે. છતાં વતન અને નવા વસવાટ વિશે વાત કરતી વખતે બહુ ઓછા લોકો સંતુલન જાળવી શકે છે.

મોટા ભાગના એન.આર.આઇ.ની સૌથી મોટી સમસ્યા એ હોય છે કે તેમણે જે સમયે ભારત છોડ્યું હોય, તે સમયગાળો તેની તમામ મર્યાદાઓ અને ખામીઓ સહિત તેમના મનમાં ફ્રીઝ થઈ જાય છે, ગયો હોય છે. એટલે, અમેરિકા કે બ્રિટન જેવા દેશોમાં વર્ષો, બલ્કે દાયકાઓ ગાળ્યા પછી પણ, એ સમાજમાંથી લેવા જેવાં મૂલ્યો તે લઈ શકતાં નથી અને ભારતની સમાજવ્યવસ્થા અને સંકુચિતતાનાં છોડવાં જેવાં 'મૂલ્યો' છોડી શકતાં નથી.

શિયાળામાં ગુજરાત કે ભારત ઉમટી પડતાં કેટલાં એન.આર.આઇ. પોતાની સાથે, અંગ્રેજ-અમેરિકન સંસ્કૃતિની જાણેઅજાણે થયેલી વાનર-નકલ સિવાયનાં, તેનાં હકારાત્મક મૂલ્યો લઈને આવે છે? ઘણી વાર તો એવું લાગે કે એ લોકો 'ત્યાં' રહીને એ દેશોના રીતરિવાજ પ્રમાણે બદલાયા હશે, તો પણ વતનમાં આવે ત્યારે પોતે કેવળ બહારથી જ (પહેરવેશ અને આર્થિક સ્થિતિમાં) બદલાયા છે - ભીતરથી એટલા જ 'ભારતીય' છે, એવું બતાવવામાં ગૌરવ સમજે છે. અહીં 'ભારતીય'નો અર્થ છે: જ્ઞાતિવાદી, સંકુચિત મનોવૃત્તિ ધરાવતા, વૈચારિક રીતે પછાત, અંધશ્રદ્ધાળુ, ધાર્મિકતા-આધ્યાત્મિકતાનાં નામે ગમે તેવા બાવાબાવીઓને ધંધાની ઉત્તમ તક પૂરી પાડનારાં અને છોગામાં આ બધાં લખ્ખાણોને 'ભારતીય સંસ્કૃતિ'નો પર્યાય ગણીને તેને છાતીએ ચાંપી રાખનારાં- પોતાનાં સંતાનોને પણ એ રસ્તે ધકેલવાનો પ્રયત્ન કરનારાં. છેલ્લા દાયકામાં તે ભારતની 'પ્રગતિ' જોઈને હરખાય છે, કારણ કે કેટલાક શહેરી ભારતીયોની જેમ ઘણાખરા બિનનિવાસી ભારતીયો વાસ્તવિક સમસ્યાઓ અંગે સુખપૂર્વક અજ્ઞાન સેવે છે.

સારા રસ્તા, શોપિંગ સેન્ટરોની અને હોટેલોની ઝાકઝમાળ, ઇન્ટરનેટ કનેક્શન, ડાયરેક્ટ ફ્લાઇટ જેવાં પરિબળોના આધારે તે ભારતની પ્રગતિનું માપ કાઢે છે. સમસ્યાઓની વાત આવે તો તેમાંના ઘણાની યાદી ભ્રષ્ટાચારથી શરૂ થાય છે ને ત્યાં જ અટકી જાય છે. જ્ઞાતિવાદ અંગે તેમની સાથે વાત કરવી અઘરી પડે છે. કારણ કે વિદેશમાં ગયા પછી ઘણી વાર તે હોય એના કરતાં પણ વધારે સંકુચિત બન્યા હોય છે. જમીનહક જેવા પ્રશ્નો અંગે તેમની જાણકારી અને એ મેળવવાની ઇચ્છા નહીંવત્ હોય છે. આવા બિનનિવાસીઓને તેમની માગણી પ્રમાણે, વિદેશમાં રહીને પોસ્ટથી કે ભારતીય એલચી કચેરીઓમાં મતનો અધિકાર આપવામાં આવે, તો એ ભારતીય મતદાતાઓને અન્યાય ગણાશે. દેશની સમસ્યાઓની સાચી સમજણ વિના અને કરવેરા સ્વરૂપમાં સમૃદ્ધ નાગરિક તરીકે પોતાનો હિસ્સો આપ્યા વિના, તેમને મળતો મતાધિકાર ચૂંટણીશાહી બનેલી ભારતની લોકશાહી માટે અવળી દિશામાં વધુ એક પગલું બની રહેશે.

(સૌજન્ય : http://www.urvishkothari-gujarati.blogspot.com/2012/01/blog-post_24.html; Tuesday, January 24, 2012)

e.mail : uakothari@yahoo.com

To Amrit Kotak, 31-12-11

• Yogesh Patel

Farewell my friend

Cold sharp knives may be cutting through
Our broken windows
And you can't feel awash
In the warmth of a fireplace

But you tell us to press our ears to the walls
That crush us now
Ask us to hear in the distance
Trumpets of daffodils
The band-baajaa of the spring

I can hear you say,
Looking at the riot of summer on the threshold,
'You don't know how to live
I always enjoyed watching cricket at the club
And said raising the glass or two
I lived
I had chhash, khichadi
Pickles and rotalaa
I clapped, cheered and laughed
Yes buddy, I lived.'

Yes, yes, yes; You lived,
but you're tired my friend; too tired.
Now sleep well
Time for us to go!
Farewell my friend
Sleep well
In the never-ending night ……

[Suite 6, Riverside House, 196 Wandle Road, MORDEN Surrey SM4 6AU, U.K.]



Originally it started as a religious group. Then a few wanted to add cultural and non-religious activities. Some opposed, so they formed a social group. Some wanted drinking parties. Now they have both a nonalcoholic social group and an alcoholic social group!

ચોસલા પાડી શકાય તેવી ઘટનાઓ વાર્તામાં હોવી જોઈએ • કિરીટ દૂધાત

દસેક વરસ પહેલાં આપણા મોટા ગજાના કવિ લાભશંકર ઠાકરે મને પૂછ્યું હતું કે 'તું સંસ્મરણાત્મક કેક કશું લખતો નથી ?' ત્યારે મેં કહેલું કે, 'જેને કથા કહેતા આવડતી હોય એણે સંસ્મરણો કહેવામાં ન જવું જોઈએ.' આમાં સંસ્મરણકારોને ઉતારી પાડવાનો મારો હેતુ નહોતો, પરંતુ હું માનું છું કે કથાકારે કે કવિએ પોતાના સર્જન પાછળ ખુદને એવી રીતે છુપાવી દેવો જોઈએ કે જેવી રીતે ઇશ્વર આ સૃષ્ટિમાં છુપાયો છે, એની હસ્તીના આપણને ઈશારા મળ્યા કરે, પરંતુ સૃષ્ટિમાં એ અલગ રીતે કદી પ્રગટ નથી થતો. સર્જનના આનંદને બ્રહ્મ સહોદર કહ્યો છે તેને હું આ રીતે ઘટાવું છું. એટલે બહુ અંગતવર્તુળ ન હોય તો હું મારા સર્જન કે તેની પ્રક્રિયા વિશે વાત કરવાનું ટાળું છું, પરંતુ આજે પરિષદના અધિવેશનના ઓટલે થોડા આ તડાકા પણ મારીએ.

તડાકા એટલા માટે કહું છું કે ત્રણેક વરસ પહેલાં મિત્ર સંપાદક હર્ષદ ત્રિવેદીએ "શબ્દસૃષ્ટિ"ના દીપોત્સવી વિશેષાંક 'ટૂંકીવાર્તા અને હું'માં મારી પાસે કેફિયત સ્વરૂપનું કશુંક મહાપરાણે લખાવ્યું ત્યારે પણ 'કેફિયત'નું મૂળ ધાતુ 'કોફી' શબ્દમાં પડેલું છે એવી ટોળ કરવાનું ચૂક્યો નહોતો. સર્જનપ્રક્રિયાની કોઈ પણ કેફિયત મને તો કોઈ રહસ્યમય પ્રક્રિયાની સર્જનાત્મક રજૂઆત જ લાગે, મનોમન તો હું આ કેફિયતોને ઉત્તમ સર્જનાત્મક નિબંધો માનું છું. ટૂંકીવાર્તાની મારી કેફિયત હું અત્યારે ઈ.સ. 2011ના અંતભાગમાં કહી રહ્યો છું એવી જ રીતે મારી આ કેફિયત ઈ.સ. 2021માં પણ આ જ રહેશે તેવી કોઈ ખાતરી નથી. લખવાની શરૂઆત કરી ત્યારે સૌ પ્રથમ તો કવિતાથી જ થઈ હતી. એ દિવસોમાં હું નિયમિતપણે 'બુધસભા', હેવમોરમાં મળતી મંડળીઓમાં જતો. આ વાત છે ઈ.સ. 1980ની આસપાસની. પરંતુ એકાદ પંક્તિને બાદ કરતાં 'બુધસભા'માં ધીરુભાઈ, પિનુભાઈ કે બીજે ચિનુ મોદી કદી ડોલ્યા નહીં હોય. આ સમય મારા માટે સર્જનાત્મક રીતે ઘણો નિરાશામય હતો. સવારે છ-સાત વાગે ઘેરથી કૉલેજ જતો, પછી આખો દિવસ સચિવાલયમાં નોકરી કરી, સાંજે ભૂખ્યો કે કંઈક આચરકૂચર પેટમાં નાખી આશાભર્યો 'બુધસભા' કે 'હેવમોર'માં જતો અને ત્યાં નવદશ વાગ્યા સુધી તપવા છતાં કોઈ મારી કવિતાની સરાહના કરતું નહોતું. અને મારી નજર સામે મારા સમકાલીનો ધીમેધીમે કવિ તરીકે પોતાનો અવાજ પ્રાપ્ત કરતા જતા હતા.

એ દિવસોમાં હું ને મારો ગઝલકાર મિત્ર દિલીપ વ્યાસ એચ.કે. આર્ટ્સ કૉલેજના અંગ્રેજીના અધ્યાપક અબ્દુલ કરીમ શેખ સાથે કલાકો વિતાવતા. એ અમારી સમક્ષ ધીમેધીમે યુરોપિયન સાહિત્યના દરવાજા ઉઘાડતા જતા હતા. સાથોસાથ પશ્ચિમના સૌંદર્યશાસ્ત્રનાં ઉત્તુંગ શિખરો તરફ પણ અમારી દૃષ્ટિ પડતી જતી હતી. કાવ્યશાસ્ત્રમાં તો આ બધું હું બહુ ઓછું જાણતો થયેલો, પરંતુ કથાસાહિત્યને માણવાની મને ધીરેધીરે ગડ બેસવા મંડેલી. પછી એક દિવસ મેં એક વાર્તા લખી કે જેમાં એ સમયની મારી વયના, નિમ્ન મધ્યમવર્ગના તરુણની જાગૃત થતી અને તેને દબાવવાની જાતિયવૃત્તિને મેં ફેન્ટસીનું રૂપ આપેલું. અમદાવાદ કૉલેજના એ સમયના મારા ગુજરાતીના અધ્યાપક અલીસાહેબ અને શેખ સાહેબે એ વાર્તાને ઘણી વખાણી. અત્યારે તો એ વાર્તા ખોવાઈ ગઈ છે, એનું નામ હતું 'લાંબા લાંબા નખ'. પછી મેં બીજી એક-બે વાર્તા લખી જે મારી ડાયરીમાં જ રહી અને આજે ખોવાઈ ગઈ છે જેમાં ફેન્ટસીનું પ્રમાણ એ સમયની આધુનિક વાર્તાઓના અનુકરણવાળું વધારે હતું. ત્યારે મને ટકોર કરવામાં આવી કે આવી ફેન્ટસીને લીધે બધું દુર્બોધ થઈ જાય છે. આ બધી પ્રક્રિયામાંથી પસાર થઈને છેવટે એક દિવસ મારાથી એકીબેઠકે બહુમાં બહુ તો બીજા પ્રયત્ને 'બાપાની પીપર' વાર્તા લખાઈ ગઈ. જેને મેં "નવનીત સમર્પણ"માં મોકલી ને તેના થીમને કારણે જ કદાચ તરત પાછી પણ આવી. પછી એ વાર્તા એ વખતના "શબ્દસૃષ્ટિ"ના સંપાદક સુમન શાહે બહુ પ્રેમથી છાપેલી અને પોતાને ઘણી ગમી છે તે વિશે એક ચબરખી પણ લખી મોકલેલી.

એ સમય આધુનિક સાહિત્યના વળતા પાણીનો હતો. અને એ સમયે વાચકોની અપેક્ષા ઘટનાને રજૂ કરતી વાર્તાઓ માટેની હતી એટલે જ ઘણા વાચકોને એ ગમી ગઈ હતી. એકવાર હું અને મારો મિત્ર ચેતન શુક્લ વાર્તાની ચર્ચા કરતા બેઠા હતા, એ સમયે ઘટનાનું તિરોધાન કરવું જોઈએ કે નહીં અને એવી બધી ચર્ચાઓ કરવાનું અમને બહુ ગમતું. ઘટનાકથનનો છોછ ઓછો થયેલો પણ એ સમયના નવા લેખકોમાંથી એ સાવ નાબૂદ નહોતો થયો. એણે મને પૂછ્યું, 'તારી વાર્તાઓમાં ઘટનાનું મહત્ત્વ કેટલું હોવું જોઈએ જે તું સ્વીકારે ?' મેં જવાબ આપ્યો 'યસ્સ, ઘટના તો – મારા હાથમાં છરી હોય અને એનાથી હું ઠરવા આવેલા ગરમાગરમ મોહનથાળના છરીથી ચોસલા કરતો હોઉં એ રીતે અભિનય કરતાં કરતાં બોલ્યો - ચોસલા પડે એટલી ઘટ્ટ હોવી જોઈએ જેનાથી એક પછી એક ચોસલા પાડ્યા જ કરીએ. અને આજે પણ માનું છું કે વાર્તામાં - કમ સે કમ મારી મારી વાર્તામાં ઘટના ચોસલા પાડી શકાય તેટલી ઘટ્ટ હોવી જોઈએ. કોઈ પણ સૂક્ષ્મ અનુભવ કે અમૂર્તતાની લાગણી સમજવા માટે મારા માટે ઘટના મહત્ત્વની છે એટલે જેમાં માંડીને કથા ન કહેવાઈ હોય કે એક પણ ઘટના ન હોય તેવી વાર્તા લખવાનું હું વિચારી શકતો નથી. આપણા સમાજની દૃષ્ટિએ વિચારીએ તો રસ્તા વચ્ચે બે જણા સામાન્ય બોલાચાલી કરતા હોય તો ત્યાં પણ

બોબડાને શબ્દ ફૂટે

• પંચમ શુક્લ

એક 'ઈ'થી આંખ ચોળી, એક 'ઉ'માં કાન બોળી
મુખ મહીં મે'લી 'શ'કોરું
આંધળો બહેરું ફૂટે
ને બોબડાને શબ્દ ફૂટે!
ને પ્રથમ જે શબ્દ ફૂટ્યો-
નાદ એનો માત્ર ઊંઝા,
જોડણી આકાશ ઊંઝા.
ગાત્ર પરખે માત્ર ઊંઝા,
પાત્ર છલકે માત્ર ઊંઝા,
સૂર્ય, ચંદ્ર, તન્માત્ર ઊંઝા,
ક્ષણ, પ્રહર, અહોરાત્ર ઊંઝા,
ધર્મ, રક્ષણ, ક્ષાત્ર ઊંઝા,
અત્ર તત્ર સર્વત્ર ઊંઝા!

******

ત્રણે લોકના રહેવાસીઓ
ત્રાહિ ત્રાહિ
ત્રિપુરારિને જઈને પૂછે
ઊપરણાથી આંસુ લૂછે
વાળ ખેંચતાં બોલી ઊઠે જૂ છે જૂ છે
ને ત્રિપુરારી મંદ મંદ સ્મિત
દેખાડી દે અવળાં ગૂંઝાં
એ પણ પાછાં પૂરાં કાણાં
તોયે ક્યાંક ચોંટેલી ઊંઝાનાં જીરુંની ગંધ, વરિયાળીના દાણા!
ખખડ્યા વિણ સરકીને નાઠાં નેટ તણાં નિજ નેજે નાણાં.
લોક બીચારાં નેણ ઢાળીને
રાંક થઈને નિહાળે છે
નટખટ નટવર નેટ-નટૈયા
વિશ્વરૂપ ધરી મુખ ખોલે છે
'ઈ' ચાવે છે 'ઊ' ચાવે છે
અક્ષર અક્ષર 'ષ' ચાવે છે
ગાન ધરીને એક મંત્રનું 'અહમ બ્રહ્માસ્મિ' ગાવે છે.

૨૦૦૭

સદ્ભાવ : http://spancham.wordpress.com/2012/01/20/bobadane-shabd-fute/

અજાણ્યા ચાલીસ પચાસ જણ રસથી એ જોવા ઊભા રહી જતા હોય એ સમાજ અમૂર્ત વાર્તા કેવી રીતે સ્વીકારે ! હા, આ ઘટના વાર્તા થઈને આવે ત્યારે એ ઘટનાના ગઠ્ઠા મારો પ્રયત્ન હોય છે, ઘટનાને વાર્તામાં રજૂ કરીને આખરે તો વાર્તાકારે કોઈ લાગણી કે સૂક્ષ્મ અનુભવ જ લોકો સુધી પહોંચાડવાનો હોય છે એમાં જેવી જેની પહોંચ.

વાર્તાકાર તરીકે મારી પોતાની વાત કરું તો મારી મોટાભાગની વાર્તાઓનો આધાર ઇ.સ. 1960-70ની આજુબાજુનું અમરેલી જિલ્લાનું કોઈ એક ગામ રહ્યું છે, મારે જે વાત વ્યક્ત કરવી છે તેનો સેટઅપ મને એ વાતાવરણમાંથી મળ્યો છે. પાત્રોના સંવાદની ભાષા પણ મને રોજની બોલચાલની ભાષામાંથી મળી છે. જે લોકો ગામડાને પોતાની સામે વાર્તા કહેનારની ભાષા અને પાત્રોની ભાષા વચ્ચે કઈ રીતે ભેદ રાખવો એ એક પ્રશ્ન હોય છે. આ વાતમાં ઘણા સિદ્ધહસ્ત વાર્તાકારોને મેં ભૂલ કરતા જોયા છે. મારી શરૂઆતની એકાદ-બે વાર્તામાં મેં પણ એ ભૂલ કરી છે પણ પછી મને એનો ઉકેલ મેઘાણીમાંથી મળ્યો છે. એમણે 'સૌરાષ્ટ્રની રસધાર' અને અન્ય લોકસાહિત્યની કથાઓમાં શિષ્ટ અને લોકબોલીનું એવું અજબ મિશ્રણ કર્યું છે કે આપણને એમની લોકભાષા એની પડખોપડખ યોજાયેલી શિષ્ટ ભાષાથી સમજાય જાય. મેં કદી કોઈ ઉત્તર ગુજરાત કે દક્ષિણ ગુજરાતના વાચકને મેઘાણી દુર્બોધ છે એમ કહેતા નથી સાંભળ્યો, જ્યારે મારા ઘણા સૌરાષ્ટ્રના સમકાલીનો મહેસાણાવાળાને કે ઉત્તર ગુજરાતના સમકાલીન વાર્તાકારો વિશે સૌરાષ્ટ્રના વાચકોને અઘરા પડ્યાનું જાણ્યું છે એનું કારણ ભાષા વિશેની આપણા ગ્રામચેતનાના સર્જકોની શિસ્તનો અભાવ. સદીઓથી જે કાઠિયાવાડી કે મહેસાણી ભાષા કે સુરતી જે રીત ઘડાઈ છે તેમાં લોકબોલીનો જે સ્વાદ પડ્યો છે, એક ફકરો પણ તમારી પંચેન્દ્રિયને જગાડવાની તાકાત જે લોકભાષામાં પડી છે તેને હું જતી તો ન જ કરું પણ એ રીતે એનો સાંધામેળ કરી આપું કે એક પ્રદેશની ભાષા આખા ગુજરાતની થઈ જાય. આ છે મારી સર્જકતા અને છેલ્લાં પચાસ વરસોમાં ઘટના કે તેના તિરોધાન કે તેના લોપ ઉપર જેટલું ધ્યાન ગયું છે તેટલું ધ્યાન વાર્તા કે નવલકથામાં ભાષાનો કઈ રીતે ઉપયોગ થાય એના પર નથી ગયું. એટલે હાલનું શહેરીકરણ જે ઝડપે આ ભાષાઓના લહેકાઓને ભૂલવા માંડ્યું છે તે જોતાં એનું સુક્કું દસ્તાવેજીકરણ ભાષાવિજ્ઞાનનાં પુસ્તકોમાં પણ આપણી વાર્તાઓ અને નવલકથાઓના પાત્રોમાં સમર્થ રીતે સચવાવું જોઈએ.

હવે મારી વાર્તાકાર તરીકેની એક ચોક્કસ ભાતની વાત કરું. એવું નથી મેં કોઈ નક્કી કરેલા વિષયો ઉપર જ લખવાનું રાખ્યું હોય, પરંતુ છેલ્લાં પચીસ સત્યાવીશ વરસથી વાર્તાઓ લખું છું અને એનું જ્યારે વિશ્લેષણ કરું છું ત્યારે મને મારી વાર્તાઓ ત્રણ ભાગમાં વહેંચી શકાય તેમ લાગે છે અને આ ત્રણેય બાબતો મારા મનની દૃઢ પ્રતીતિરૂપે પણ રહી છે.

પહેલી વાત મે માણસના માણસ સાથેના વ્યવહારની વાત પીડે છે. બધા માણસો એક સમાન છે તેવું ધર્મશાસ્ત્રોથી માંડીને આપણા દેશનું બંધારણ પણ કહે છે, પરંતુ વાસ્તવિકતા જુદી છે. મેં જોયું છે કે એક માણસ બીજા માણસને ધિક્કારે છે, ધુત્કારે છે, તેને નીચો પાડે છે. સામેનો પોતાને હલકો સમજે ત્યાં સુધી તેને જલીલ કરે છે. આ બધું જોઈને હું ખૂબ પીડાઉં છું. જિગર મુરાદાબાદીએ કહ્યું છે તેમ :

ઈન્સાન કે હાથો સે હી ઈન્સાનકા યે હશ્ર
દેખા નહીં જાતા હૈ મગર દેખ રહા હું.

આવી પરિસ્થિતિઓમાં હું સીધી રીતે ડખલ કરીને કોઈ પતાવટ કરી શકતો નથી. પરંતુ આવા નીચલા સ્તરના, અપમાનિત પાત્રોને હું મારી વાર્તાઓમાં લઈ આવું છું. એમની આંખોમાં આંખ પરોવીને હું આત્મીયતાથી વાત કરી શકું એટલી હિંમત તો નથી થતી, પરંતુ એ જે તૂટક તૂટક બોલે છે તેમાંથી તેમની કથા રચીને મારા વાચકોને સંભળાવું છું. કાશ ! હું જેવું ફિલ કરું છું એવું વાચકો પણ અનુભવે. ટૂંકી વાર્તાના લેખક તરીકે હું આને મારું કર્તવ્ય સમજું છું.

મારી વાર્તા 'બાયું'માં ("ઓપિનિયન"ના 26.09.2007ના અંકમાં, આ પહેલાં, આ વાર્તા પ્રગટ કરાઈ હતી; આ અંકમાં, સૌજન્ય સાથે, ફેર લીધી છે : તંત્રી) આખા સમાજનું સ્ત્રીઓ પ્રત્યેનું આવું વર્તન એમના માટે કેટલું પીડાકારક બની રહે એ મેં આલેખ્યું છે, તો 'ભાય' વાર્તામાં એક ભલીભોળી વ્યક્તિનું એનું આખું કુટુંબ કેવી રીતે શોષણ કરે તેની વાત છે. 'ભૂત' વાર્તામાં દુષ્કાળમાં તકલીફમાં આવી પડેલા એક જરૂરિયાતવાળા ખેડૂતની એક નાની માગણી સંતોષવાની સાથે એના સગાંઓ તેને ધુત્કારીને તેનું અસ્તિત્વ જાણે કે હાડમાંસનું નહીં, પડછાયા, છાયા (ભૂત) જેવું બનાવી દે છે તે વાત છે. તો 'પાવય' વાર્તામાં જે શરીરથી નપુસંક છે, કે જેના આ હોવા ઉપર એનો કોઈ કાબૂ કે ઉપચાર નથી તેના પ્રત્યે આખું ગામ એને હડધૂત કરીને છેવટે ગામ છોડવા અને છેલ્લે પાવૈયાઓની જમાતમાં ભળવા માટે કઈ રીતે મજબૂર કરે છે તેની વાત છે.

મારા મનમાં બીજી વાત આવે છે તે છે સ્ત્રી-પુરુષના સંબંધની, કહો કે પ્રેમની. આ પ્રેમનો આપણે સૌથી વધારે મહિમા કર્યો છે. આ અનુભવ લેવા સ્વર્ગના દેવોએ પણ પૃથ્વી ઉપર જન્મ લેવો પડે એવું આપણે કહીએ છીએ, પરંતુ આ સંબંધ ક્યારે ય પૂર્ણતામાં પરિણમતો નથી. મેં 'ઇકબાલ'નો આ શેર સાંભળ્યો અને એનો મતલબ સમજ્યો ત્યારે ઘણો સમય સુધી બેચેન રહ્યો હતો.

ન વો ઈશ્કમેં રહી ગર્મીયા ન વો હુશ્નમેં રહી શોખિયાં
ન વો ગજનવીમેં તડપ રહી ન વો ખમ હે ઝુલ્ફે અયાઝમેં.

સ્ત્રી-પુરુષના સંબંધમાં ક્યારેક કુટુંબ વચ્ચે આવી જાય તો ક્યારેક સમાજ તો વળી ક્યારેક જ્ઞાતિ-ધર્મ, ક્યારેક મૃત્યુ એકાદ પાત્રને છીનવી લે છે તો, ક્યારેક કોઈ વ્યક્તિની ખુદની આપવડાઈ તેમને સંપૂર્ણપણે એક થતાં રોકે છે. સુખી દાંપત્ય કે પૂર્ણ પ્રેમ મને તો ગુરુચાંડાલ જેવા વ્યાકરણીય પ્રયોગ લાગે છે. આમ કોઈને કોઈ વસ્તુ આ સંબંધને સતત અવરોધી, ટૂંપી કે ચેરી નાખે છે. આવું શા માટે ? શા માટે ? આ પ્રશ્નોના હજી સુધી કોઈ સંતોષકારક જવાબ નથી મળ્યા. વર્તનશાસ્ત્ર પણ આ વાતને સમજાવી શકે તેમ નથી. આથી મારી ટૂંકી વાર્તામાં પણ હું સતત આ પ્રશ્ન પૂછતો રહું છું.

મારી 'ડચૂરો' વાર્તામાં કિશોર વયના નાયકને યુવાન વયની ભાભી તરફ થતાં છૂપા આકર્ષણની વાત છે તો 'લીલ'માં તરુણાવસ્થામાં ઊભા થતાં પ્રેમની વાત છે. આ બન્નેમાં મૃત્યુ વિલનનું કામ કરે છે અને પાછળ રહેતા પાત્ર માટે કારમી એકલતાનો અનુભવ બાકી રહે છે. મારી 'વી.એમ.' વાર્તામાં એક પાત્રની બેવફાઈને કારણે કિશોર પ્રેમની વ્યર્થતાની સન્મુખ ઊભો રહી જાય છે. તો 'તું આવજે ને'માં ઑફિસમાં સાથે કામ કરતાં થયેલો પ્રેમ અને બદલીને કારણે તેમાં મળતી નિષ્ફળતાની વાત, તો 'આમ થાકી જવું'માં એક પરણેલા પુરુષ અને કુંવારી છોકરીના પ્રેમની વાત છે, જેમાં ધીમે ધીમે બન્નેને પ્રતીતિ થતી આવે છે કે આ સંબંધને કોઈ કાયમી સ્વરૂપ આપવું શક્ય નથી. આ બધી કરુણ વાર્તાઓ છે કેમ કે મારા મનમાં પ્રેમનો પર્યાય નિષ્ફળતા એવો બેસી ગયેલો છે.

હવે ત્રીજી અને છેલ્લી વાત. તમને એમ થશે કે આ વક્તા નિરાશા અને હતાશાની લતે ચડી ગયા છે પણ ના, આ વાત આનંદપ્રેરક છે, આનંદની છે, મને લાગે છે કે જિંદગી જીવવા જેવી છે. એટલે જ ગૅટેએ કહ્યું છે કે 'જિંદગી વિશેની દરેક ફિલોસૉફી હતાશા જન્માવે એવી છે, પરંતુ જિંદગી પોતે હરિયાળી છે.' જિંદગીમાં અખૂટ રસ ભરેલો પડ્યો છે અને આ તત્ત્વજ્ઞાન સૌથી વધુ સમજતો હોય તો આપણી આસપાસ હરતો ફરતો જે સામાન્ય માણસ છે તે. એટલે જ તો એ દારુણ ગરીબી, સ્વજનની મોતમાં પરિણામનારી બીમારીથી, ચીંથરેહાલ કરી દેતી ગરીબીથી કે સંસારની જળોજથાથી ભાંગી પડ્યો છે, છિન્નભિન્ન થઈ ગયો છે તેમ લાગે પણ ધીમેધીમે ધર્મનું તણખલું પકડી, કુટુંબ પ્રત્યેની ફરજ સમજી, સમાજ પ્રત્યે પણ પોતાનું કંઈક ઋણ છે એમ જાણી અને જીવન જીવવા જેવું છે, તો જીવીએ એમ સમાધાન શોધીને પણ ઊભો થાય છે, વ્યવસ્થિત થાય છે અને એમાં રમમાણ થાય છે. હું જ્યારે 'ચમત્કાર' શબ્દ સાંભળું છું ત્યારે મારા મનમાં 'જિજીવિષા' સિવાય બીજો કોઈ શબ્દ બંધ બેસતો નથી. આ આપણી વિશેષ કરીને ભારતીય ઓળખ છે. એ જેટલી આપણને સમજાય છે એટલી યુરોપ, અમેરિકામાં નથી સમજાઈ. મારી 'પ્રવાસ' વાર્તામાં આસ્થા ગુમાવી બેઠેલો મામલતદાર કક્ષાનો એક અધિકારી સામાન્ય ગામડિયા અરજદારને જોઈને, મળીને ફરીથી આસ્થા પામે છે. 'ઉઝરડો' વાર્તામાં વેરાન વાતાવરણમાં ધીમેધીમે હરિયાળી ફેલાવી રહેતા એક સાધુના 'ચમત્કાર'નો સાક્ષી કે ડેપ્યુટી કલેક્ટર જુએ છે તો, 'આ સવજી શામજી બચુ

પાછે પગલે ચાલીને કરેલી એક જાતરા

• દીપક મહેતા

નર્મદ – દલપત પહેલાંનું અર્વાચીન ગુજરાતી ગદ્ય

ક્ષિતિજમાં કંઈ મેઘ સમો રમે, નજર માંડી જહીં દિન રાત મેં,
અહીં ઊભો પડછંદ પ્હાડ એ, નમન હો ગરવા ગિરનારને.

આજે જેમનું નામ અને કામ લગભગ ભૂલાઈ ગયું છે એવા, અહીંની બહાઉદ્દીન કોલેજમાં ભણીને બી.એ. તથા એમ.એ. થયેલા, ગજેન્દ્ર ગુલાબરાય બૂચના આ શબ્દોમાં ગરવા ગિરનારને નમન કરું છું. ગિરનારને નમન કરું છું તેની સાથે તેની તળેટીમાં બેઠેલા આપ સૌ ગરવા સાહિત્યપ્રેમીઓને પણ નમન કરું છું. લગભગ બાવીસ કરોડ વર્ષની ઉંમર ધરાવતા આ પર્વતરાજના સાન્નિધ્યમાં યોજાયેલા, ૧૦૬ વર્ષની ઉંમર ધરાવતી ગુજરાતી સાહિત્ય પરિષદના છેંતાલીસમા અધિવેશનના અનેક સુસજ્જ, સુજાણ, અને સુવિખ્યાત, વક્તાઓની સાથે ઊભો છું ત્યારે મારી જાત દરિયા કિનારા પરના જંતુડા કરતાં ય તુચ્છ અને નગણ્ય હોવાનું અનુભવું છું. દરિયા કિનારાના મહાનગરનો આ જીવ. નથી એની પાસે પર્વતની ઊંચાઈ, કે નથી એની પાસે સાબરમતી નદીના કિનારાની સરળ પ્રવાહિતા. છે તો થોડી રેતી છે, થોડા ખડકો છે, થોડી ખારાશ છે. હા, ભરતી છે, પણ સાથોસાથ અનિવાર્ય એવી ઓટ પણ છે. આ બધી મર્યાદાઓની પૂરેપૂરી સભાનતા સાથે ઓગણીસમી સદીના ગુજરાતી ગદ્ય સાહિત્યના કિનારેથી એકઠાં કરેલાં થોડાં શંખલાં છીપલાંની પોટલી આપની સામે ખોલું છું. હોંકારો દેવો, કે હડસેલો, એ આપે નક્કી કરવાનું.

દીપક મહેતા

***

આપણી ભાષાનું સાહિત્ય પડખું બદલી રહ્યું હતું એ જ અરસામાં, ૧૮૫૨માં, ફ્રેંચ નવલકથાકાર ગુસ્તાવ ફ્લોબેરે કહ્યું હતું: ‘આપણે એક વાત હંમેશાં યાદ રાખવી જોઈએ : ગદ્યનો જન્મ તો હજી ગઈ કાલે થયો છે. ભૂતકાળમાં સાહિત્યનું મુખ્ય માધ્યમ હતું કવિતા. છંદોના જેટલા સરવાળા બાદબાકી, ગુણાકાર ભાગાકાર થઈ શકે તે થઈ ચૂક્યા છે. પણ ગદ્યની બાબતમાં આમ કહી શકાય તેમ નથી.’ આ વાત આપણી ભાષાના સાહિત્ય વિષે પણ સાચી છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યને પુરોગામી સાહિત્ય કરતાં જુદું પાડતું એક મહત્ત્વનું લક્ષણ છે ગદ્યનો આવિર્ભાવ અને વિકાસ. અને છતાં આપણે જેટલી ચિંતા અને ચર્ચા કવિતાની કરી છે તેટલી ગદ્યની કરી નથી. કંઈ નહીં તો આપણા સાહિત્યના અર્વાચીન યુગના આરંભ કાળના ગદ્યની તો નથી જ કરી. એવી થોડી ચિંતા અને ચર્ચા કરવાનો પ્રયત્ન આજે કરવાનું વિચાર્યું છે.

ગુજરાતી સાહિત્યમાં અર્વાચીન યુગનો આરંભ ક્યારથી થયો એ પ્રશ્નનો ચોકક્સ જવાબ આપવાનો પ્રયત્ન આપણા સાહિત્યના ઈતિહાસ કે વિવેચને ઝાઝો કર્યો નથી. અલબત્ત, કોઇ પણ વૃત્તિ, વલણ કે સ્થિતિનો આરંભ કોઈ ચોકક્સ તિથિએ થાય એવું ભાગ્યે જ બને. તેનો ઉઘાડ ધીમે ધીમે થતો આવે. છતાં સગવડ ખાતર કોઈ એક તારીખ નકકી કરવી હોય તો ગુજરાતી ભાષા-સાહિત્યમાં અર્વાચીન યુગનો આરંભ ૧૭૯૭ના જાન્યુઆરીની ૨૯મીએ થયો એમ કહી શકાય. કારણ આ દિવસે મુંબઈથી પ્રગટ થતા “બોમ્બે કુરિયર” નામના અંગ્રેજી વર્તમાનપત્રમાં ગુજરાતી ભાષામાં લખાયેલો મજકૂર પહેલી વાર મુદ્રિત રૂપે પ્રગટ થયો. વખત જતાં મુદ્રણની સગવડ આપણને એટલી તો કોઠે પડી ગઈ કે આપણા ભાષા-સાહિત્યમાં જે અર્વાચીન યુગનાં મંડાણ થયાં તેની એક પાયાની પૂર્વશરત, પૂર્વશરત નહીં તો અનિવાર્ય જરૂરિયાતમાંની એક, મુદ્રણની સગવડ હતી એ હકીકત આપણા ધ્યાન બહાર રહી. પુસ્તકો, સામયિકો અને વર્તમાનપત્રો મુદ્રણની સગવડને પ્રતાપે જ શક્ય બન્યાં અને આ ત્રણ સાધનો હાથવગાં ન થયાં હોત તો મધ્યકાલીનમાંથી અર્વાચીનમાં થયેલું સ્થિત્યંતર અશક્ય નહીં તો ય અઘરું તો બન્યું જ હોત.

આપણા અર્વાચીન સાહિત્યને મધ્યકાલીન સાહિત્ય કરતાં જુદું પાડતું એક મહત્ત્વનું અને આગવું લક્ષણ છે ગદ્યનાં વિવિધ રૂપો અને સ્વરૂપોનો ઉદ્ભવ અને વિકાસ. આપણી પાસે પદ્યની તો ઠીક ઠીક લાંબી અને સમૃધ્ધ પરંપરા હતી અને ધારો કે મુદ્રણની સગવડ ન મળી હોત તો પણ એ પરંપરા ચાલુ રહી હોત, અને વખત જતાં તેનું રૂપાંતર અર્વાચીન કવિતામાં થયું હોત. થોડાક અપવાદોને બાદ કરતાં આપણા મધ્યકાલીન સાહિત્ય પાસે ગદ્યની લાંબી કે સમૃધ્ધ પરંપરા નહોતી. નિબંધ, લેખ, નવલકથા, વાર્તા, આત્મકથા, જીવનચરિત્ર, જેવાં ગદ્ય સ્વરૂપોનો વિકાસ મુદ્રણ વગર ભાગ્યે જ શક્ય બન્યો હોત. ગુજરાતી ભાષા પહેલી વાર મુદ્રિત રૂપે પ્રગટ થઈ ૧૭૯૭માં, પહેલું મુદ્રિત પુસ્તક પ્રગટ થયું ૧૮૦૮માં, કેવળ ગુજરાતી છાપકામ કરતું પહેલું છાપખાનું ૧૮૧૨માં ફરદુનજી મર્ઝબાનજીએ મુંબઈમાં શરૂ કર્યું અને તેમણે જ ૧૮૨૨ના જુલાઈની પહેલી તારીખે “શ્રી મુમબઇનાં શમાચાર” નામનું પહેલુંવહેલું વર્તમાનપત્ર શરૂ કર્યું. પહેલવહેલું સામયિક “વિદ્યાસાગર” ૧૮૪૦માં નવરોજી ફરદુનજીએ શરૂ કર્યું. અને છતાં અર્વાચીન ગુજરાતી ગદ્યનો આરંભ ૧૯મી સદીના ઉત્તરાર્ધની શરૂઆતમાં થયો એમ મનાતું અને કહેવાતું આવ્યું છે. તો શું ૧૮૫૦ સુધીમાં છપાયેલાં ૨૧૨ પુસ્તકો બધાં પદ્યમાં લખાયેલાં હતાં? વર્તમાનપત્રો અને “વિદ્યાસાગર” જેવાં સામયિકોમાં ૧૮૫૦ પહેલાં ગદ્ય જોવા મળતું નહોતું ?

લગભગ એક જ અરસામાં, ૧૮૫૦-૧૮૫૧ના વર્ષમાં, અર્વાચીન ગુજરાતી ગદ્યનો આરંભ થયો હોવાના બે દાવા આપણા સાહિત્યના ઈતિહાસ અને વિવેચનમાં જોવા મળે છે. નાનાલાલ દલપતરામ કવિએ લખ્યું છે ‘ભૂતનિબંધ એટલે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની ગ્રંથ-પ્રકાશમાળાનો પ્રથમ મણકો, અર્વાચીન ગુજરાતનો પ્રથમ ગદ્યગ્રંથ, લોકપ્રસિધ્ધિ પામેલો દલપતરામનો સાહિત્યવિજય’ (કવીશ્વર દલપતરામ, ભાગ ૨, ૧૯૩૪, પા. ૯૦) ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રગટ કરેલા ‘ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ’ના ત્રીજા ભાગમાં દલપતરામ વિષેના પ્રકરણમાં નાનાલાલને અનુસરીને યશવંત શુકલ કહે છે : ‘૧૮૫૦માં પુસ્તિકા રૂપે પ્રગટ થયેલો દલપતરામનો ‘ભૂતનિબંધ’ પણ અર્વાચીન ગુજરાતીની પહેલી ગદ્યરચના છે.’ (શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ, ૨૦૦૫, પા. ૨૯)

હવે ગમ્મત જુઓ : એ પુસ્તકમાં તરત જ પછીના નર્મદ વિષેના પ્રકરણમાં વ્રજલાલ દવે કહે છે : ‘ગદ્યમાં કાવ્યત્વ અને લયનો સંબંધ ઘણીવાર કેટલો ગાઢ અને સ્વાભાવિક હોઈ શકે તેનો ખ્યાલ પ્રારંભક અને છતાં તેજસ્વી ગદ્યકારના લેખનમાંથી સહેજે આવી જાય છે.’ (શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ, ૨૦૦૫, પા.૭૫) દલપતરામનો ‘ભૂતનિબંધ’ ૧૮૫૦ના ઉત્તરાર્ધમાં પ્રગટ થયો છે. તો નર્મદે ‘મંડળી મળવાથી થતા લાભ’ નામનું ભાષણ પહેલાં મુંબઈમાં મોઢેથી આપ્યા પછી લખી કાઢ્યું હતું અને પિતા લાલશંકર પાસે શિલાછાપ માટે તૈયાર કરાવીને ૧૮૫૧ની આખરે પુસ્તિકા રૂપે પ્રગટ કર્યું હતું.

પહેલાં દલપતરામના ‘ભૂતનિબંધ’ના ગદ્યનો નમૂનો જોઈએ :

(અનુસંધાન પાન 7 પરેથી)

કોઈ દી સુખી નૉ થ્યા હો‘ વાર્તામાં થયેલા મરણના આઘાતને જીરવીને, હજ્જારો ભારતીયો જેવી અભાવની જિંદગીમાં પરમ સંતોષથી જીવતા એક કુટુંબની કથા છે જે દુ:ખની બીપીએલ રેખા ઉપર રહીને જીવે છે.

તો મિત્રો, આ છે મારી વાર્તાકાર તરીકેના કસબની અને વાર્તાકાર તરીકે જિંદગીને સામગ્રી તરીકે જોવાના દૃષ્ટિકોણની રચના પ્રક્રિયા અને કેફિયત. અસ્તુ.

જૂનાગઢ ખાતે ડિસેમ્બર ૨૩-૨૪-૨૫, ૨૦૧૧ના રોજ મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના છેંતાલીસમા અધિવેશનના સર્જન વિભાગ : સાહિત્યસ્વરૂપ - ટૂંકી વાર્તા અંગેની ત્રીજી બેઠકના અધ્યક્ષપદેથી આપેલું વક્તવ્ય

(ફોટો સદ્ભાવ : ‘વર્ડનેટ’, “મુંબઈ સમાચાર:, 29.12.2011)

[493/B/2, Sector - 6-B, GANDHINAGAR - 382 006, India]

‘ગુજરાતમાં ભૂતનો ભ્રમ ઊપજે છે, તેનું એક દૃષ્ટાંત છે, કે જેમ કોઈ એક ભોળો માણસ વનમાં ચાલ્યો જતો હતો. અને ત્યાં ઘણી ભયંકર જગ્યા જોઈને બીહીવા લાગ્યો, કે હમણાં અહીંયાથી વાઘ આવશે, કે પણેથી આવશે; તવામાં કોઈઝાડનાં પાનડાં ખખડયાં, એટલે જાણ્યું કે વાઘ આવ્યો; એટલે તરત મુઠિયો વાળીને પાછો નાઠો, તે નાસતે નાસતે પડી ગયો, તેથી તેનો દાંત પડયો, મોહોડામાંથી લોહી નીકળ્યું, હાથની કોણિયો ભાગિયો, ઢીચણ ભાગ્યાં, વળી બીહીકમાં ને બીહીકમાં તરત ઊઠીને નાઠો, તે પડતો જાય, ને પાછો તુરત ઊઠીને નાસતો જાય; તેવામાં તેને કોઈ બીજે માણસે દીઠો, ત્યારે તેણે સાદ કરીને કહ્યું, કે તું કેમ નાઠો જાય છે? તારે નાસનાર બોલ્યો, કે મારે પછવાડે વાઘ આવે છે.’ (‘ભૂતનિબંધ’, પાંચમી આવૃત્તિ, ૧૮૭૦)

અને હવે નર્મદના ‘મંડળી મળવાથી થતા લાભ’ના ગદ્યનો નમૂનો.

‘હરેક દેશને આબાદ થવાનાં કારણો ત્રણ છે. મંડળી મળવાનો સંપ્રદાય, વેપાર અને સ્વતંત્ર રાજ, પણ એ ત્રણનું મૂળ મંડળી અથવા સંપ છે. માટે ફરીથી કહું છું કે, પ્રાચીન તથા સારો છતાં આપણો દેશ સર્વ પ્રકારે તુટી ગયો છે. તેનું કારણ આ છે કે, આપણામાં મંડળી મળવાનો ચાલ ચાલતો આવ્યો નથી ને અતઃપર જો આપણા દેશી લોકો મંડળી મળવાનો ચાલ નહીં ચલાવે તો, થોડામાં ઘણું કહું છું કે આપણો દેશ જેટલો તુટી ગયો છે તેના કર્તાં અત્યંત વધારે તુટી બેહાલ થઇ, છેક ખરાબી ઉપર આવી જશે, એમાં કંઈજ શક નથી.’ (‘નર્મગદ્ય’ સં. રમેશ મ. શુક્લ, ૧૯૯૬)

આપણા ઘણાખરા અભ્યાસીઓએ માની લીધું છે કે ચણે તો ચકલી, નહીંતર મોર. એમ ગદ્યનો આરંભ કાં દલપતથી, નહીંતર નર્મદથી. કારણ આપણા સાહિત્યના ઈતિહાસલેખકોએ અને વિવેચકોએ ઝાઝી પંચાત કર્યા વગર એક પૂર્વધારણા સ્વીકારી લીધી છે કે ગુજરાતી સાહિત્યમાં અર્વાચીન યુગનો આરંભ નર્મદ-દલપતથી જ થયો. એટલે તેમના લેખનકાળ પહેલાં કે તેમના જન્મ કરતાં પણ પહેલાં જે કાંઈ લખાયું અને પ્રગટ થયું તેની વાત ભાગ્યે જ કોઈ કરે છે.

આનું એક પરિણામ એ આવ્યું કે અર્વાચીન કવિતા અને અર્વાચીન ગદ્યના આર્વિભાવ પાછળ રહેલી ભૂમિકાના તફાવત તરફ આપણું ભાગ્યે જ ધ્યાન ગયું છે. મધ્યકાલીન કવિતાની લાંબી, ભાતીગળ અને સમૃધ્ધ પરંપરાને કારણે કવિતાનું વાહન, પદ્યરચના, તો આરંભના અર્વાચીન કવિઓને માટે હાથવગું હતું. દેશીઓ, ગેય રચનાઓ અને સંસ્કૃત છંદોના તૈયાર માળખાનો ઉપયોગ જ નર્મદ, દલપતરામ તથા એમના જમાનાના બીજા નાના મોટા કવિઓએ મોટે ભાગે કર્યો છે. તેમની કવિતામાં જે અર્વાચીનતા પ્રતિબિંબિત થઈ છે તે નવા વિષયો અને નવી જીવનદ્રષ્ટિની છે. જયારે ગદ્યની બાબતમાં પરિસ્થિતિ જુદી હતી. વિષયો અને જીવનદ્રષ્ટિ નવાં હતાં એટલું જ નહીં, લિખિત ગદ્યનું કોઈ તૈયાર માળખું કે મૉડેલ લખનારા પાસે નહોતું. પદ્યમાં સંદેશો નવો હતો, સંદેશવાહક નહીં. જયારે ગદ્યમાં સંદેશો અને સંદેશવાહક, બંને નવા હતા, અજાણ્યા હતા, અને એટલે જ કદાચ કવિતામાં પહેલાં મૌલિક લેખન, અને પછી અન્ય ભાષાઓમાંથી અનુવાદ એવો જે ક્રમ જોવા મળે છે તેના કરતાં ઊલટો ક્રમ ગદ્યલેખનમાં જોવા મળ છે. ગદ્યના મૉડેલ માટે અંગ્રેજી, સંસ્કૃત અને ફારસી તરફ સ્વાભાવિક રીતે નજર ગઈ છે. આરંભનું ગુજરાતી ગદ્ય એ અનુવાદનું ગદ્ય છે અને તે પણ સર્જનાત્મક ગદ્યકૃતિઓ કરતાં વધુ તો બિન-સર્જનાત્મક કૃતિઓના અનુવાદનું ગદ્ય છે. સર્જનાત્મક કૃતિઓ માટે ગદ્યનો ઉપયોગ તો પ્રમાણમાં મોડો થયો છે. દલપતરામના ‘ભૂતનિબંધ’નું ગદ્ય તથા નર્મદના ‘મંડળી મળવાથી થતા લાભ’નું ગદ્ય મૌલિક ગદ્ય હોય તો ય તે સર્જનાત્મક ગદ્ય નથી જ નથી. બંને લેખકોના મનમાં એક વાત સ્પષ્ટ છે : પોતે જે કાંઈ લખી રહ્યા છે તે પોતાની ચોકકસ વાત લોકો સુધી પહોંચાડવા ખાતર લખી રહ્યા છે, સર્જનાત્મક કૃતિ માટે નહીં.

ગદ્યલેખનની બાબતમાં પહેલાં અનુવાદનું ગદ્ય અને પછી મૌલિક ગદ્ય એવો ક્રમ જોવા મળતો હોવા છતાં આપણા ઘણાખરા વિવેચકોનું વલણ અનુવાદના ગદ્યની ઉપેક્ષા કે અવગણના કરવાનું રહ્યું છે. મૌલિક ગદ્યલેખન એ જ ગુજરાતી ગદ્યલેખન એવો તેમનો આગ્રહ જોવા મળે છે. આની પાછળ એક કારણ એ હોવાનો પણ સંભવ છે કે આરંભકાળના ગદ્યાનુવાદો કાં પરદેશીઓએ, કાં

એરંડો

• સિતાંશુ યશશ્ચંદ્ર

આપણી ભાષાના ઉજ્જડ સીમાડે ઊભો છું હું,
એરંડો
ઝોડ જેવું ઝાડ છું, ભોંકાય તો લોહી કાઢે એવા કાંટા
ઉગાડી શકું છું ફળની સાથોસાથ,
મૂળિયાં મારાં ઊંડાં છે, ને મજબૂત,
ડાળીઓ દિશાઓની ભીંત ઉપર કોલસાના ગાંગડાથી ચીતરેલી છે.
સૂકીભઠ આ જમીનની અંદર
જળ ક્યાં છે
એની મને જાણ છે.
પાણીકળાઓ મારાં મૂળિયાંમાંથી લાકડીઓ બનાવી લે છે.
હાઈડ્રોલિક એન્જિનિયરો મારી પાસે ભણે છે.
પથરાઓ પાણીદાર છે, ધૂળ ને ઢેફાં યે ભીનાશવાળાં છે,
સૂરજે સળગાવી નાખેલા આભમાં ઝાકળજળ ક્યારે આવી પહોંચે છે,
ને આપણી આંખોમાં, એની
રજેરજ માહિતી મારી પાસે ન હોય
તો, તમે શું માનો છો? – હું આમ ટકી રહ્યો હોત
આપણી સમઝણના જોખમી છેવાડે?
સીમાડે ને છેવાડે જે આજે થાય છે
તે આવતી કાલે બગીચાઓમાં ને તુલસીક્યારાઓમાં થવાનું છે,
એ વાત કહેવા માટે હું આપણી ભાષાનો ઉપયોગ કરું છું.
ત્રિકાળજ્ઞાનીઓ વરસે એકવાર મારાં પાંદડા ચાવે છે, આંતરડા સાફ
કરી લે છે, ને પછી સારામાઠા વરતારા કરે છે.
વાણી વાપરવાની એ રીત આપણે ભૂલી ગયાં છીએ,
બલકે ગમતીલી ગફલતોમાં નાખી વાણીવિશારદોએ
એ આવડત સિફતથી સેરવી લેધી છે, આપણી પાસેથી.
“ગુજરાતી ભાષાનું શું થશે? “ – એવું પાછા પૂછે છે
આ વિશારદો.
આબાંવાડિયાં વઢાઈ ચૂક્યાં છે.
બચેલાં પર પાટિયાં લટકે છેઃ ફોર એક્સપોર્ટ ઓન્લી.
ગામ આખાનાં આંબાવાડિયાં વેચાઈ ચૂક્યાં છે.
જે કંઈ ઊગશે આપણે માટે એ હવે ગામની બહાર ઊગશે,
આપણી ઈચ્છાઓના અંત્યજવાસની જરાક આગળ.
કાંટાળી ડાળીઓ પર ઝૂલતાં રસભર્યાં ફળોનો સ્વાદ
આપણી જીભ એ રીતે જાણે છે
જે રીતે કોશેટાની ઈયળ ઊડવું કેમ એ જાણે છે
આવતી કાલે.
એ આવતી કાલની વાત આપણી બોલીમાં કેમ કરવી,
એ મને આવડે છે.
શીખવી હોય તો શીખવાડું,
મફતમાં,
તે સહેલી છે,
સહજ,
એરંડા જેવી.
એને ક્યાં ઉગાડવો પડે? સાચવવો પડે? સીંચવો પડે?
આફુડો ઊગે, ધરાર ઊગે, નિશ્ચે ઊગે આવતી કાલ જેવો-
જે આજ કરતાં જુદી હોય.
આજ કરતાં અલગ હોય એને જ આવતી કાલ કહેવાયને?
આજના જેવી જ આવતી કાલોની ટેવ આપણને પડી ગઈ છે, ક્યારની.
અજાણી આવતી કાલથી ડરવું શેનું? પતંગિયાથી, પંખીથી, નવજાત બાળકથી?
આજના છેક છેડે ચાલું છું હું, આગળ આગળ, બીજ બનીને, ઊડું છું,
અજાણી, ઉત્તેજિત કરતી, ધારદાર, પાણીદાર,
પિતા જેમ પડકારતી તોય મા જેમ પંપાળતી,
પથરાઓ ને પાણાઓથી ભરી ભરી,
એક આઘેની,
ઘણી આઘેની જગ્યા તરફ;
ચાલોને?

પાદરીઓએ, કે કાં પારસીઓએ કરેલા છે. અને આ બધાને તો આપણે સાહિત્યના મુખ્ય પ્રવાહથી અળગા રાખ્યા છે. પણ જો ગુજરાતી ગદ્યની વિકાસગાથા સમગ્ર રૂપે આલેખવી હોય તો આ અનુવાદકો અને તેમના અનુવાદના ગદ્યની નોંધ લીધા વગર ચાલે તેમ નથી. અર્વાચીન ગુજરાતી ગદ્યનું પગેરું શોધવા માટે ૧૮૫૦-૧૮૫૧થી પાછે પગે ચાલવાની જરૂર છે .

એ રીતે ચાલતાં ૧૮૪૪માં પ્રગટ થયેલાં બે પુસ્તક ખાસ ધ્યાન ખેંચે છે. તેમાંનું પહેલું મૌલિક નથી, પણ જેમ્સ બનિયનની પ્રખ્યાત કૃતિ 'ધ પિલિગ્રિમ્સ પ્રોગ્રેસ'ના પહેલા ભાગનો 'યાત્રાકરી' નામે થયેલો અનુવાદ છે. આ અનુવાદ કર્યો છે રેવરન્ડ વિલિયમ ફ્લાવરે. લંડન મિશનરી સોસાયટીના રેવરન્ડ ફ્લાવર ૧૮૩૯માં સુરત આવી સ્થાયી થયા હતા. બીજા મિશનરીઓની જેમ તેમણે પણ પહેલું કામ સ્થાનિક ભાષા – ગુજરાતી - શીખવાનું કર્યું. ખ્રિસ્તી સમાજમાં બાઇબલ પછી સૌથી વધુ જાણીતું અને વંચાતું કોઈ પુસ્તક હોય તો તે આ 'પિલગ્રિમ્સ પ્રોગ્રેસ'. પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયના પાદરીઓ જ્યાં જતા ત્યાં સ્થાનિક ભાષામાં પહેલાં બાઇબલનો અને પછી બનિયનના આ પુસ્તકનો અનુવાદ કરતા. ૧૮૪૪માં પહેલી વાર છપાયા પછી રેવરન્ડ ફ્લાવરના 'યાત્રાકરી'ની બીજી આવૃત્તિ ૧૮૭૭માં પ્રગટ થઈ હતી. તે પછી પણ આ અનુવાદ વખતોવખત છપાતો રહ્યો છે. સોરાબશા દાદાભાઈ મુનસફનાનો ૧૮૬૨માં પ્રગટ થયેલો ફ્રેન્ચ કથાનો અનુવાદ 'હિંદુસ્થાન મધ્યેનું એક ઝુંપડું' આપણી ભાષામાં અનુવાદિત થયેલી પહેલી નવલકથા મનાઈ છે. પણ આ 'યાત્રાકરી' તેના કરતાં ૧૮ વર્ષ પહેલાં પ્રગટ થઈ હોઈ એ માન ખરેખર તો તેને આપવું ઘટે .

'યાત્રાકરી'નું ગદ્ય જેની માતૃભાષા ગુજરાતી નહોતી એવા એક અંગ્રેજ પાદરીનું ગદ્ય છે. મૌલિક લેખન નહીં, અનુવાદમાં પ્રયોજાયેલું ગદ્ય છે. પણ નર્મદ-દલપતના ગદ્ય પહેલાંનું ગદ્ય છે. કથાના ઉઘાડરૂપ થોડો ભાગ જોઈએ :

'હું આ જંગલરૂપ દુનિયામાં ફરતો ફરતો એક જગ્યાએ જઈ પોંહોચ્યો; ત્યાં એક ગુફા હતી; તેમાં હું સૂઈ ગયો; હું ઉંઘતો હતો એટલામાં મને સમાણું આવ્યું. તે સમાણામાં મેં ફાંટાતુટાં લુંગડાં પેહેરેલો માણસ એક જગ્યામાં ઉભેલો જોયો. તેનું મ્હો પોતાના ઘરની ગમથી અવળું હતું; તેના હાથમાં પુસ્તક હતું, ને તેની પીઠ પર એક મોટો બોજ હતો. મેં તેને પુસ્તક ઉઘાડીને વાંચતાં જોયો, વાંચતાં વાંચતાં તે રડતો ને ધ્રુજતો હતો; પછી દુઃખ ન દાબી શકાયાથી તેણે મોટે ઘાંટે વિલાપ કરી કહ્યું; કે હું શું કરૂં.' (જોડણી મૂળ પ્રમાણે)

નોંધવા જેવી પહેલી વાત એ કે 'યાત્રાકરી'ની આ ભાષા તરજુમિયા લાગતી નથી. બીજી નોંધપાત્ર વાત ગદ્યની સરળતા અને પ્રવાહીતા. ત્રીજી નોંધપાત્ર વાત તે સમાણું. લૂગડાં (કપડાંના અર્થમાં), ગમથી, ઘાંટે જેવા બોલચાલના શબ્દોનો ઉપયોગ. ચોથી નોંધપાત્ર વાત તે 'દુઃખ'માં થયેલો વિસર્ગનો ઉપયોગ. રેવરન્ડ ફ્લાવરને માત્ર બોલચાલની ગુજરાતી જ નહીં આવડતી હોય, પણ સંસ્કૃત પ્રભાવિત 'શુદ્ધ' ગુજરાતીનો પણ તેમને પરિચય હશે. આથી જ મૂળ કૃતિમાં કથાના ખંડો માટે 'સ્ટેજ' શબ્દનો ઉપયોગ થયો છે તેને માટે અનુવાદકે 'અધ્યાય' શબ્દનો ઉપયોગ કર્યો હશે. ધર્મ કહો, કે અધ્યાત્મ કહો, કે ફિલસૂફી કહો – એનાથી સભર એક કૃતિનો અનુવાદ કરવાનું કૌવત રેવરન્ડ ફ્લાવરના ગદ્યમાં જરૂર છે .

દલપતરામનો 'ભૂતનિબંધ' ૭૪ પાનાંનો છે અને નર્મદનો લેખ 'મંડળી મળવાથી થતા લાભ' તો માંડ સાત પાનાંનો છે. જ્યારે ૧૮૪૪-૧૮૪૮માં પ્રગટ થયેલું પુસ્તક 'ચીનનો અહવાલ' લગભગ ૯૦૦ પાનાંનું છે. ૪૩૨ પાનાંનો પહેલો ભાગ ૧૮૪૪માં અને ૪૫૭ પાનાંનો બીજો ભાગ ૧૮૪૮માં પ્રગટ થયો હતો. બંને ભાગ બોમ્બે કુરિયરના પ્રેસમાં છપાયા હતા. કાવસજી સોરાબજી કાવસજી પટેલ ૧૮૪૧માં વેપાર અર્થે મુંબઈથી ચીન ગયા હતા અને લાંબો વખત ત્યાં રહ્યા હતા. પુસ્તકનો પહેલો ભાગ ૧૮૪૪ના નવેમ્બરની ૧૫મીએ મુંબઈમાં પ્રગટ થયો હતો. (પારસી પ્રકાશ, ૧૮૮૮, પા. ૪૪૦) આ પુસ્તકમાં પોતાના મુંબઈથી ચીન સુધીના પ્રવાસનું વર્ણન તો લેખકે કર્યું જ છે, પણ તે ઉપરાંત ચીનનાં ઇતિહાસ, ભૂગોળ, લોકો, તેમનાં સંસ્કૃતિ, ધર્મ, ભાષા, રીતિરિવાજ, વેપારવણજ, રાજ્યવ્યવસ્થા વગેરે અનેક બાબતો અંગે વિસ્તૃત જાણકારી આપી છે. આ પુસ્તકના લેખક કાવસજીએ સ્વદેશ પાછા ફર્યા પછી ૧૮૫૦ના ઑક્ટોબરની આઠમી તારીખથી "ચીતર ગનેઆંન દરપણ" નામનું દર મંગળવારે પ્રગટ થતું સાપ્તાહિક મુંબઈથી શરૂ કર્યું હતું. તેમાં 'દુનીઆંના અજાયેબ જેવા અને જોવા લાયક બનાવો'ની માહિતી તથા મહાપુરુષોનાં ચરિત્ર અને ચિત્રો આપવામાં આવતાં હતાં. જો કે ૧૮૫૧ના સપ્ટેમ્બરમાં તેમણે આ સાપ્તાહિક બહેરામજી ખરશેદજી ગાંધીને વેચી દીધું હતું. (પારસી પ્રકાશ, ૧૮૮૮, પા. ૫૫૫) ૧૮૮૪ના જૂનની પહેલી તારીખે ૭૨ વર્ષની વયે કાવસજી પટેલનુ મુંબઈમાં અવસાન થયું હતું. (પારસી પ્રકાશ, ૧૮૮૮, પા. ૧૨૦) કાવસજીના આ પુસ્તકની ભાષાનો નમૂનો જોઈએ. ચીની ભાષા વિષે તેઓ કહે છે :

'ચીનાંઇ બોલી દુનીઆમાં એક ઘણી જ પુરાતમ ભાશા છે, એટલું જ નહીં પણ તે અસલનાં વખતની એખલી એક જ જુબાન છે કે જે હજુર શુધી જીવતી રહેલી છે, ઇઆને બોલીઆમો આવે છે. ખરૂં છે કે જે લોકો તે બોલી બોલે છે, તેઓનાં જેવી જ તે અજાએબ અથવા જુદી જ તરાંહની છે, કંકે દુનીઆંની સંઘલી જાણીતી જુબાન સાથે તેને કશો સંબંદ નથી. તેમાં મૂલાખેરો નથી તથા તેને લખવાના અખરો સંઘલી પરકારે આપણાં જેવી જુબાનનાં અખેરોથી જુદી જ તરાંહનાં છે; અને તેઓને મોહોટી ચતરાઈથી ઉતપન કીધેલા છે.' (ચીનનો અહેવાલ, ભાગ ૨, ૧૮૪૮, પા. ૨૦૨. જોડણી મૂળ પ્રમાણે)

હા, આ પુસ્તક પારસી ગુજરાતીમાં લખાયું છે. તેથી 'શુદ્ધ' સંસ્કૃતમય ગુજરાતીના આગ્રહીને 'અશુદ્ધ' લાગે તેવી તેની ભાષા છે. તેમાં જોડાક્ષરો અને વિરામચિહ્નોનો ઉપયોગ ઓછો થયો છે. પણ 'ભૂતનિબંધ' અને 'મંડળી મળવાથી થતા લાભ' કરતાં ઘણું વહેલું પ્રગટ થયેલું આ પુસ્તક છે. એટલે મૌલિક ગુજરાતી ગદ્યલેખનનો પણ તે બંનેથી પહેલાંનો આ આવિર્ભાવ છે. આજ સુધી આપણે ૧૮૬૧માં પ્રગટ થયેલા ડોસાભાઈ ફરામજી કરાકા (૧૮૩૦-૧૯૦૨)ના 'ગરેટ બરીટન ખાતેની મુસાફરી'ને આપણી ભાષાનું પ્રવાસ વર્ણનનું પહેલું પુસ્તક માનતા આવ્યા છીએ. પણ હકીકતમાં તેના કરતાં ખાસ્સું વહેલું પ્રગટ થયેલું 'ચીનનો અહવાલ' એ માનનું અધિકારી છે.

આપણા કેટલાક અભ્યાસીઓ ગુજરાતી ગદ્યના પ્રારંભકનું માન નર્મદને આપે છે, પણ નર્મદ પોતે આ માન કેપ્ટન જર્વિસને આપે છે. 'ગુજરાતી ભાષા' નામના લેખમાં નર્મદ કહે છે: 'ગદ્યમાં લખેલું આપણી ભાષામાં કંઇ નથી. ગદ્યમાં કાગળો લખાતા ને દરબારમાં કામ ચાલતાં, પણ તે કેવી રીતનાં હતાં ને છે તે સહુને માલમ છે ને એ કંઇ ભાષા વિદ્યા ન કેહેવાય. ભાષા વિદ્યાને જન્મ આપ્યાનું પ્રથમ માન જેરવીસને છે ને સને ૧૮૨૮નાં વરસને ગુજરાતી ભાષા-વિદ્યાનો શક કહેવો જોઈયે, કે જે વરસથી ગદ્યમાં લખવાનું શરૂ થયું. ('નર્મગદ્ય' ખંડ ૧, સં. રમેશ મ . શુકલ, ૧૯૯૬, પા.૧૧૭) કોણ હતો આ 'જેરવીસ' ? એ હતો મુંબઈ ઇલાકાની સરકારનો એક બ્રિટિશ અધિકારી. ૧૭૯૪ના ઑક્ટોબરની છઠ્ઠી તારીખે મદ્રાસમાં જ્યોર્જ રિત્સો જર્વિસનો જન્મ. ૧૮૦૮માં બુલવિચ ખાતેની રોયલ મિલિટરી ઍકેડેમીમાં તેની કૅડેટ તરીકે પસંદગી થઈ. ત્યાર બાદ કૅડેટ ઑફ એન્જિનિયર્સમાં જોડાયો. ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સેમિનરીમાં ૧૮૧૧ના જૂનની દસમી તારીખે તે પાસ થયો અને ૧૮૧૧ના સપ્ટેમબરની છઠ્ઠી તારીખે તેણે પહેલી વાર મુંબઈમાં પગ મૂક્યો. મુંબઈ ઇલાકામાં વડોદરા રાજ્યમાં કામ કરતાં કરતાં તે ગુજરાતી ભાષાનો જાણકાર થયો. મુંબઈ ઇલાકાના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ ઍલ્ફિન્સ્ટને નેટિવ સ્કૂલ એન્ડ સ્કૂલ બુક સોસાયટી દ્વારા ગુજરાતી અને મરાઠીમાં શાલેય પાઠ્યપુસ્તકો તૈયાર કરી પ્રગટ કરવાનું નક્કી કર્યું ત્યારે તેણે કેપ્ટન જર્વિસને એ સોસાયટીનો સેક્રેટરી બનાવ્યો. શરૂઆતમાં તેણે પોતે ગુજરાતી અને મરાઠીમાં પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા. તેને નામે છપાયેલાં ૧૫ ગુજરાતી પુસ્તકોની અને ૧૩ મરાઠી પુસ્તકોની માહિતી આજે મળે છે. અલબત્ત, આમાંનાં ઘણાંખરાં પુસ્તકો અંગ્રેજી પાઠ્યપુસ્તકોના અનુવાદ હતા. ડૉક્ટર ચાર્લ્સ હટનના પુસ્તકનો જર્વિસે કરેલો અનુવાદ 'શિક્ષામાળા' ૧૮૨૮માં પ્રગટ થયો હતો એટલે નર્મદ એ વર્ષને મહત્ત્વ

આપે છે. આ પુસ્તક ૪૬૫ પાનાનું હતું. શરૂઆતનાં પાઠ્યપુસ્તકો સરકાર શિલાછાપ પદ્ધતિથી છાપતી તેથી બંને ભાષાના લહિયાઓને જર્વિસે નોકરીમાં રાખેલા. નર્મદના પિતા લાલશંકર દવેએ ગુજરાતી લહિયા તરીકે જર્વિસના હાથ નીચે મુંબઈમાં કામ કરેલું એટલે નર્મદ જર્વિસનાં પુસ્તકોથી પરિચિત હોય જ. ૧૮૫૧માં યુરોપની મુસાફરી દરમિયાન ઑક્ટોબરની ૧૪મીએ કૅપ્ટન જર્વિસનું અવસાન થયું .

પણ હકીકતમાં, જર્વિસનાં પાઠ્યપુસ્તકોના ગદ્ય કરતાં પણ પહેલાં પ્રગટ થયેલી ગદ્ય કૃતિઓ મળે છે. હા, એ મૌલિક કૃતિઓ નથી, અનુવાદ છે. પણ ૧૯મી સદીની પહેલી પચ્ચીસીમાં પણ ગુજરાતી ગદ્ય લખાતું અને છપાતું હતું એની ખાતરી આ પુસ્તકો જોતાં થાય છે. સંસ્કૃત સાહિત્યમાંથી પહેલવહેલો અનુવાદ છેક ૧૮૨૪માં થયો હતો એટલું જ નહીં, એ અનુવાદ એક પારસી નબીરાએ કર્યો હતો એ વાત આપણા સાહિત્યના ઈતિહાસ કે વિવેચનમાં કયાં ય નોંધાઈ નથી. આ પુસ્તકનું ગદ્ય જર્વિસનાં પાઠ્યપુસ્તકોના ગદ્ય કરતાં ય પહેલાંનું છે. એ પુસ્તક તે 'પંચોપાખીઆંન' નામે ૧૮૨૪માં પ્રગટ થયેલો પંચતંત્રનો અનુવાદ. આજે ભલે આ પુસ્તક સાવ ભૂલાઈ ગયું હોય, પણ ૧૯મી સદીમાં તે યુનિવર્સિટી ઑફ બોમ્બેમાં ગુજરાતીમાં પાઠ્યપુસ્તક તરીકે ભણાવાતું અને લોકપ્રિય પણ સારું એવું થયું હશે કારણ ૧૮૨૨, ૧૮૩૩, ૧૮૪૦, ૧૮૪૮, ૧૮૫૮, અને ૧૮૮૨માં તેની બીજી છ આવૃત્તિ પ્રગટ થઈ હતી. ૧૮૨૪ની પહેલી આવૃત્તિ મુંબઈમાં ફરદુનજી મર્ઝબાનજીના મુંબઈ સમાચાર છાપખાનામાં છપાયેલી. તેમાં કયાં ય અનુવાદકનું નામ છાપ્યું નથી. પણ ૧૮૨૨માં પ્રગટ થયેલી બીજી આવૃત્તિના ટાઈટલ પેજ પર આ પ્રમાણે છાપ્યું છે . Revised and corrected by Furdonji Murzbanjee. અલબત્ત, આ વાકયના બે અર્થ થઈ શકે. એક, બીજા કોઈએ કરેલો અનુવાદ ફરદુનજીએ સુધાર્યો હોય. બીજો અર્થ, પોતાનો જ અનુવાદ જે અગાઉ પ્રગટ થયો હતો તે ફરદુનજીએ પોતે સુધાર્યો-વધાર્યો હોય. બીજી આવૃત્તિ પર છાપ્યું છે. 'શ્રી મુમબઈ શમાચારનાં લેથોગરેફીક છાપામોં છપાઈ છે'.

પણ ફરદુનજી જેવા એક પારસીને હાથે પંચતંત્ર જેવા સંસ્કૃત ગ્રંથનો અનુવાદ થયો હોય એવું બને ખરું? ફરદુનજીનું જીવનચરિત્ર તેમના પૌત્ર કેકોબાદ બેહેરામજી મર્ઝબાને લખીને ૧૮૯૮માં પ્રગટ કરેલું. પોતાના પિતા, અને ફરદુનજીના એક પુત્ર, બેહેરામજીએ 'ભેગી કીધેલી નોંધો'ને આધારે આ પુસ્તક લખ્યું હોવાનું લેખકે જણાવ્યું છે. બારેક વર્ષની ઉંમરે ફરદુનજી 'એક પંડિત પાસે સંસ્કૃત ભાષાનો અભ્યાસ અસાધારણ ઉલટ સાથે કરવા લાગ્યા' તેમ આ પુસ્તકમાં કહ્યું છે. નાનપણમાં પિતા સાથે ઝગડો થતાં ફરદુનજી ઘર છોડીને નાસી ગયા હતા. આખો દિવસ ચાલ્યા પછી રાતે તેઓ એક ગામમાં પહોંચ્યા. ત્યાં શું થયું ? કેકોબાદ લખે છે: 'આ વેળાએ પણ વિદ્યા માતાના એ નાનકડા પણ સાચ્ચા પૂજારીએ નહિ ભૂખનો વિચાર કર્યો કે નહિ તરસને યાદ કીધી. લાગલા બગલમાંથી સંસ્કૃત ચોપડી કાઢી શ્લોકો લલકારવા માડયા. એક તો જુવાન લોહી અને બીજું પોતાને આ વેળાએ ઘણા જ દુ:ખી સમજતા હોવાથી એવા તો શૂર અને છટાથી સંસ્કૃત શ્લોકો ગાવા લાગ્યા કે થોડા વખતમાં એમની આસપાસ એક ટોળું ભેગું મળ્યું. બાર તેર વર્ષના એક ચીલબુલિયા અને તે પણ વળી એક પારસીને શુદ્ધ સંસ્કૃત શ્લોકો ભજતો જોઈ ગામડેના ભાઠેલાઓ તો ડંગ જ થઈ ગયા અને આ નાના પંડિતનું પાંડિત્ય જોઈ હરખાઈ ગયા.' બાર-તેર વર્ષની વયે સંસ્કૃત શ્લોકો કડકડાટ બોલનાર ફરદુનજી ૩૭ વર્ષની ઉંમરે પંચતંત્રનો અનુવાદ કરે તે ન માની શકાય એવું નથી.

પંચતંત્રના આ અનુવાદના ગદ્યનો નમૂનો જોઈએ (જોડણી મૂળ પ્રમાણે રાખી છે, પણ મૂળમાં વિરામચિહ્નો નથી તે અહીં ઉમેર્યાં છે અને શબ્દોને છૂટા પાડયા છે જેથી સમજવાનું સહેલું પડે.)

'ઉત્તર દેશ મધે મહીલા નામે નગર. તાહાં વરધમાન એહેવે નામે વાંણીઓ રેહતો હતો. તે ઘણો ધનવંત હતો. તોએ પણ તેહને એહવી ઈંછા થઈ જે ધન વધારૂં તો શારૂં. કહું છે: આ જગતમાંહે એહવું કંઈ જ નથી જે ધન થકી ન થાએ. તે માટે ડાહે પુરુષે ગાંઠે ધન કરવું. જેહને ગાંઠે ધન છે તેહને મીત્ર ઘણા, ભાઈ ઘણા. જગતમાં તે જ માણશ ને તેજ ડાહેઓ કેહવાએ છે. પઈશાવાલો છે તેહને પારકો હોએ તે પોતીકો થાએ છે, અને દલદરીને પોતીકો હોએ તે પણ પારકો થાએ છે. જેહને માન ન ઘટે તે માન પામે છે, અશ્તુતી જેહને ન ઘટે તેહની અશ્તુતી કરે છે. જેહની પાશે જઈએ નહી તેહની પાસે જાએ છે. એ શરવે ધનનો મહીમા જાણવો'. કોણ કહી શકશે કે દલપતરામના 'ભૂતનિબંધ'ના ગદ્ય કરતાં આ ગદ્ય ઉતરતું છે.

પણ પાછે પગે હજી થોડું ચાલી શકાય તેમ છે. રેવરન્ડ ફ્લાવરના 'યાત્રાકરી'ના સંદર્ભમાં અગાઉ લંડન મિશનરી સોસાયટીના સુરતના થાણાની વાત કરેલી. એ થાણું શરૂ કરનાર હતા રેવરન્ડ જેમ્સ સ્કીનર. ૧૮૧૫ના સપ્ટેમ્બરની ૧૬મી તારીખે તેમણે સુરતની ધરતી પર પહેલી વાર પગ મૂકયો. તેમના ઈંગ્લન્ડમાંના સહાધ્યાયી રેવરન્ડ વિલિયમ ફાઈવી થોડા દિવસ પછી સુરત પહોંચ્યા. ગુજરાતી ભાષા શીખી લીધા પછી બંનેએ બાઈબલના નવા કરારનો ગુજરાતી અનુવાદ કરવાનું શરૂ કર્યું. આ અનુવાદ માટે તેમણે સુરતમાં મુવેબલ ટાઈપ વાપરતું છાપખાનું શરૂ કર્યું. આજના ગુજરાત રાજ્યના વિસ્તારમાં શરૂ થયેલું આ પહેલું છાપખાનું. ૧૮૨૦માં શરૂ થયેલા આ છાપખાનામાં છપાઈને ૧૮૨૧ના જુલાઈમાં બાઈબલના નવા કરારનો અનુવાદ પ્રગટ થયો. જો કે કમનસીબે તે પછી ત્રણ જ મહિનામાં, ૧૮૨૧ના ઑક્ટોબરની 30મી તારીખે, સ્કીનરનું અચાનક અવસાન થયું. એટલે ફાઈવીનો ભાઈ ઍલેકઝાન્ડર સ્કોટલેન્ડથી સુરત આવ્યો અને બંને ભાઈઓએ સાથે મળીને બાઈબલના જૂના કરારનો અનુવાદ કર્યો. ૧૯૨૪માં તે છપાતાં સમગ્ર બાઈબલનો અનુવાદ ગુજરાતીમાં સુલભ થયો.

૧૮૨૧માં પ્રગટ થયેલા નવા કરારના અનુવાદના ગદ્યનો નમૂનો જોઈએ:

'હેરોદ રાજાના દાહાડામાં ઈહુદીઆના બીથલહમમાં ઈશુને જનમતી વેલા જુઓ જોશીઓ પુરવથી ઈરૂશાલંમમાં આવીને કહું કે ઈહુદીઓનો રાજા જનમો છે તે કાંહાં છે. કેમ કે પુરવમાં તેના તારાને જોઈને હમો તેની પુજા કરવાને આવા છઈએ.. એ શાંભલીને હેરોદ રાજા તથા તેની શાથે શઘલા ઈરૂશાલંમના ઘભરાઆ. તાહારે તેણે શઘલા મોટા ગોરોને તથા લોકોમાંથી પંડીતોને એકઠા કરીને તેઓને પુછું કે ખરીશટ કાંહાં જનમશે ? તેઓએ તેને કહું કે ઈહુદીઆના બીથલહમમાં, કેમ કે પેંગબરે એમ લખું છે કે ઓ ઈહુદીઆના બીથલહમ કંઈ ઈહુદીઆના શરદારોમાં નાંહાંનું નથી, કાં જે તાહારામાં એક શરદાર ઊતપંન થશે તે માહારા ઈશરાઈલ લોકો પર શરદારી કરશે. તાહારે હેરોદે જોશીઓને એકાંત તેડીને તેઓને શવીશતર પુછું કે તારો કાહારે દેખાઓ? ને તેણે તેઓને બીથલહમમાં મોકલતાં કહું કે જઈને તે છોકરાને શારી પઠે શોધો ને જાહારે તે જડે તાહારે મને ખબર કોહો કે હું પણ જઈને તેની પૂજા કરૂં.' (જોડણી મૂળ પ્રમાણે, વિરામચિહ્નો ઉમેર્યા છે.)

અહીં મુદ્રણમાં કયાં ય જોડાક્ષર વાપર્યા નથી, પણ ગદ્યને સ્થાનિક ઓપ આપવાનો પ્રયત્ન દેખાય છે. જોશી, પૂજા, ગોરો, પંડિતો જેવા શબ્દો સભાનતાથી વાપર્યા છે. 'સ' ને બદલે સર્વત્ર 'શ' જોવા મળે છે. પણ 'યાત્રાકરી'ના અનુવાદમાં જોવા મળતી સુરતી બોલીની છાંટ અહીં ભાગ્યે જ જોવા મળે છે. બાઈબલનો અનુવાદ કરવાનું આજે પણ સહેલું નથી. જેમની માતૃભાષા ગુજરાતી નહોતી એવા બે પાદરીઓએ સુરતમાં આવ્યા પછી લગભગ છ વર્ષમાં ગુજરાતી ભાષાની એટલી જાણકારી મેળવી કે તેઓ બાઈબલનો અનુવાદ કરી શકયા તે હકીકત અત્યંત નોંધપાત્ર ગણાય.

બે પરદેશી પાદરીઓએ બાઈબલનો અનુવાદ કર્યો તે પહેલાં અનુવાદના ગદ્યનાં બીજાં બે પુસ્તક મળે છે. તેમાંનું એક છે 'મોગલાઈ ઊનાની હકીમ લોકોનો ઊહવાલ તથા તે લોકોની નશીહતો'. 'શ્રી મુમબઈ મધે મોબેદ ફરદુનજી મરઝબાનજીના કારખાનામાં' છપાઈને ૧૮૧૮ના જુલાઈની બીજી તારીખે ૩૮૨ પાનાનું આ પુસ્તક પ્રગટ થયું હતું. તેના ટાઈટલ પેજ પર અનુવાદકનું નામ છાપ્યું નથી. પણ પુસ્તકને આરંભે 'દીબાચો તરજુમાના કરનારનો જોડેલો' મૂકયો છે તેના લખાણમાં પોતાનું નામ 'કમતરીન ખાકસાર મુનશી ડોશાભાઈ મોબેદ શોહરાબજી ભરવચી' આપ્યું છે . દીબાચામાં તેઓ કહે છે .

'હવે એ કેતાબનાં વાંચનારા નેકબખ્ત બેહેદીન લોકોથી ઉમેદ એ રાખ્યુચ જે એ મોબારક કેતાબને શારી પખે શમજીને વાંચે. કાંએ જે એ કેતાબમાં હકીમ લોકોનાં શખુન છે તે ઘણાં બારીક તથા પેચદાર છે. તે એકવાર વાંચેઆથી શમજણમાં આવશે નહીં. વાશતે ધીરજથી શારી પખે ગોઠવીને તથા પતેપત જુદું કરીને વાર વાર વાંચેઆથી શમજણમાં આવશે.' મુખ્યત્વે પારસીઓ માટેનું આ પુસ્તક પારસી જબાનમાં લખાયું છે છતાં આજે ૧૯૩ વર્ષ પછી પણ તેની ભાષા આપણને સમજણમાં આવે તેવી છે.

અર્વાચીન ગુજરાતી ગદ્યના નમૂના શોધવા માટે ૧૮૫૦-૫૧થી પાછે પગલે ચાલીને કરેલી જાતરાનો હવે છેલ્લો મુકામ. ફરી મુંબઈ, ફરી ફરદુનજી મર્ઝબાનજીનું છાપખાનું. ૪૧૦ પાનાંનું પુસ્તક છે 'દબેસ્તાનુલ મઝાહેબ'. સોમવાર, તારીખ ૨૫મી ડિસેમ્બર, ૧૮૧૫ના રોજ છપાયું, આજથી બરાબર ૧૯૬ વર્ષ પહેલાં. અનુવાદ પણ ફરદુનજી મર્ઝબાનજીએ પોતે જ કરેલો. છાપતાં પહેલાં અનુવાદ બીજા જાણકારો પાસે તપાસાવી લેવાનું આજે પણ આપણે જરૂરી સમજતા નથી. ફરદુનજી પોતે ફારસીના સારા જાણકાર હતા, છતાં આ પુસ્તક છાપતાં પહેલાં તેમણે એક નહીં, પણ ત્રણ-ત્રણ જાણકારો પાસે પોતાના અનુવાદની ચકાસણી કરાવી હતી. મુંબઈ સરકારના પર્શિયન સેક્રેટરી ટી.આર. ગુડવિન, રેકોર્ડર કોર્ટના ટ્રાન્સલેટર જોન ટેલર અને મુલ્લા ફિરોઝ બિન કાઉસ, એમ ત્રણ જાણકારોનાં પ્રમાણપત્ર મેળવ્યાં હતાં કે 'તરજુમો ખરો અને સહી છે' અને એ પ્રમાણપત્રો પોતાના દીબાચામાં આમેજ કર્યા હતા. શહેનશાહ અકબરના શાસનકાળ (૧૫૫૬ થી ૧૬૦૫) પછી ૧૬૫૫માં લખાયેલા આ ગ્રંથમાં એ વખતના હિન્દુસ્તાનમાં પ્રચલિત બધા ધર્મોનું વિગતવાર વિવરણ કર્યું છે. પહેલા ખંડમાં પારસીઓના ધર્મનો સમાવેશ થાય છે. ફરદુનજીએ આ પહેલા ખંડનો જ અનુવાદ કર્યો છે. આ પુસ્તકના ગુજરાતી ગદ્યનો એક નમૂનો જોઈએ:

'અને કેહે છે જે ઈનશાંનની પેદાએશ માલુમ નથી જે કીઆ દાહડાથી ઈનશાંન પેદા થાએલાં છે. અને એ જ મેશાલે પેદાએશનો છેડો અને અંત નથી ઈઆને એ જ રીતે આદમીની પેદાએશ હમેશાં ચાલેઆ કરશે અને હેનાં છેડાની બી કાંઇ ગણતી અને શુમાર આવતો નથી. "(આંમીગશતાંન) કેતાબ માંહાં એમ લખેલું છે જે તે વખતમાં ખાવું તથા પીવું તથા પેહેરવું તથા હોડવું એ વગેરે શરવે કાંઇ થોડું હતું . જે કાંઇ ખોદાએતાલાની બખશેશથી આપણાં વખતમાં છે તેહવું કાંઇ તે વખતમાં નહીં હતું. અને તે વખતમાં શેહરો બનાવાનો કાઇદો તથા પાદશાહી તથા હકુમત તથા વેપાર તથા દીન ધરમ તથા એલમ તથા હેકમત એ કાંઇ હતું નહીં.'

૧૮૧૫ પહેલાં છપાયેલું માત્ર એક જ ગુજરાતી પુસ્તક આજે જોવા મળે છે - ૧૮૦૮માં પ્રગટ થયેલું ડૉ. રોબર્ટ ડ્રમન્ડનું 'ઇલસ્ટ્રેશન્સ ઑફ ધ ગ્રામેટિકલ પાર્ટસ ઑફ ધી ગુજરાતી, મરાઠી ઍન્ડ ઇંગ્લિશ લેંગ્વિજસ'. પણ મુખ્યત્વે વ્યાકરણના આ પુસ્તકમાં સળંગ ગુજરાતી ગદ્યનો ઉપયોગ થયો નથી.

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં છપાયેલાં પુસ્તકો વિષેની આપણી જાણકારી એટલી ઓછી, આછી, અધૂરી અને અપૂરતી છે કે અહીં જેમને વિષે વાત થઈ શકી છે તે ઉપરાંત બીજા મહત્ત્વના ગદ્ય ગ્રંથો પ્રગટ થયા હોય એવો પૂરેપૂરો સંભવ છે. જ્યાં પુસ્તકો જ જોવા નથી મળતાં ત્યાં સામયિકોની ફાઇલો જોવાની તો વાત જ ક્યાં કરવી? પણ ૧૮૪૦ના સપ્ટેમ્બરથી નવરોજી ફરદુનજીએ શરૂ કરેલું માસિક "વિદ્યાસાગર", ૧૮૪૯ના જુલાઈથી મુંબઈની જ્ઞાનપ્રસારક મંડળીએ શરૂ કરેલું "ગનેઆંન પરસારક", ૧૮૫૦ના જાન્યુઆરીથી સોરાબજી શાપુરજી બંગાળીએ શરૂ કરેલું "જગત મીતર" જેવાં સામાયિકો કેવળ પદ્ય છાપીને નભતાં ન હોય. આ ત્રણે સામયિકોમાં ગદ્ય લખાણોનું પ્રમાણ જ વધુ રહેતું હોય તે એમનાં નામ જોતાં પણ સમજાય તેમ છે. પણ ઘણા પ્રયત્નો કરવા છતાં આમાંનું એકે સામયિક જોવાનું બની શક્યું નથી. એટલે અહીં તો ૧૮૫૦ થી ૧૮૧૫ સુધીનો પ્રવાસ પાછે પગે કરતાં જે થોડી અપૂજ, અવાવરુ, અજાણી ગ્રંથમૂર્તિઓનાં દર્શન થઈ શક્યાં તેની ઝાંખી કરાવવાનો પ્રયત્ન કર્યો છે. પણ એક વાત નક્કી છે રેવરન્ડ વિલિયમ ફ્લાવર, રેવરન્ડ જેમ્સ સ્કીનર અને રેવરન્ડ વિલિયમ ફાઇવી જેવા પાદરીઓ, કૅપ્ટન જર્વિસ જેવા પરદેશી અધિકારીઓ, અને કાવસજી સોરાબજી કાવસજી પટેલ, ડોસાભાઈ સોરાબજી મુનશી અને ફરદુનજી મર્ઝબાનજી જેવા પારસીઓએ અર્વાચીન ગદ્યની ભોંય ભાંગવાનું કામ કર્યું છે. અર્વાચીન મરાઠી ગદ્યનો આરંભ પણ પરદેશી અધિકારીઓ અને પાદરીઓને હાથે જ થયો છે. મરાઠી સંશોધકો અને વિવેચકોએ તેમના પ્રદાનનો આદર કર્યો છે અને તેની ચર્ચા-સમીક્ષા કરતાં પુસ્તકો લખ્યાં છે. જ્યારે આપણે પરદેશીઓ અને પાદરીઓ ઉપરાંત પારસીઓના પ્રદાનની પણ અવગણના કરી છે.

***

જૂનાગઢ એટલે ગુજરાતી કવિતાની જન્મભૂમિ. અને ત્યાં આવીને વાત કરી તો કહે કવિતાની નહીં પણ ગદ્યની. જૂનાગઢ એટલે નાગર નરસિંહની કર્મભૂમિ, પણ વાત કરી તો નાગરની નહીં, પણ પરદેશીઓ, પાદરીઓ અને પારસીઓની. 'એવા રે અમો એવા રે' બીજું શું કહીએ? વિવેચન-સંશોધનની આ બેઠકમાં જે થોડી વાતો કરી તેમાં વિવેચન હતું, સંશોધન હતું, બંને હતાં કે બેમાંથી એકે નહોતું એ નક્કી કરવાનું કામ આપ સૌનું. આટલી શાંતિ અને સહનશીલતાથી આવી અજાણી કે ઓછી જાણીતી વાતો સાંભળી એ માટે આપ સૌનો આભાર. અને આ બેઠકનો વડો નિશાળિયો બનાવ્યો તે માટે ગુજરાતી સાહિત્ય પરિષદનો તથા તેના સૌ હોદ્દેદારોનો આભાર.

જૂનાગઢ ખાતે ડિસેમ્બર ૨૩-૨૪-૨૫, ૨૦૧૧ના રોજ મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના છેંતાલીસમા અધિવેશનના વિવેચન-સંશોધન વિભાગના અધ્યક્ષપદેથી આપેલું વક્તવ્ય

[55, Vaikunth Co-operative Society, Lallubhai Park, Andheri (West), MUMBAI - -400 058, India]

બે ટૂંકી નઝમ

• દીપક બારડોલીકર

લો ખંખેરી દઉં ઝોળી આ જીવનની
તમારું હોય જે બાકી ઉપાડી લો
છતાંયે થાય ના સંતોષ તો લોકો
આ કપડાં શું, કફન સિક્કે ઉતારી લો

ને હો ઈચ્છા, કરો આ દેહના કટકા
કે બાકી ના રહે અરમાનના ચટકા

(૨)

સતત સંતાપઘાણીમાં પીલાયો, પણ
કટોરો ધૈર્યનો ચૂવા નથી દીધો
ભલું થાજો આ દુનિયાનું ભલે 'દીપક'
મને આરામથી સૂવા નથી દીધો

હવે ઓ મોત, ખોળામાં ભલે લઈ લે
ને મારી મા સમી એક તું બકી દઈ દે

[136 Stamford Street, Old Trafford, MANCHESTER M16 9LR, U.K.]

હું નથી હું

• 'બાબુલ'

હું નથી હું
હું તો આ છું
ચાલે એ મારી પડખે
ને હું જોઈ ના શકું
ક્યારેક જેને મળું
તો ક્યારેક પાછો ભૂલું
હોય જે ખામોશ જો હું વદું
કરે એ માફ જ્યારે ઘૃણા કરું
વિહરે એ બારે જો હું ઘરમાં રહું
રેશે એ અકબંધ ખડો, હું જો મરું.

યુંઅન રામોન જીમેનેઝ (Juan Ramon Jimenez) ના કાવ્ય I am not I નો અનુવાદ

e.mail : drvision@gmail.com

યુ.કે. બાઈટ્સ : Ubiquitous UK

• ચિરાગ ઠક્કર 'જય'

ચિરાગ ઠક્કરનો 'અભિન્ન' નામે રસપ્રદ બ્લૉગ છે. છએક વરસ પહેલાં વિલાયતમાં નસીબ અજમાવવા આવેલા ચિરાગભાઈએ કેટલુંક મજેદાર નિરીક્ષણ કર્યું છે. સર્વવ્યાપે આમાંના કેટલાક તણખા 'અભિન્ન'માં જોવા મળે છે. વાચકોને આ સઘળું રસપ્રદ બની રહે, સમજી, અહીં સાદર લઈએ છીએ : તંત્રી

અહીં લંડનમાં સવાર અને સાંજ એક-એક વર્તમાનપત્ર વિના મૂલ્યે વહેંચવામાં આવે છે. સવારે "મેટ્રો" અને સાંજે "ઇવનિંગ સ્ટાન્ડર્ડ". બંનેના કલેવર અલગ-અલગ છે પણ બંનેના 'ટારગેટ રીડર્સ' સમાન જ છે, અને તે છે કમ્યુટર્સ (આપણી ગુજરાતીમાં રોજે-રોજ નોકરી માટે જન-પરિવહનમાં 'સફર' કરનારા 'અપ- ડાઉનિયા'). આ બંને વર્તમાનપત્રો સોમવારથી શુક્રવાર જ પ્રકાશિત થાય છે. કારણ કે મહત્તમ 'કમ્યુટર્સ' પણ તે પાંચ દિવસ જ હોય છે. "મેટ્રો" તો ઘણાં વર્ષથી વિના મૂલ્ય ઉપલબ્ધ છે; અને ઘણું જ લોકપ્રિય પણ ખરું. તેમાં તમામ પ્રકારના વાંચકોને રસ પડે તેવા વિવિધ સમાચાર છપાતા રહે છે. તે 'ટેબ્લોઇડ' સ્વરૂપે કાગળ પર, ઈ-પેપર સ્વરૂપે ઈન્ટરનેટ પર અને એપ્લિકેશન તરીકે આઈફોનમાં મળી રહે છે. તેમાં ૨૧ ફેબ્રુઆરીથી ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૧ દરમિયાન છપાયેલ રસપ્રદ સમાચારો :

• પાંચેય દિવસ પ્રથમ પૃષ્ઠ પર લિબિયા અને કર્નલ ગદ્દાફી જ છવાયેલા રહ્યા. જો કે ન્યુઝીલેન્ડના ભૂકંપનો એક ફોટો આવ્યો ખરો, પણ મુખ્ય સમાચાર તો લિબિયાના જ રહ્યા. ગદ્દાફીના રાષ્ટ્ર જોગા સંબોધનને બધાએ કેટલી 'ગંભીરતા'થી લીધું તેને લગતું એક કાર્ટૂન.

'Trust me'

• અહીં ઘરમાં ટી.વી. રાખવા માટે લાયસન્સ લેવું પડે છે(!?) અને સામે તમને જાહેરાતોના ધોધમાંથી શક્ય એટલા બચાવવામાં આવે છે તેવો બી.બી.સી. - 'બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કૉર્પોરેશન'નો દાવો છે. હમણાં એવા સમાચાર આવ્યા કે હવે ખાનગી ચેનલો ચોક્કસ પ્રકારના કાર્યક્રમો દરમિયાન પ્રતિ કલાક ૭ના બદલે ૧૨ મિનિટ જાહેરાતો બતાવી શકશે. ભારતમાં દર્શકોના હિત સાચવતો આવો કોઈ કાયદો ખરો?

And now, a much longer word from our sponsors

By Joel Taylor

Pram rage thug drags mother off bus

• British FTSE-100 સમૂહમાં આવતી કંપનીઓએ એવું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે ઇ.સ. ૨૦૧૫ સુધીમાં તેમના ઉચ્ચ અધિકારીઓમાં ૨૫% સ્ત્રીઓ હોવી જ જોઈએ. ભારતના ૩૩% સ્ત્રી અનામત વિધેયક જેવું લાગે છે ને?

METRO Friday, February 25, 2011

Top boards 'should be quarter female'

By Ross McGuinness

AT LEAST a quarter of all board members at top companies should be women, a government-commissioned review urged yesterday.

British FTSE-100 groups should set 'radical' targets to have more female directors by 2013 and to hit the one-in-four mark by 2015, said former trade minister Lord Davies.

Companies should announce their aims within the next six months, he added, but he did not call for quotas, unless voluntary measures failed. Lord Davies said: 'Eighteen FTSE-100 companies have no female directors and nearly half of FTSE-250 companies do not have a woman in the boardroom.

'Radical change is needed in the mindset of the business community if we are to implement the scale of change that is needed.'

He said his suggestions were not only about equal opportunities but also improving performance, adding: 'There is growing evidence diverse boards are better boards.'

Lord Davies said women made up only 12.5 per cent of directors in FTSE-100 companies last year and 7.8 per cent in FTSE-250 businesses.

Confederation of British Industry president Helen Alexander said: 'The lack of women at board level needs addressing urgently and the best way of achieving this is through companies reporting on their progress.'

પ્રતિ વર્ષ નવેમ્બર માસમાં બ્રિટિશ શહીદોની યાદમાં 'પોપી'સ અપીલ ડે' ઉજવાય છે અને લોકો પોતાનાં વસ્ત્ર પર કુદરતી કે કૃત્રિમ પોપી (એક પ્રકારનું ફૂલ - ખસખસનાં છોડે ઊગતું ફૂલ?) લગાવે છે. વર્ષ ૨૦૦૯માં કેટલાક મુસ્લિમોએ તેનો વિરોધ કર્યો હતો અને ઉશ્કેરણીજનક સૂત્રોવાળા પોસ્ટરો જાહેરમાં પ્રદર્શિત કર્યા હતાં. તેમાંની ચાર વ્યક્તિઓ પર જનતામાં ઉશ્કેરણી ફેલાવવા બદલ અને ભેદભાવભર્યું વર્તન કરવા માટે કેસ દાખલ થયો હતો. પાછળથી એ વાત બહાર આવી કે એ ચારેય વ્યક્તિઓ અહીંની સરકાર જોડેથી વિવિધ પ્રકારની નાણાંકીય મદદ (અહીંની ભાષામાં Benefits) મેળવીને જ જીવતા હતા, કોઈ નોકરી-ધંધાની આવક પર નહિ. જે થાળીમાં ખાવું, તેમાં જ થૂંકવું! તેમને જો આટલું બધું લાગી આવતું હોય તો તેમના દેશમાં પાછા જઈને ત્યાં કોઈ નક્કર પરિવર્તનો લાવવાની દિશામાં કામ કેમ નથી કરતાં?

Islam poppy-burning demo 'sickened me'

By Fred Attewill

• એક રસપ્રદ સમાચાર એવા પણ હતાં કે એક ૯૬ વર્ષની અમેરિકન મહિલા (ડોસી લખાય તેમ નથી, કારણ કે તે શબ્દ સમાચારને અનુરૂપ નથી!) રૂપજીવિની તરીકે કામ કરીને વર્ષના £૫૦,૦૦૦ (એટલે કે લગભગ રૂ. ૩૫ લાખ) કમાય છે અને તેનો પાછલા ૬૦ વર્ષનો ઈતિહાસ પણ છાપ્યો છે. તે એક કૉલના £૮૦૦ લે છે. અહીં પાંચ દિવસ ફુલ-ટાઈમ કામ કરનાર સરેરાશ વ્યક્તિની માસિક આવક, કર-કપાત પછી, £૮૦૦ની આસપાસ હોય છે, તે જાણકારી માટે.

24 METRO Wednesday, February 23, 2011

At 96, Milly's making £800 a time for sex

By Hayden Smith

A WOMAN who first worked as a prostitute after World War II still rakes in £50,000 a year from her sex services – aged 96.

Milly Cooper claims she has slept with 3,500 men and has regular clients aged between 29 and 92, who pay up to £800 a time to be with her.

Briton Ms Cooper started work as an escort in the US after her husband died during the war in 1945.

She had moved to Las Vegas from her home in east London to be with the wealthy American but was left with a baby daughter and no regular means of income.

After working as an escort, she became a madam, handling bookings for ten girls, and continued in this line of work when she married her second husband.

But after a 25-year break from providing personal sex services, she got back in the saddle and has never looked back.

'Nowadays, the girls have vast boobs and skinny bodies and parade around half-naked,' said Ms Cooper.

'In my day, we would call those girls trollops. The industry's become mucky. At least I am maintaining standards. I always dress elegantly and my clients are gentlemen.'

'I maintain standards – clients are gentlemen'

આ વખતનો વર્લ્ડ-કપ

આ વખતનો વર્લ્ડ-કપ મારા માટે અલગ છે. છેલ્લા વર્લ્ડ-કપ વખતે હું અતિ-વ્યસ્ત હતો માટે એક પણ મેચ જોઈ નહોતી. (સારું થયું.) પણ આ વખતે આપણી મોટા ભાગની મેચ વીક-એન્ડમાં છે, અને હું ત્યારે ઘરે જ હોઉં છું. ઉપરાંત ઈન્ટરનેટ પર સ્ટ્રીમીંગ પણ સરળતાથી જોવા મળી જાય છે.

બીજી નવી વાત એ છે કે અત્યારે હું જ્યાં કામ કરુ છું ત્યાં ભારતીય ઉપરાંત બાંગ્લાદેશી, પાકિસ્તાની, શ્રીલંકન, વેસ્ટ-ઈન્ડિયન, કેન્યન, ઈંગ્લિશ અને આઈરીશ વ્યક્તિઓ પણ છે. માટે ત્યાં પહોચતા જ અલગ-અલગ દેશના સમર્થક સાથે વાતો કરવાનો મોકો મળે છે અને નવી-નવી વાતો જાણવા મળે છે. બાંગ્લાદેશી મિત્રો આ વખતે ખૂબ ઉત્સાહમાં છે અને તેમને પૂરો વિશ્વાસ છે કે તેમનો દેશ બીજા-તબક્કામાં તો જરૂર પહોચશે. પાકિસ્તાની મિત્રોની વાતો લાક્ષણિક હોય છે. જીતે તો 'અચ્છા ખેલે' અને હાર્યા તો 'મેચ ફિક્સ હૈ!'. મતલબ કે તેમને બુકી સિવાય કોઈ ટીમ હરાવી શકે નહિ! શ્રીલંકનો ભાગ્યે જ તેમના દેશની ટીમ માટે સારુ બોલે છે કારણ કે તેઓ તમિલ છે અને ટીમના મોટા ભાગના ખેલાડીઓ સિંહાલી છે. વેસ્ટ-ઈન્ડિયન અને કેન્યન મિત્રો તેમની ટીમના પ્રદર્શનથી નિરાશ છે અને કદાચ આ પેઢીને ક્રિકેટમાં તેટલો રસ નથી. ઈંગ્લિશ મિત્રોનું પણ એવું જ છે. તેમને ફૂટબોલમાં છે તેનાથી દસમાં ભાગનો પણ રસ ક્રિકેટમાં નથી. આઈરીશ મિત્રને તો એ પણ ખબર નહોતી કે તેમની આંતરરાષ્ટ્રીય સ્તરની એક ક્રિકેટ-ટીમ છે અને તેઓ આ વર્લ્ડ-કપમાં રમવાના છે. જ્યારે એક ઈટાલિયન મિત્રને તો ક્રિકેટ જોઈને નવાઈ લાગી હતી કે 'આ રમત તો વિચિત્ર છે. કંઈ ખબર જ નથી પડતી ને!'

(21-2-'11 to 25-2-'11)

•

આ સપ્તાહ પાંચેય દિવસ મુખપૃષ્ઠ પર અલગ-અલગ મુદ્દા રહ્યા. સોમવારે મહિલા અને પુરુષના કાર-ઈન્સ્યોરન્સનો મુદ્દો, મંગળવારે ગદ્દાફી પર હુમલો કરવા (અમેરિકાના વાદે) બ્રિટિશ સૈનિકો તૈયાર છે-ના સમાચાર, બુધવારે પેટ્રોલમાં ભાવ વધારાના કારણે ફરવા જવાનો ખર્ચ વધારે થશેની વાત હતી, ગુરુવારે એક બાળકને જીવીત રાખવા ત્રણ દિવસ ફ્રોઝન અવસ્થામાં રાખવામાં આવ્યાની હ્યુમન-ઈન્ટરેસ્ટ સ્ટોરી હતી, તો શુક્રવારે અહીં મળતી (માત્ર) આઠ રજાઓમાંના એક ફેરફારની વાત હતી.

Euro ruling may leave women drivers facing £9,000 more on premiums

By John Higginson

D-day for cheap car insurance

Turn to Page 7

જનતા જનાર્દનને લિબિયા કરતાં વધારે સ્પર્શતા કાર-ઈન્સ્યોરન્સના પ્રશ્નમાં વધુ રસ હતો. બન્યું એવું કે અહીં એક જોડિયા ભાઈ-બહેને કાર-ઈન્સ્યોરન્સ માટે અરજી કરી. બંનેની ઉંમર અને અનુભવ સમાન જ હતાં, છતાં કંપનીએ તેમને અલગ-અલગ પ્રિમિયમ ભરવાનું કહ્યું, જેને તેઓએ ભેદભાવ ગણ્યો અને તેના વિરુદ્ધ કેસ કરવામાં આવ્યો. કંપનીઓનું કહેવું એવું છે કે સ્ત્રીઓ કાર ચલાવે છે પણ ઓછી, અને અકસ્માત પણ ઓછા કરે છે. માટે તેમનું પ્રિમિયમ ઓછું છે. હવે યુરોપિયન-કોર્ટના ચુકાદા બાદ, વર્ષે દહાડે સ્ત્રીઓને £૧૦૦ થી £૯,૦૦૦ વધારે ભરવાના થશે.

- લોકોના ખિસ્સામાંથી પાઉન્ડ જવાના હોય, અને તેઓ બોલે નહિ એમ તો કેમ બને? મંગળવારથી તેના વિષે જનતાએ વર્તમાનપત્રને વિવિધ પ્રતિભાવ ઈ-મેલ દ્વારા મોકલવા માંડ્યા. પુરુષોનો પ્રતિભાવ એમ હતો કે આ તેમને વર્ષોથી થયેલા અન્યાયનું તર્પણ છે. સ્ત્રીઓનું ડ્રાઈવિંગ સલામત નહિ પણ ઓછું હોય છે, માટે તેમના અકસ્માત ઓછા થાય છે. અને જ્યારે ફાયદો લેવાનો આવે, ત્યારે 'લેડીસ ફર્સ્ટ' કહીને આગળ આવતી સ્ત્રીઓ આમાં કેમ આગળ નથી આવતી. જ્યારે સ્ત્રીઓનું કહેવું એમ છે કે આંકડા તેમની તરફેણમાં છે માટે તેમને ઓછું પ્રિમિયમ આવે છે. ઈન્સ્યોરન્સ કંપનીઓને પ્રિમિયમ વધારવાનું બહાનું મળી જશે. મંગળવારના પ્રતિભાવ, બુધવારના પ્રતિભાવ, ગુરુવારના પ્રતિભાવ, શુક્રવારના પ્રતિભાવ. …

યુનાઈટેડ કિંગ્ડમમાં વર્ષ દરમિયાન માત્ર આઠ જાહેર રજાઓ હોય છે. (ગુજરાતમાં કેટલી છે?) તેમાંની એક રજા મે મહિનામાં આવે છે અને દુનિયાના ઘણા દેશ (ભારત સમેત) તેને 'મે-ડે' તરીકે ઊજવે છે. તેને ઘણા લોકો સામ્યવાદી વિચારધારાને લગતી રજા પણ ગણતા હોય છે. હવે એવી દરખાસ્ત કરવામાં આવી કે આ 'મે-ડે'ની રજા રદ્દ કરી, તેના બદલે, એપ્રિલમાં 'સેંટ જ્યોર્જ ડે' પર કે ઑક્ટોબરમાં 'ટ્રફાલ્ગર ડે' નિમિત્તે રજા આપવી. જ્યારે જનતા-જનાર્દન કહે છે કે આખા યુરોપમાં સૌથી ઓછી રજા આમ પણ યુ.કે.માં જ છે, તો 'મે-ડે'ને રદ્દ કરવાને બદલે એક વધારાની રજા આપો ને.

May Day mayday!

Bank holiday could be moved to October

By Tariq Tahir

MAY Day could be scrapped as a bank holiday in favour of St George's Day in April or Trafalgar Day in October.

The idea is being mooted today by ministers, who say moving the holiday to April 23 would get the tourist season off to an earlier start.

Alternatively, shifting it to October would keep the season going longer, they say.

But the proposal has been condemned as an attack on what has been a traditional English day of celebration.

Len McCluskey, general secretary of the Unite union, said: "The May Day holiday has a history and a tradition in its own right. It is when we celebrate the contribution of working people. So if there is a message to the government it is "Hands off May Day"."

Britain has three bank holidays other than Christmas, New Year and Easter – fewer than many other countries, such as France, which has eight.

May Day, widely associated with left-wing and workers' causes, is also a public holiday across the world in places as diverse as China, Sweden, India and Hawaii, while celebrations in Britain were recorded in Roman times.

Barry Goodman, president of the Morris Federation, said: "People will continue to dance but there won't be the same buzz if it's not a bank holiday.

"For us, May Day is not a political thing but just an opportunity to celebrate English tradition."

But tourism minister John Penrose said: "The UK tourism industry is very big business so it's no surprise that the government sees it as a key element in our plans to grow the economy and get Britain back on its feet."

આવતા મહિનાથી ફ્રાન્સમાં બુરખો પહેરવા પર કાયદેસર પ્રતિબંધ લાગી જશે તેના પણ સમાચાર આવ્યા હતા. સલમાન રશ્દીએ તેના પુસ્તકમાં કંઈક લખ્યું હતું (માત્ર લખ્યું જ હતું) ત્યારે તેનો ખૂબ જ વિરોધ થયો હતો. જ્યારે ફ્રાન્સમાં તો કંઈક થવાનું છે, તેનો એટલો જલદ વિરોધ કેમ નથી થતો? કે પછી એવું હોય છે કે લોકો પોદરા પર જ પથ્થર મારે છે ?

Women in burkas face jail from April

By Aidan Radnedge

A FULL ban on wearing a burka in public will come into force in France next month, the government announced yesterday.

Women will face prison for hiding their faces under the cloak – as will men who force their wives to wear one.

The law, which will take effect from April 11, brands the garment 'an insult to the country's values'.

It will make France the second country in Europe after Belgium to outlaw Muslim headwear that hides the face. President Nicolas Sarkozy has described the burka as a 'sign of debasement'.

The law was voted through last October after a year of heated national debate – and despite threats from al-Qaeda leaders to seek 'dreadful revenge' if it is enforced.

It states: 'No one may wear in public places clothes that are aimed at hiding the face.'

The ban applies to all public spaces including streets, shops, restaurants, cinemas, theatres, sports stadiums and behind the wheel of a car on a public road.

Under the new rules, men can be fined up to £25,000 and jailed for a year for forcing their wives to wear a burka or a niqab (full face veil).

Women will face a smaller fine of around £130 because they are 'often victims who are not given any choice', the law states. Repeat offenders who refuse to pay their fines will be sent to prison.

France already bans wearing any religious garb such as veils, Jewish skullcaps and crucifixes in schools.

બ્રિટન પ્લેબ્સનું રાષ્ટ્ર છે (PLEBS - People Lacking Everyday Basic Skills) તેવા એક સંશોધનના સમાચાર છપાયા. મતલબ

કે અહીં ઘણા બધા એવા લોકો છે કે જેમને દૈનિક જીવનનાં નાનાં-નાનાં કામ – જેવાં કે લાઇટ બલ્બ બદલબો, ઈંડાં બાફવાં, કે કારના ટાયર બદલવા – માં તકલીફ પડે છે અને તેનો દોષ આ સંશોધનકારો શાળામાં 'પ્રેક્ટિકલ' કાર્યો ન કરાવવાને આપે છે. તેમને ક્યાં ખબર છે કે ભારતની શાળામાં બાળકોને ભાગ્યે જ પ્રેક્ટિકલ્સ કરવા મળે છે પણ તેઓ આવા દૈનિક કાર્યો તેમના ઘરેથી શીખે છે.

Can't poach an egg? Join the Pleb club

By Fred Attewill

BRITAIN is a nation of 'Plebs' who struggle with everyday tasks such as putting up shelves and wiring a plug, it is claimed.

Almost a million of us are Plebs – People Lacking Everyday Basic Skills – and have problems with cooking an egg and treating minor injuries, a skills group says.

Gender stereotypes are alive and well because 28 per cent of men are unable to hem trousers and 17 per cent of women have difficulty changing a car tyre, according to UK Skills.

There also seems to be a generation gap, with 72 per cent of 18 to 24-year-olds able to join a wifi network but only nine per cent capable of poaching eggs.

Aidan Jones, of UK Skills, warned that Plebs are setting themselves up for 'very serious' problems later in life.

'There's a serious underlying message here that young people leave school without basic practical knowledge they need to get on,' he said.

'Things that used to be in the curriculum are no longer included in the classroom, nor would it seem are they being passed on by the older generation.'

UK Skills is holding its WorldSkills 'Olympics' competition for basic tasks at the ExCeL arena in east London from October 5 to 8.

'We're urging everyone to get involved and try a new skill – it could prove invaluable,' added Mr Jones.

એક નાનકડા એક જ કોલમના 'ફીલર ન્યુઝ'માં એવો ઉલ્લેખ છે કે બાળકોને ઉત્ક્રાંતિ વિષે ભણાવવું હોય તો તેમને મોટાં-મોટાં ઉદાહરણો આપવાની જરૂર નથી, તેમને ચામડીના રંગોની વાત સમજાવો તો તે સમજી જશે. … બાત મે કુછ દમ હૈ!

Evolution – it's only skin deep

TEACHING evolution based on skin colour could appeal more to children than telling them about how we descended from apes, US scientists claim. Looking at variations of skin colour in lessons could stimulate pupils' interest and help combat racism, according to a new study. 'We can teach the principles of evolution using an example of our own bodies and relieve a lot of social stress about personal skin colour at the same time,' said Prof Nina Jablonski of Pennsylvania State university.

• એશિયાને લગતા બે સમાચાર આવ્યા: (૧) બાંગ્લાદેશના એક નોબલ પ્રાઈઝ વિજેતાને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા. (૨) પાકિસ્તાનના શાહબાઝ ભટ્ટીનું ખૂન

• ભારતને લગતા માત્ર ત્રણ જ સમાચાર આવ્યા અને તે પણ માત્ર ક્રિકેટ અને બોલિવુડના જ: (૧) ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે ટાઈ થયેલી વર્લ્ડ-કપની મેચ (૨) ધોનીએ કરેલો UDRSના વિરોધનો આઇ.સી.સી. દ્વારા કરાયેલ વિરોધનો બી.સી.સી.આઈ.એ કરેલો વિરોધ (૩) બોલિવુડની નિયમિત કૉલમ 'બોલિ-સ્પાઈસ'

… અંતમાં જરા મરક-મરક.

THIS LIFE by Rick Brookes



(28-2-'11 to 4-3-'11)

•

ભારતના વિજયની ઈલિંગ રોડ પર ઉજવણી

આ તસવીરો નથી અમદાવાદના સી.જી. રોડની કે નથી દિલ્હીના ચાંદની ચોકની. આ તસવીરો છે લંડનમાં ગુજરાતીઓના ગઢ, ઈલિંગ રોડની. ભારતીય ટીમે વિશ્વકપ હાથમાં લીધો પછી ઉત્તર લંડનમાંથી બધા જ રસ્તાઓ ઈલિંગ રોડ તરફ જતા હતા. ને જોતજોતામાં તો હજારો ભારતીયો, ખાસ કરીને ગુજરાતીઓ, તિરંગા ફરકાવતા આવી પહોંચ્યા હતા. કોઈ 'ઇન્ડિયા', તો કોઈ 'ધોની', કોઈ 'સચિન', તો કોઈ 'યુવરાજ'ના નામે નારા લગાવતા હતા. ઢોલના તાલ પર આવડે તેવો ડાન્સ કરતાં-કરતાં આ 'રૅવેલર્સે' આખો ઈલિંગ રોડ જામ કરી નાખ્યો હતો. આમ તો આવી જાહેર ઉજવણી માટે અગાઉથી પરવાનગી લેવી પડતી હોય છે, પરંતું અહીંના પ્રશાસને જનતાના આ સ્વયંભૂ આનંદની અભિવ્યક્તિને હંમેશની જેમ નભાવી લીધો હતો અને તેમાં બને તેટલો સહકાર આપ્યો હતો. પોલિસ કોન્સ્ટેબલ્સ તો આ તમાશાને માણતા પણ હતાં. તેમણે ઈલિંગ રોડના વાહન વ્યવહારને બીજે વાળી દીધો હતો અને અધવચ્ચે ફસાયેલી બસોને ખાલી કરાવીને ત્યાં રસ્તા વચ્ચે જ પાર્ક કરાવી દીધી હતી. ભારતીયોનો ઉત્સાહ ગગનચુંબી હતો અને મોડે સુધી આ ઉજવણી ચાલી હતી. ત્યાર બાદ ધીમે ધીમે લોકો રેસ્ટોરેન્ટ, મીઠાઈની દુકાનો, પબ કે છેવટે ઘર તરફ વળ્યા હતાં.

શેક્સપિયરના ગ્લોબ થિયેટરમાં

એક સમય હતો કે જ્યારે ભારતવર્ષમાં કાલિદાસ, ભવભૂતિ અને ભાસ જેવા મહાનત્તમ નાટ્યકારો હતા અને નાટ્યશાસ્ત્ર જેવો બહુમૂલ્ય ગ્રંથ રચાય તેટલી હદે એ કલાની કદર હતી. પછી આપણી રંગભૂમિને શી ખબર કોની નજર લાગી, પણ ભારતની કોઈ પણ પ્રાદેશિક કે રાષ્ટ્રીય ભાષામાં એ કલાની સાચી કદર નથી થઈ. રંગભૂમિ એ જાણે કોઈ વર્ગ વિશેષનો ઈજારો હોય તેમ આપણી પ્રજા દિવસે-દિવસે તેનાથી વિમુખ થતી ગઈ. ગુજરાતી રંગભૂમિ તો એક સમયે એટલી અધ:પતનના આરે આવીને ઊભી રહી હતી કે રંગભૂમિ પર વિકૃત કક્ષાનું 'લગામ વિનાના પઠાણી ઘોડાનું તોફાન' રજૂ થતું હતું. અત્યારે જો કે પરિસ્થિતિ એટલી ખરાબ નથી, તો હરખાઈ ઊઠવા જેવી પણ નથી. સારાં-સારાં નાટકો ભજવાતાં રહે છે અને કેટલાંક પરથી તો હિન્દી ચલચિત્રો પણ બને છે. છતાં સરેરાશ જનતા હજી રંગભૂમિથી વિમુખ જ છે. પ્રવીણ સોલંકી જેવા નાટ્યકારો જો કે આ કાદવમાં પણ કમળની જેમ ખીલીને સાબિત કરતા રહે છે કે પ્રતિભાને સ્થળ-કાળના બંધનો નથી નડતા પણ અપવાદને નિયમ તો ગણી શકાય નહિ!

બ્રિટનમાં રંગભૂમિ હજી સામાન્ય જનતાને આકર્ષે છે. તેના ઘણા કારણો હોઈ શકે : જનતાની રુચિ, રંગભૂમિની ગુણવત્તા, પ્રતિભાની કદર, અહીંની લાઈફ-સ્ટાઈલ અને તેમાં વીક-એન્ડ આઉટિંગનું મહત્ત્વ, ભવિષ્યની સલામતી હોવાથી નાણાં વાપરી શકવાની ક્ષમતા. કારણ ખબર નથી પણ રંગભૂમિ પર કેટલાં ય નાટકો પાછલા દસ-વીસ કે એથીય વધારે વર્ષથી ભજવાય છે. સફળ થયેલાં ચલચિત્રો પરથી નાટક કે ઓપેરા સફળતાથી રજૂ કરવાની આવડત અને હિંમત ધરાવનારા ઘણાં વિરલાઓ અહીં પડ્યા છે. (આપણે તેને કદાચ 'ઊલટી ગંગા' કહીશું.) ગર્લફ્રેન્ડને તેના જન્મદિને અથવા વેલેન્ટાઈન ડે પર કોઈ રોમેન્ટિક નાટક જોવા લઈ જવી હજી 'આઉટ ઓફ ફેશન' નથી!

જ્યારે હીથરો એરપોર્ટ પર પહેલી વાર પગ મૂક્યો, ત્યારથી મનમાં એક ઝંખના હતી કે શેક્સપિયરના ગ્લોબ થિયેટરમાં શેક્સપિયરનું જ કોઈ નાટક જોવું. લગભગ પાંચ વર્ષે ઝંખનાના એ છોડને સિદ્ધિનું એક ફૂલ આવ્યું. જ્યારથી પોસ્ટમાં ટિકિટ આવી, ત્યારથી ૨૬ એપ્રિલ ૨૦૧૧ના સાંજના સાડા સાત વાગવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો હતો. ટેમ્સના કિનારે આવેલા એ ઐતિહાસિક થિયેટરમાં 'હેમલેટ' જોવા જવાનું હતું. ઘણી ઘણી કલ્પનાઓ કરી હતી. ઘણું બધું કલ્પનાતીત હતું, અને ઘણું કલ્પનાથી સાવ જ વિપરીત હતું. આ અનુભવથી ઘણું નવું જાણવા મળ્યું.

મૂળભૂત રીતે ગ્લોબ થિયેટર ઈ.સ. ૧૫૯૯માં બાંધવામાં આવ્યું હતું અને આપણા પ્રિય શેક્સપિયર તેના સાડા બાર ટકાના ભાગીદાર હતા. ઈ.સ. ૧૬૧૩માં 'હેન્રી ધ એઈટ્થ'ની રજૂઆત દરમિયાન, એક તોપ ફોડવામાં આવી અને તેનાથી આગ લાગતાં આ થિયેટર બળી ગયું. પછીના જ વર્ષે તેનું પુન:નિર્માણ થયું અને તે ઈ.સ. ૧૬૪૨ સુધી ચાલ્યું. ત્યાર બાદ તેને 'પ્યુરિટન્સ' દ્વારા બંધ કરવામાં આવ્યું. પછી બધા આ ગ્લોબ થિયેટરને ભૂલી ગયા અને તે છેક એટલે સુધી કે તે ક્યાં બંધાયું હતું તે ચોક્કસ સ્થળ પણ ભૂલાઈ ગયું. પછી છેક ઈ.સ. ૧૯૯૭માં તેનું પુન: નિર્માણ થયું જે મૂળ જગ્યાથી થોડાક ફૂટ દૂર છે. (૭૫૦ ફૂટ) બાંધકામની દ્રષ્ટિએ ગ્લોબને 'એમ્ફિથિયેટર' ગણવામાં આવે છે. થિયેટરના બાંધકામમાં તમામ પારંપરિક મૂલ્યો જાળવી રાખવામાં આવ્યાં છે. એ સમયે જે 'પીટ ક્લાસ' માટે પીટ રહેતો તે પણ છે અને ત્યાં હવે સાતસો માણસો ઊભા-ઊભા નાટક જુએ છે. બેઠકો ત્રણ સ્તરમાં છે.

બાંધકામની સાથે-સાથે નાટકની ભજવણી પણ તમામ રીતે 'વિક્ટોરિયન એજ'ની સુવાસ પૂરતી હતી. સૌ પ્રથમ તો રંગમંચની વાત કરીએ તો તેની પર કોઈ જ આધુનિક સજાવટ નહિ. માત્ર ચારેક લાકડાના પાતળા થાંભલા ખોડેલા હતા જેથી જરૂર પડે તેનો ઉપયોગ થઈ શકે. પ્રોપ્સના નામે પણ ચાર જૂના જમાનાના સ્ટેપ ટેબલ, ચાર પાટિયા, બે ફ્લોર બ્રશીશ, તલવારો અને એક ગ્લાસ. માની ન શકો કે તમે એકવીસમી સદીના કોઈ નાટ્યગૃહમાં બેઠા છો. નાટક શરૂ થાય, દ્રશ્ય બદલાય, અંક પૂરો થાય, મધ્યાંતર કે પૂર્ણાહુતિ- ક્યાં ય પણ પડદાનો ઉપયોગ જ નથી કરવામાં આવ્યો. પૂરા મંચનો એટલો સુંદર

ઉપયોગ થયો છે કે તમે તરત જ સમજી જાવ કે કયા સંવાદ અને કઈ સ્વગતોક્તિ. નાટકમાં પણ જે નાટક આવે છે તેને શેક્સપિયરે જેટલી કુશળતાથી આલેખ્યું છે તેટલી જ કુશળતાથી કલાકારોએ ભજવી પણ બતાવ્યું. માત્ર નાટકમાં નાટક દરમિયાન જ પડદાનો ઉપયોગ કરવામાં આવે છે અને તે પણ નાટકના એક ભાગ તરીકે જ. માત્ર આઠ જ કલાકારોએ તમામ પાત્રો ભજવ્યા છે. અને પ્રોટાગોનિસ્ટ હેમલેટ સિવાય તમામ કલાકારોએ એકથી વધારે પાત્રો ભજવ્યા છે. હેમલેટ સમક્ષ તેના પિતાના ભૂતનું પ્રગટ થવું, ટુ બી ઓર નોટ ટુ બી અને ગ્રેવ ડિગરવાળા ત્રણેય દ્રશ્યો મારા મનગમતાં છે અને એ ત્રણેયને સુંદર રીતે રજૂ કરવામાં આવ્યાં. ઘણીવાર તો કલાકારો જ્યારે પોતાની જાતને એક પાત્રમાંથી બીજા પાત્રમાં જવા તૈયાર કરતા હોય ત્યારે પણ સ્ટેજ નહોતા છોડતા અને એક ખૂણામાં જઈ માત્ર બાહ્ય વસ્ત્રો બદલી લેતા હતાં. સંગીતનાં નામે પણ માત્ર એક ડ્રમ, એક ખંજરી અને ત્રણ ગિટારનો જ પ્રયોગ હતો. આઠ કલાકારો સિવાય સ્ટેજ પર જ એક બાજુ એક સંગીતકાર પ્રસંગોપાત સંગીત આપતી હતી અને જ્યારે ગિટાર વગાડવાની હોય ત્યારે કલાકારો પોતે જ તે કામ કરતા હતા. પોલોનિયસ અને હોરાશિયોના પાત્રો દ્વારા આવા કરુણ નાટકમાં પણ શેક્સપિયરે કોમિક રિલીફ આપ્યા કરી છે. ટ્રેજડીની વચ્ચે વચ્ચે આવતી કોમેડી કદાચ કેથાર્સિસ સુધી જવામાં મદદ કરે છે.

આ નાટકની વાર્તા તો જોવા આવનાર બધાને ખબર જ હતી. અને જેને ના ખબર હોય તેના માટે ત્યાં પુસ્તકો અને પુસ્તિકાઓ પણ ઉપલબ્ધ હતાં. ઘણાને તો આ નાટકની પંક્તિઓ પણ યાદ હતી. તેમ છતાં હાજર હજારેક માણસને કઈ વાતે જકડી રાખ્યાં હતાં? નાટક શરૂ થયા બાદ મધ્યાંતર ક્યાં આવી ગયો અને નેવું મિનિટ ક્યાં વીતી ગઈ એ ખબર જ ના પડી. એનો યશ શેક્સપિયરની કલમને નહિ તો કોને જાય? સાથે સાથે કલાકારો પણ એ યશના સહભાગી ખરા કારણ કે તેમના એનર્જેટિક અભિનયે બધાને જકડી રાખ્યા હતાં.

આપણાં નાટકો અને આ અનુભવમાં ઊડીને આંખે વળગે તેવો એક તફાવત નજરે પડ્યો અને તે તફાવત એટલે દર્શકગણ. જેટલા દર્શકો ત્રણ સ્તરની બેઠકોમાં બેઠા હતાં તેટલા જ કે તેથી ય વધારે દર્શકો પીટમાં ઊભા પણ હતા. પરંતુ કોઈના પણ હાથમાં ભજિયાં, દાળવડાં, સેન્ડવીચ કે નાસ્તાનાં પડીકાં નહોતાં. મારી બાજુમાં બેઠેલાં યુગલ જોડે બિયરનો એક ગ્લાસ હતો પણ પરફોરમન્સ શરૂ થયું, ત્યારે તેમણે તેને નીચે મૂકી દીધો અને મધ્યાંતર વખતે જ તેને હાથમાં પકડ્યો. અંદર-અંદર વાતો નહિ, મોબાઈલ કે કેમેરા નહિ કે આવડતા સંવાદો જોડે-જોડે બોલવાના નહિ. બર્નાડ શૉની એક બાયોગ્રાફીમાં વાંચ્યું હતું કે તેમના પોતાના નાટકની ભજવણી વખતે તેઓ હાજર હતા. નાટક પૂરું થયા બાદ, તેઓ રંગમંચ પર ગયા અને દર્શકોને તેમણે કહ્યું, 'ઓડિયન્સ, યુ પરફોર્મ્ડ રિયલી વેલ'. જ્યારે હમણાં સંજય લીલા ભણસાલી દ્વારા દિગ્દર્શીત ચલચિત્ર 'ગુઝારિશ'ના રિવ્યુમાં એક લેખકે લખ્યું હતું કે 'આ મૂવી નહિ પણ આપણા દર્શકો ફેલ થયા છે. તેમને ગોલમાલ – ૩ જેવા ધડમાથા વગરના મૂવીઝ ગમશે પણ ગુઝારિશ જેવા મિનિંગફુલ મૂવીઝ નહિ ગમે.' મતલબ કે સારાં નાટકોને પણ સારા દર્શકોની જરૂર છે અને આપણે સારા દર્શકો બનવું પડશે, તો જ આપણી રંગભૂમિ તેનું પુરાતન સન્માન પુન: પામશે.

હેમલેટના મારા જે સૌથી પ્રિય સંવાદો છે, તે:

Fraility, thy name is woman.
Brevity is the soul of wit.
To be or not to be: that is the question:
I loved her more than 40,000 brothers ever could.

આ નાટક પછી અંગત જીવનમાં બનેલી રમૂજી ઘટના પણ યાદ આવી ગઈ. પરણ્યા પછી સૌ પ્રથમ સજોડે જે નાટક જોવા ગયાં હતાં, તેનું નામ હતું 'પરણીને પસ્તાયા'. (કેતકી દવે-રસિક દવે)

•

ભારતીય દૂતાવાસ

આ તસવીર જોઈને રખેને એવું માનતા કે બારમા ધોરણનાં પરિણામ બાદ, કોઈ કૉલેજ બહાર એડમિશન માટે આ કતાર લાગેલી છે. આપણે ત્યાં ચાલતા ક્લાસીસ જેવા કદની ખોબા જેવડી કૉલેજો તો અહીં બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલી છે અને જો ખીસાંમાં પાઉન્ડ હોય તો 'ટોમ, ડિક અને હેરી'ને પણ તેમાં એડમિશન મળે. આ તસવીર તો યુ.કે.ના ભારતીય દૂતાવાસની છે અને તે યુ.કે.ની એકમાત્ર એવી એમ્બેસી છે કે જ્યાં આવી રીતે કતારમાં ઊભા રહીને કામ થાય છે. બીજી બધી એમ્બેસીમાં ઓન-લાઈન કે ફોન દ્વારા અપોઇન્ટમેન્ટ લઈને જવાનું હોય છે. આખી દુનિયામાં આઈ.ટી. માટે વિખ્યાત ભારતે છેવટે દૂતાવાસ માટે તો એવી કોઈ સિસ્ટમ બનાવવી જોઈએ કે નહિ?



સ્ટાફની બાબતમાં પણ એવું જ. બીજી બધી એમ્બેસીમાં તમને સર કહીને માનાર્થે સંબોધવામાં આવે અને તમારી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવામાં તેઓ સહાયભૂત થવા બનતા તમામ પ્રયત્નો પણ કરે. આપણા દૂતાવાસમાં સ્ટાફ ઘણીવાર એવું વર્તન કરે કે તેઓ જાણે જનતા પર ઉપકાર કરવા માટે નોકરી કરતા હોય.

હા, એક વાત સારી છે કે અહીં ઓળખાણ કે લાગવગથી કે હથેળી ભીની કરવાથી કામ નથી થતાં. (મારી જાણમાં તો નથી જ થતાં.) અને હા, જ્યાં-જ્યાં 'બીજી બધી એમ્બેસી' એવું લખ્યું છે ત્યાં પાકિસ્તાનની એમ્બેસી વિષે કોઈ જ અભિપ્રાય નથી આપ્યો, એ જાણ ખાતર.

•

શું કહેવું આ લોકોને?

Zoom out Thursday, June 9, 2011 METRO 29

Stampede: One of the elephants with a tranquilliser dart in its side. Above right, the animal attacks a cow and a man before being knocked out by officials Pictures: AFP/Getty/Barcroft

Trunken rampage

By Ross McGuinness

TWO elephants stampeded through an Indian city yesterday, killing one man.

One of the beasts crushed the victim as he left his house to see what was going on in the street.

The elephants, which entered the area from a nearby forest, also attacked and killed two cows.

One of the animals was seen in the grounds of a women's college, while the other charged through a residential area in the southern city of Mysore, causing residents to scatter in fear.

Homeowners were told to stay inside and schools were shut.

After a three-hour chase, the elephants were tranquillised by forest rangers and staff from a city zoo.

They were to be released into the wild later yesterday. Such attacks were caused by humans encroaching on forest areas, said an official.

'Unregulated expansion of farmlands and increasing movement of people and vehicles through the elephant corridor are making wild jumbos enter villages and towns in search of food and shelter,' he said.

Watch a video of the rampage at metro.co.uk/elephant

જ્યારે અન્ના હઝારેએ (કે હજારે) લોકપાલ બિલના મુદ્દે ઉપવાસ કરીને આખા ભારતને હિલોળે ચડાવ્યું હતું ત્યારે યુ.કે.ના "મેટ્રો" વર્તમાનપત્રમાં તેના વિષે એક અક્ષર પણ નહોતો છપાયો અને બે હાથીઓએ મૈસુરમાં રમખાણ મચાવ્યું તેના માટે અડધા પાનાનો સચિત્ર અહેવાલ? શું કહેવું આ લોકોને? (જો કે અહેવાલનું શીર્ષક ગમ્યું!)

•

ટ્રફાલ્ગર સ્ક્વેર

ડી.ડી.એલ.જે.ના પહેલા જ દ્રશ્યમાં અમરીશપુરી જ્યાં કબૂતરોને દાણા નાખતો બતાવવામાં આવ્યો છે એ સ્થળ એટલે ટ્રફાલ્ગર સ્ક્વેર. હવે જો લેખ સાથેનો ફોટો બતાવી કોઈને એમ કહેવામાં આવે કે આ ફોટો ટ્રફાલ્ગર સ્ક્વેરનો છે, તો કોઈ માને નહિ, પણ હકીકત બાજુના પાન પરના ફોટામાં જુઓ.

ઘણા સમયથી ટ્રફાલ્ગર સ્ક્વેર વિવિધ સાંસ્કૃતિક ગતિવિધિઓનું કેન્દ્ર રહ્યો છે અને ત્યાં ન્યુ યર ઇવ કે દિવાળી સેલિબ્રેશન જેવા કેટલા ય વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતા રહે છે. ઈંગ્લેન્ડના સૌથી પ્રખ્યાત સ્થળોમાંનું એક. અને આ જ સ્ક્વેર પર નેશનલ ગેલેરી પણ આવેલી છે, જેની વાત ફરી ક્યારેક.

•

મગ્ન

ઘણાં પુસ્તકોમાં ફૂલોના રસ પી રહેલા ભ્રમરનાં વર્ણન વાંચ્યાં હતાં, પણ ભારતમાં રહ્યો એ દરમિયાન એક વાર પણ એ દ્રશ્ય જોવા નહોતો પામ્યો. અહીં આવીને તે દ્રશ્ય ઘણીવાર જોવા મળ્યું અને આજે તેનો ફોટો પણ પાડવા મળ્યો. તે ભ્રમર એટલો મગ્ન હતો (કે હતી) કે તેને ફોટા પાડનારની કોઈ જ પરવા નહોતી. એકાગ્રતાનો સ-રસ પાઠ!

ક્રિકેટના મક્કા લોર્ડસમાં

ક્રિકેટના મક્કા મનાતા, લોર્ડસ ક્રિકેટ ગ્રાઉન્ડ, પર ૨,૦૦૦મી ટેસ્ટ મેચ જોવા માટે પગ મૂકતાની સાથે જ ઘણા પૂર્વગ્રહો દૂર થઈ ગયા.

- એવું માનવામાં આવે છે કે ઈંગ્લેન્ડમાં ક્રિકેટ એટલું લોકપ્રિય નથી, પણ આખું સ્ટેડિયમ ચિક્કાર ભરેલું હતું. સૌથી નજીકનું સ્ટેશન સેંટ જહોન'સ વુડ દર્શકોના ધસારાને પહોંચી ન વળતા બંધ કરવું પડ્યું હતું.
- એવું માનવામાં આવે છે કે ઈંગ્લિશ લોકો ખૂબ જ ફોર્મલ હોય છે અને વિના પરિચયે વાત પણ નથી કરતાં, પણ બાજુમાં જ બેઠેલા બે અંગ્રેજો સામેથી આજુ-બાજુવાળા જોડે વાત કરતા હતાં.
- સચિન તેંડુલકર માત્ર ભારત અને ભારતીયોમાં જ લોકપ્રિય છે તેવું પણ નથી. તેની નાની-નાની બાબતમાં પણ સ્ટેડિયમમાં તાળીઓ પડતી હતી.
- ક્રિકેટ ટી.વી. પર દેખાય છે એટલું ગ્લેમરસ સ્ટેડિયમમાં નથી લાગતું, ખાસ કરીને સફેદ કપડાંમાં.

•

પાનની પિચકારી મારવી નહીં

ભારતીયોની, અને ખાસ કરીને ગુજરાતીઓની, બહુમતી ધરાવતા બ્રેન્ટ કાઉન્સિલના વિસ્તારમાં આપણે ભારતીયોએ કમાયેલી ઈજ્જતની તસવીર :

શેરલૉક હોમ્સ

સર આર્થર કોનન ડોઈલ (Sir Arthur Conan Doyle) અને તેમણે સર્જેલા અજોડ અન્વેષક, શેરલૉક હોમ્સ, બંને જગ વિખ્યાત છે. ઘણા તેમને ડિટેક્ટિવ કથાઓના પિતામહ કહે છે. પોતાની કથાઓમાં શેરલૉક હોમ્સનું સરનામું તેઓ હંમેશાં લંડનની બેકર સ્ટ્રીટનું આપતા. માટે બેકર સ્ટ્રીટ ટ્યુબ સ્ટેશનની બહાર જ શેરલૉક હોમ્સનું એક લાક્ષણિક સ્ટેચ્યૂ મૂકવામાં આવ્યું છે. અને બેકર સ્ટ્રીટનું જે કાલ્પનિક સરનામું ડિટેક્ટિવ હોમ્સના નામે હતું, ત્યાં જ પ્રશાસન દ્વારા ધી શેરલોક હોમ્સ મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે. આપણા દેશમાં પણ લેખકોને આટલું સન્માન આપવામાં આવે તેવી ખ્વાહિશ. [સાથે-સાથે જ એવી પણ ખ્વાહિશ કે મારા અમદાવાદના શાહીબાગમાં શચી મૈનાકનું સ્ટેચ્યૂ બનાવવામાં આવે. :)]

સર આર્થર કોનન ડોઈલનાં પુસ્તકો પ્રોજેક્ટ ગુટેનબર્ગની સાઈટ પર વિનામૂલ્યે પ્રાપ્ય છે.

•

ઈંગ્લેન્ડ રાયટ્સના ગ્રાઉન્ડ ઝીરો પરથી

એક સહકાર્યકર Tottenham Haleથી આવતી અને અમે મજાકમાં કહેતા કે Hellથી આવે છે. આજે ખરેખર એ વિસ્તારની હાલત Hell જેવી જ છે. Mark Duggan અને પોલિસ વચ્ચે બનેલી ઘટના દાવાનળની જેમ ઈંગ્લેન્ડ આખામાં ફેલાઈ જશે, તેવી કોને ખબર હતી? એ ઘટનામાં પોલિસ દોષિત હતી કે Mark Duggan, તે વિષે કોઈ ચોક્કસ ભરોસાપાત્ર માહિતી મળતી નથી. અને સાચું-ખોટું તો સાબિત થતાં થશે, પણ એ ઘટનાએ જે રૌદ્ર સ્વરૂપ પકડ્યું છે, તે લાખો લોકોને અસર કરી રહ્યું છે, તે બાબત નિ:શંક છે.

ઈંગ્લેંડ રાયટ્સના ગ્રાઉન્ડ ઝીરોને તો પોલિસે કોર્ડન કરી રાખ્યું છે અને કોઈને પણ ત્યાં જવાની પરવાનગી આપવામાં નથી અપાતી. વધુમાં પોલિસ પણ વાત કરવા માટે પણ ઉત્સુક નહોતી જણાતી.

આમ પણ પોલિસ અને મીડિયા જાણે 'ટોમ એન્ડ જેરી'ની જેમ જ ક્યાં નથી વર્તતાં?

જ્યારે એક પોલિસને પૂછ્યું કે 'અમે ઘણાં વીડિયોમાં એવું જોયું કે પોલિસ તોડફોડ અને લૂંટફાટ અટકાવવાનો પ્રયત્ન જ નહોતી કરતી. શું તમે ટિયર ગેસ શેલ જેવી કોઈ બિનહાનિકારક અને બિનખર્ચાળ પદ્ધતિ વાપરી ન શક્યાં હોત?' ત્યારે જવાબ મળ્યો કે 'પોલિસ પગલાં લે તો પણ ટીકા થાય છે અને ન લે તો પણ ટીકા થાય છે. બોલો શું કરવું?' મે કહ્યું કે, 'એ તો તમારા કામનો જ ભાગ છે ને? ગમે તેટલી ટીકા-ટિપ્પણી થાય, પણ જનતાના જાન-માલની સુરક્ષાની જવાબદારી શું તમારી નથી?' ત્યારે એ જનાબ જવાબ આપ્યા વિના ચાલવા માંડ્યા.

કદાચ તેમનો ઈશારો G20 Summit વખતે પોલિસ દ્વારા વપરાયેલા બળ અને તેના બાદ થયેલી તેની આકરી ટીકાઓ તરફ હશે. એક મત એવો પણ સાંભળવા મળ્યો કે G20 Summit બાદ થયેલી આકરી ટીકાઓને કારણે જ આ વખતે પોલિસનું વલણ નરમ છે. કદાચ તે જનતાને એવું સૂચવવા માંગતી હશે કે અમારી પદ્ધતિઓની ટીકા કરવાના બદલે અમારા કામની કદર વધારે જરૂરી છે.

આખા વિસ્તારની મુલાકાત લેતાં એક વાત જરૂર ધ્યાનમાં આવી કે શનિવારે રાત્રે જે બન્યું તે સ્વયંભૂ પ્રતિક્રિયાની જેમ હશે. તે સાંજે લોકો Mark Dugganની પોલિસના હાથે થયેલી હત્યાના વિરોધમાં એક મૂક પ્રદર્શન કરવા જ આવ્યાં હતાં. અને ધીમે-ધીમે એ પ્રદર્શનકારોનો મિજાજ પલટાયો હશે માટે તેમણે તોડ-ફોડ આદરી હશે પણ એ દરમિયાન લૂંટ-ફાટ નહોતી થઈ. જેને સળગાવવામાં આવ્યું હતું તે પોલિસ સ્ટેશનથી માત્ર પાંચ જ મિનિટ ચાલતાં Currys જેવા ઈલેક્ટ્રોનિક્સના મોટા શો-રૂમ્સ આવેલા છે, પણ ત્યાં કોઈ જ લૂંટફાટ કે તોડફોડ કરવામાં નથી આવી. જ્યારે રવિવારથી શરૂ થયેલા પ્રદર્શનમાં આવા ઈલેક્ટ્રોનિક્સના શો-રૂમ્સ, બેંકો, જ્વેલર્સ વગેરેને જ લક્ષ્ય બનાવવામાં આવ્યાં અને ખૂબ જ લૂંટફાટ થઈ. લંડનમાં પ્રગટેલી આ ચિનગારીએ આખા ઈંગ્લેન્ડમાં દાવાનળ પ્રગટાવ્યો છે.

આસપાસના રહીશો જોડે વાત કરતાં ઘણાંના મોઢે એક વાત જરૂર સાંભળવા મળી કે 'આ તો આ દેશના માતા-પિતાની ભૂલ છે. જે બાળકો-કિશોરો-યુવાનો રાતના સમયે ઘરમાં હોવા જોઈએ, તેઓ જ આટલી મોટી સંખ્યામાં બહાર આવીને તોફાન કરી રહ્યાં છે કારણ કે તેમની પર કોઈનો કાબૂ નથી.' એક રીતે આ વાત ખોટી પણ નથી. ૧૬ વર્ષથી નીચેની ઉંમરના કોઈ પણ બાળકને મા-બાપ-શિક્ષક કે પોલિસ હાથ પણ ન લગાડી શકે તેવા અહીં કાયદા છે. માટે તેઓ ફાટીને ધૂમાડે ન જાય તો જ નવાઈ.

•

અંગ્રેજી ભાષા

સતત ઉત્ક્રાંત થતા રહેવું એ કોઈ પણ ભાષાનો સૌથી અગત્યનો ગુણધર્મ છે અને અંગ્રેજી ભાષા તેમાં શિરમોર છે. આ ભાષામાં જેટલા પ્રયોગ થાય છે તેટલા ભાગ્યે જ કોઈ ભાષામાં થતા હશે અને તેને સ્વીકૃતિ પણ ઝડપથી મળે છે. એક ઉદાહરણ નીચે જુઓ:

અહીં Salad અને Sandwich જેવા pure nounને verb તરીકે વાપરવામાં આવ્યાં છે અને eat કે like જેવા કોઈ verbનો લોપ કરવામાં આવ્યો છે, છતાં મતલબ એકદમ સાફ છે.

•

૧૪૦ વાર સ્વાગત

ઓલિમ્પિક ૨૦૧૨ના યજમાન લંડનની બ્રેન્ટ કાઉન્સિલે ભાગ લેનાર ૨૦૫ દેશમાં બોલાતી ૧૪૦ ભાષાઓમાં Welcome લખીને વેમ્બલી સ્ટેડિયમની બહાર આવું ચિત્ર લગાડ્યું છે:

તેની બાજુમાં બ્રેન્ટ કાઉન્સિલ તરફથી એક સંદેશ પણ છે:

•

શેક્સપિયરના ગ્લોબ થિયેટરમાં, બીજી વાર

હસવું અઘરું છે અને હસાવવું તેથી ય અઘરું છે. તેમાં ય હાસ્યાસ્પદ બન્યા વિના હાસ્યરસપ્રધાન નાટક લખવું તો ખૂબ જ અઘરું છે. પણ મહાનત્તમ નાટ્યકાર શેક્સપિયરે તો એ પરાક્રમ કેટલી ય વાર કરી બતાવ્યું છે. તેમના ગ્લોબ થિયેટરમાં એક ટ્રેજડી જોયા બાદ જ્યારે કોમેડી જોવાનો મોકો મળ્યો, ત્યારે ફરી એક વાર, ગુજરાતમાં નાટ્ય સંસ્કૃતિની થયેલી અવદશાના જ વિચારો આવ્યા.

નાટક હતું 'મચ અડુ અબાઉટ નથિંગ' અને ખરેખર તે આનંદદાયક હતું. તેની વાર્તા તો બધાને ખબર જ છે. આ નાટકે અસંખ્ય એવી બોલિવુડ અને હોલિવુડની ફિલ્મોને પ્રેરણા આપી હશે કે જેમાં નાયક અને નાયિકા એક બીજા સાથે ઝઘડતા હોય અને તેમાંથી જ પ્રેમમાં પડે. અઢાર અદાકારો અને પાંચ સંગીતકારો સાથે રજૂ થયેલા આ નાટકના મંચનમાં કેટલાક પ્રયોગો થયા હતા.

ઊડીને આંખે વળગે તેવો પ્રયોગ હતો અદાકારોનાં વસ્ત્રોના 'કલર સિમ્બૉલિઝમ'નો. જેમ કે ખલનાયક ડોન જહોન હંમેશાં કાળાં વસ્ત્રોમાં જ રજૂ થતો, નાયક ખુશ હોય તો લાલ વસ્ત્રોમાં અને સામાન્ય હોય તો અન્ય રંગનાં વસ્ત્રોમાં રજૂ થતો. નાટકમાં નાયિકા બિએટ્રિસ બાદ સૌથી અગત્યનું સ્ત્રી પાત્ર ભજવનાર હિરો (સ્ત્રીપાત્રનાં નામમાં પણ કદાચ રમૂજ કરવાનો પ્રયાસ હશે!ના મૃત્યુ વખતના દ્રશ્યમાં બધા જ પાત્રો કાળાં વસ્ત્રોમાં હાજર થાય છે તો ક્લોડિયો અને હિરોના લગ્ન પ્રસંગે જાણે કે મંચ પર રંગોનો મેળો ભરાય છે.

બીજો પ્રયોગ હતો થિયેટરના રંગમંચ સિવાયના ભાગનો ઉપયોગ. પહેલા જ દ્રશ્યમાં ડોન પેટ્રો સ્ટેજના પાછળના ભાગેથી નહીં, પરંતુ થિયેટરના દર્શકો માટેના એક દરવાજામાંથી પ્રવેશ લે છે. લગ્નના દ્રશ્ય વખતે હિરો અને તેના પિતા પણ એવી જ રીતે પ્રવેશે છે. તે દ્રશ્ય વખતે તો છેક ઉપરની બેઠકમાંથી કોઈ ફૂલો પણ વરસાવે છે. બે અદાકારો વિશાળ મુખૌટા ઓઢીને તે જ વખતે અન્ય બે અલગ-અલગ દરવાજાઓમાંથી પ્રવેશે છે, યાર્ડમાં ઊભા રહેલા દર્શકો વચ્ચે ફરીને બહાર નીકળી જાય છે.

ત્રીજો પ્રયોગ હતો સીધો ઓડિયન્સ સાથે ઈન્ટરેક્ટ કરવાનો. સામાન્યત: કોઈ શેક્સપિરિયન નાટકમાં આપણે અપેક્ષા ન રાખીએ પણ ગુજરાતમાં ભજવાતી પારંપરિક ભવાઈની જેમ પાત્રો કેટલી ય વાર સીધા જ દર્શકો સાથે ઈન્ટરેક્ટ કરતાં હતાં. તેમાં સૌથી આગળ હતી નાયિકા બિએટ્રીસ જે સ્ટેજની ત્રણેય બાજુ ફરીને દર્શકો સાથે આંખોમાં આંખો મિલાવી કેટલી ય વાર અભિનય દરમિયાન જાણે તેમના અભિપ્રાયની રાહ જોતી હોય, તેમ અટકી જતી અને થોડીક વાર પછી, તેમની સામે ઈશારો કરીને અભિનય સંધાન કરતી. એક રડવાના દ્રશ્યમાં છેક સ્ટેજની ધાર પાસે આવીને તે નમાઝ પઢતા મુસલમાનની જેમ બેસી ગઈ અને યાર્ડમાં ઊભેલા એક દર્શકનો હાથ પકડીને રડતી રહી. જો કે એ અભિનય દ્વારા તેણે કરુણ દ્રશ્યમાં પણ હાસ્ય નિસ્પન્ન કર્યું હતું. નાટકના અંતે તેણે એ દર્શકને યાદ રાખીને પોતાના હાથમાં રહેલાં ફૂલ પણ આપ્યા હતાં. નાટકમાં આવતો આ સંવાદ 'He that has a beard is more than a youth; and he that has no beard is less than a man.' બિએટ્રીસ એક ક્લીન-શેવ દર્શકની સામે જોઈને બોલે છે અને બધા એટલા ખડખડાટ હસે છે કે ન પૂછો વાત! જોકે પછી 'Not him' કહીને તે દર્શકને માઠું ન લાગે તેમ વાતને વાળી પણ લે છે. નાયક બેનેડિક જ્યારે પોતે લખેલા ઢંગધડા વગરના પ્રેમપત્રની પ્રથમ પંક્તિ વાંચતો હોય છે ત્યારે કોઈ દર્શક જોરથી હસે છે અને તે તરત તેની તરફ જુએ છે, પછી તે બીજી પંકિત વાંચે છે અને પાછળથી બીજો દર્શક હસે છે ત્યારે તે પાછળ ફરીને તેને પણ જુએ છે. એ દ્રશ્ય જ્યારે પૂરું થાય છે અને તે બેક-સ્ટેજ જતો હોય છે ત્યારે ટોપ-ટિઅરમાંથી કોઈ કિશોરી હસે છે અને તે સમયે બિએટ્રીસ પાછળ ફરીને, ડોક ઊંચી કરીને તેણી તરફ જુએ છે અને એક્ઝિટ લાઈન તરીકે નાટક બહારનો એક સંવાદ બોલે છે: 'I have to take a photo of her' ત્યારે ખૂબ નવાઈ લાગે છે. જો કે આ બધી વસ્તુઓ કોમેડીના મૂડને અનુરૂપ હોઈ, ગમે તેવી છે, ખટકે તેવી નહીં.

આ નાટકમાં પ્રોપ્સ ઘણાં બધા વાપરવામાં આવ્યા હતાં. અભિનેતાના હાથમાં જો પાત્ર હોય તો તેમાંથી છલકાતું પીણું પણ દેખાતું (મોટા ભાગે ખાલી પાત્ર જ વપરાતા હોય છે.) શરણાઈ, ડ્રમ અને બીજા ત્રણેક વાજિંત્ર વાપરીને પ્રસંગોપાત સંગીત આપવામાં આવ્યું હતું. લિઓનાટો, ડોન પેટ્રો અને ક્લોડિઓ

બેનેડિકને બિએટ્રિસના પ્રેમ માટે ‘કન્વિન્સ’ કરવાનો પ્રયાસ કરે છે અને બેનેડિક તેમને છુપાઈને સાંભળે છે તે દ્રશ્ય ખૂબ સરસ રીતે ભજવાયું હતું. એવી જ રીતે હિરો અને તેની અટેન્ડન્ટ બિએટ્રીસને બેનેડિકના પ્રેમ માટે ‘કન્વિન્સ’ કરવાનો પ્રયાસ કરે છે અને બિએટ્રિસ તે છુપાઈને સાંભળે છે તે પણ ખૂબ મનોરંજક રીતે ભજવાયું છે. (આ દ્રશ્ય જોઈને ‘સીતા ઓર ગીતા’ ફિલ્મના એક દ્રશ્યની યાદ આવી ગઈ!) બધાં જ અભિનેતા-અભિનેત્રીઓમાં નાયિકા બિએટ્રીસનો અભિનય અલગ તરી આવતો હતો. એક તો શેક્સપિયર તેની નાયિકાને આમ પણ સુંદર સંવાદો આપે જ છે અને વધારામાં આ અભિનેત્રીનો અભિનય પણ જીવંત હતો. તે જ્યારે-જ્યારે સ્ટેજ પર આવતી, ત્યારે ત્યારે આખું સ્ટેજ જીવંત બની જતું અને તેની ગેરહાજરી ખરેખર વર્તાઈ આવતી. મધ્યાંતર પહેલાંની નેવું મિનિટ તો ખૂબ જ હાસ્યસભર રહી અને બાદની નેવું મિનિટમાં થોડુંક ગંભીર વાતાવરણ હતું, ત્યારે શેક્સપિરિઅન ટ્રેડિશન મુજબ, વચ્ચે-વચ્ચે કોમિક રિલીફ આવ્યા કરતી હતી. અને માત્ર સંવાદો નહીં પણ અભિનય દ્વારા પણ હાસ્ય નિષ્પન્ન થતું હતું. બીજા એક્ટના ત્રીજા દ્રશ્યમાં બાલ્થઝારના મુખે ગવાતું ગીત ‘હેય નોની નોની’ પણ બધાને ખૂબ હસાવે છે. બેનેડિક અને બિએટ્રીસની વચ્ચે થતી તુ-તુ-મે-મે દરેક વખતે ગમે તેવી છે અને ડોગબેરીનો અભિનય પણ ખૂબ તાળીઓ પડાવી ગયો.

જ્યારે શેક્સપિયરના ગ્લોબ થિયેટરમાં પહેલી વખત જવાનું થયું, ત્યારે ઈંગ્લેન્ડની નાટ્ય સંસ્કૃતિ અને ગુજરાતની નાટ્ય સંસ્કૃતિ વચ્ચેના તફાવત ઊડીને આંખે વળગ્યા હતા. પણ એ સમયે સ્ટેજ પર ‘હેમલેટ’ ભજવાતું હતું, માટે મનના કોઈક અજ્ઞાત ખૂણે, ગુજરાતી નાટ્ય સંસ્કૃતિના બચાવ માટે એક બહાનું પડ્યું હતું કે આટલા ટ્રેજિક નાટકને દર્શકો ગંભીરતાથી ન જુએ તો જ નવાઈ! એ બહાનું આ વખતે કોમેડી નાટક જોવા ખેંચી ગયું હતું. મનમાં હતું કે આ વખતે અહીંના લોકો સ્ટેજની સાચી કદર કરે છે કે માત્ર દેખાવ તેની ખબર પડશે, અને ખબર પડી પણ ખરી.

ત્રણ ટિઅરમાં આઠસો દર્શક બેઠેલા હતાં અને યાર્ડમાં સાતસો જેટલા ઊભા હતાં. (મારી ટિકિટ ત્રણ મહિના પહેલાં બુક થઈ, ત્યારે માત્ર યાર્ડની જ ટિકિટો બચી હતી, સીટો બધી ત્રણ મહિના પહેલાં વેચાઈ ગઈ હતી. જ્યારે યાર્ડ માટે વધારાની બે ટિકિટ લેવા મહિના પહેલાં પ્રયત્ન કર્યો, ત્યારે તે પણ બુક થઈ ગઈ હતી. મતલબ, શો મહિના પહેલાંથી જ ‘ફુલી બુક્ડ’ હતો.) જ્યારે-જ્યારે કોઈ રમૂજી સંવાદ આવતો કે કોઈ દ્વારા સારો અભિનય રજૂ થતો, ત્યારે ત્યારે બધા ખડખડાટ હસતા કે તાળીઓ પાડતાં. પણ ક્યાં ય સીટી મારવી કે બૂમો પાડીને કંઈક બોલવાનો પ્રયાસ નહોતો થતો. પરફોર્મન્સ દરમિયાન ખાવા કે પીવાની મનાઈ નહોતી પણ સ્વયંશિસ્તની જેમ જ કોઈ ખાતું-પીતું નહોતું. એકબીજા સાથે કોઈ વાત કરવી નહીં અને જો કરવી હોય તો એકબીજાના કાનમાં કરવી, જેથી કોઈને ખલેલ ન પહોંચે. એવો વણલખ્યો નિયમ પણ પાળવામાં આવતો. આ ઉપરાંત, એક બીજી સુંદર વસ્તુની પણ નોંધ લેવી જોઈએ. નાટક જોવા એક સ્કૂલ તરફથી કેટલાંક વિદ્યાર્થીઓ અને તેમનાં શિક્ષક આવ્યા હતાં (વિદ્યાર્થીઓ યુનિફોર્મમાં હતાં, માટે ખબર પડી) અને તે બધાં પણ યાર્ડમાં ઊભા હતાં. તેમણે પણ સુંદર રીતે શિસ્ત જાળવી. અને એમ પણ કહી શકાય કે શાળા તરફથી આ એક પ્રસંશનીય પ્રયાસ હતો. જો બાળક નાનપણથી નાટક જોતાં શીખે અને તેમાં રુચિ ધરાવતું થાય, તો નાટ્ય સંસ્કૃતિ નિ:શંક આગળ ધપવાની છે. (આપણી શાળાઓ પણ આમ કરે તો કેવું?) અહીં નાટકોની કદર થાય છે એ વાત ફરી એક વાર આંખ સમક્ષ સાબિત થઈ.

સાથે-સાથે એક અહેસાસ પણ થયો કે નાટક જોવું પણ એક કલા છે. જોનારમાં સ્વયંશિસ્ત તો હોવી જ જોઈએ પણ સાથે-સાથે એવી સૂઝ પણ હોવી જોઈએ કે કઈ ક્ષણે સ્ટેજ પર કઈ બાજુ જોવું. આટલાં બધાં પાત્રોમાં ક્યારે કયું પાત્ર શું કરી રહ્યું છે તે ઘણી વાર ચૂકી જવાય છે.

છેલ્લે-છેલ્લે, આ નાટકના ગમતા ચુનંદા સંવાદો:

- How much better is to weep at joy than to joy at weeping!
- Messenger: I see, lady, the gentleman is not in your books./ Beatrice: No; and he were, I would burn my study.
- I had rather hear my dog bark at a crow than a man sear he loves me.
- I would my horse had the speed of your tongue, and so good a continuer.
- He that has a beard is more than a youth; and he that has no beard is less than a man.
- Speak low, if you speak love.
- Friendship is constant in all other things,/ Save in the office and affairs of love:/ Therefore all hearts in love use their own tongues;/ Let every eye negotiate for itself,/ And trust no agent.
- The world must be peopled. When I said, I would die a bachelor, I did not think I should live till I were married.
- Some, Cupid kills with arrows, some, with traps.
- To be a well-favoured man is the gift of fortune; but to write and read comes by nature.
- For it so falls out /That what we have we prize not to the worth,/Whiles we enjoy it, but being lack'd and lost,/ Why, then we rack the value; then we find/The virtue, that possession would not show us/Whiles it was ours.
- I do love nothing in the world so we as you: is not that strange?
- For there was never yet philosppher,/That could endure the tooth-ache patiently.

•

ચિલ્લર પાર્ટીકી ભી ઈજ્જત હોતી હૈ!

અહીં યુ.કે.માં ૧૬ વર્ષથી નીચેના બાળકો ફાટીને ધૂમાડે જાય છે કારણ કે કાયદો તેમના પક્ષમાં છે. કોઈ તેમને હાથ ન લગાવી શકે. એક વાર એક મિત્રએ પોલિસને ફરિયાદ કરી હતી કે તેમના ફ્લેટના એન્ટ્રી ફોન પર રાત્રે નાના છોકરા ખૂબ બેલ વગાડે રાખે છે અને તેમની ઊંઘ બગાડે છે. કૉન્સ્ટેબલે જવાબ આપ્યો કે તેને એ છોકરાઓની આખી ટોળીનો પરિચય છે: નામ, સરનામું અને ઉંમર. પણ તે બધા ૧૬ વર્ષથી નાના હોઈ પોલિસ તેમને કશું ન કરી શકવા લાચાર છે. આજ હાલત શાળાઓમાં પણ થતી હોય છે. ભણે તો ઠીક બાકી શિક્ષકથી કંઈ કહેવાય નહીં. કારણ ૧૬ વર્ષથી નાના! હમણાં ઈંગ્લેન્ડમાં થયેલા તોફાનોમાં પણ આવા under 16 મોટી સંખ્યામાં હતાં કારણ કે તેમને ઘરે રાખવા માટે માતા પિતા અસક્ષમ હતાં. આ છોકરાઓ કોઈ દુકાનમાં જઈને વસ્તુ લઈને ભાગે અને પકડાય તો પણ વોર્નિંગ આપીને છોડી દેવામાં આવે. સરવાળે નુકસાન દુકાનદારનું જ થાય. આમ તો (કાગળ પર) આ 'કન્ટ્રી ઓફ ઈક્વલ ઑપર્ચ્યૂનિટિ' છે પણ તમારી અંગત મિલકતમાં કોઈને પ્રવેશવા દેવા કે નહીં, તે તમે નક્કી કરી શકો. માટે કોઈ શાળાની આસપાસની દુકાનો પર તમને આવી સૂચના જોવા મળશે:

જો કે ચિલ્લર પાર્ટીની પણ પોતાની ઈજ્જત હોય છે. તેમની સાથે આવો ભેદભાવ થાય એ તેમને ક્યાંથી ગમે? તેમણે પણ over 16 માટે ક્યાંક પ્રતિબંધ મૂક્યો છે. આથી, અહીં બ્રેન્ટ કાઉન્સિલના પબ્લિક પાર્કના રમતોવાળા વિભાગની બહાર આવી સૂચના જોવા મળે છે:

જોયું, 'કન્ટ્રી ઑફ ઈક્વલ ઑપર્ચ્યુનિટિ'!!!!!

•

વિઝાના નિયમો બદલાય તે પહેલાં ...

યુ.કે.માં પાછલાં બે-ત્રણ વર્ષમાં વિઝાના નિયમો એટલા બધા બદલાયા છે કે ન પૂછો વાત! અને તેમાંય સ્ટુડન્ટ વિઝાએ તો કેટલાયનાં જીવન બરબાદ કર્યા હશે. હવે તો આ દેશમાં આવવાના બધા જ દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. અને જે છે તેમને પણ પાછા કાઢવા માટે વિવિધ નિયમો લાવવામાં આવે છે. ઘણીવાર આ નિયમો સાંભળીને એમ લાગે કે આ લોકો મજાક કરવા બેઠા છે કે શું? જેમ કે, સ્ટુડન્ટ વિઝા માટે IELTSની પરીક્ષા ફરજિયાત નથી પણ એવો નિયમ ખરો કે જો કોઈ બ્રિટિશ નાગરિક યુરોપિયન યુનિયન બહારની વ્યક્તિને પરણે તો તે વ્યક્તિએ આ દેશમાં આવવા માટે ફરજિયાત અંગ્રેજી ભાષાને લગતી પરીક્ષા આપવાની. આવા નિયમોની મજાક ઉડાવતું એક કાર્ટૂન ઑક્ટોબર ૫, ૨૦૧૧ના રોજ "ઇવનિંગ સ્ટાન્ડર્ડ" અખબારમાં રજૂ થયું હતુંઃ

A team of scientists are setting off on a fresh hunt to find a tribe of yetis which allegedly have been sighted.



"We're off to the UK before they cut back on immigration and the human right to have a family life."

•

ગુજરાતીમાં શેક્સપિયરનું 'All's Well That Ends Well'

શેક્સપિયરના ગ્લોબ થિયેટરમાં વર્ષ-૨૦૧૨માં 'Globe to Globe' કાર્યક્રમ હેઠળ શેક્સપિયરનાં ૩૭ નાટકો અલગ-અલગ ૩૭ ભાષામાં રજૂ થવાનાં છે અને તેમાંની એક આપણી ગુજરાતી પણ છે. ૨૩/૫/૨૦૧૨ (બુધવાર બપોરે ૨.૩૦ વાગ્યે) અને ૨૪/૫/૨૦૧૨ (ગુરુવાર સાંજે ૭.૩૦ વાગ્યે)ના રોજ મુંબઈના 'અર્પણ' થિયેટર ગ્રુપ દ્વારા 'All's Well That Ends Well' ગુજરાતીમાં ભજવાશે. ગુજરાતી ભાષા અને સાહિત્યમાં રસ ધરાવનારા મિત્રોએ શેક્સપિયરનું ગ્લોબ થિયેટર અને ગુજરાતી ભાષાનો જીવનમાં એકવાર જોવા મળનારો આવો અનોખો સંગમ ચૂકવા જેવો નથી. ટિકિટ પાંચ પાઉન્ડથી શરૂ થાય છે. ... તો ત્યાં મળીએ!



•

પબ કલ્ચરમાં પરિવર્તન

ઇંગ્લિશ કલ્ચરમાં પબ (કે બાર)નું આગવું મહત્ત્વ છે. એકબીજાને હળવા-મળવા માટે લોકો પબ કે કોફી-શોપનો જ ઉપયોગ કરે છે. હજી પણ તેને સોશ્યલાઈઝ થવા માટેનું સૌથી અગત્યનું સ્થળ માનવામાં આવે છે. મારી એક વિદ્યાર્થિની કહેતી હતી કે તેના ગામની મધ્યમાં જ એક ૩૦૦ વર્ષ જેટલું જૂનું પબ આવેલું છે અને ગામના બધા જ તહેવાર કે કાર્યક્રમ ત્યાં જ થાય અને એકબીજાને મળવા માટે પણ એ જ સ્થળ. ભારતીયોની બહુધા સંખ્યા ધરાવનાર વેમ્બલી વિસ્તારમાં આવા ટ્રેડિશનલ બ્રિટિશ પબ પણ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ભારતીય બની ગયા છે. તેમણે પબમાં મંચિંગ માટે ટીક્કા મસાલા, ભજિયાં અને સમોસાં ઑફર કરવાં પડે છે. જુઓઃ

•

એક કલાક વધારે સૂવા મળશે!

જ્યારે સ્કૂલમાં ભણતા હતા અને આખર તારીખે ઘરે વહેલા જવાનું થતું, ત્યારે અમે બધાં એમ વાતો કરતા કે બે કલાક વધારે રમવા મળશે. એ જીવનમાં ઊર્જા અને ઉત્સાહ હતો! અહીં ઈંગ્લેન્ડમાં જ્યારે ગઈ કાલે ઘડિયાળ એક કલાક પાછળ ગઈ, ત્યારે અમે બધાં એમ વાતો કરતાં હતાં કે એક કલાક વધારે સૂવા મળશે. જો કે એ વધારાનો એક કલાક ક્યાં વેડફાઈ ગયો, તે તો ખબર પણ ન પડી અને હવે પાછા હતાં એમ ના એમ. ... વિન્ટર ટાઈમ વેલકમ!

•

પારકા (બ્રેન્ટ કાઉન્સિલના) પૈસે દિવાળી!

ભારતીયોની બહુમતી ધરાવતા લંડનના બ્રેન્ટ કાઉન્સિલમાં દિવાળીની ઉજવણીનું બિલ ધરખમ આવે છે, કારણ કે પ્રતિવર્ષ કાઉન્સિલ દ્વારા દિવાળી પરેડ અને ફાયરવર્કસનું આયોજન કરવામાં આવે છે. પરેડ ઈલિંગ રોડ પર આવેલા સનાતન મંદિરથી શરૂ થઈને બરહમ પાર્ક સુધી થાય છે. અને પછી, પાર્કમાં ફાયરવર્કસ શો હોય છે. દિવાળી પહેલાંનું વિક-એન્ડ આ માટે નક્કી માનવામાં આવે છે. પણ આ વખતે કાઉન્સિલ દ્વારા દિવાળી અને દેવ દિવાળીને

વચ્ચે આ આયોજન થયું અને તેમાં પણ પરેડ નહોતી થઈ, માત્ર ફાયરવર્ક્સ શો થયો.

•

લંડન ગામનાં ગાંડાં -૧

કહે છે ને કે 'ગાંડાંનાં ગામ ન હોય'! પણ દરેક ગામમાં કેટલાં ગાંડાં હોય, તે કોને ખબર? લંડન ગામનાં ગાંડાંનો એક નમૂનો જુઓ:

•

લંડન ગામનાં ગાંડાં -૨

એક પેટ્રોલપંપ પર ઉતાવળે પાડેલો ફોટો. તમે કંઈ પણ ખરીદો તે પહેલાં શું વેપારીએ એવું યાદ કરાવવું પડે કે પૈસા હોય તો જ ખરીદજો? અથવા શું આ પેટ્રોલપંપવાળો એમ સમજતો હશે કે અહીં બધા નર્શાત લોકો જ પેટ્રોલ પુરાવા આવે છે?

આની સાથે જ વર્ષો પહેલાં મેકડૉનાલ્ડમાં બનેલી ઘટના યાદ આવી ગઈ. કોઈ વ્યક્તિએ તેમની પર એવો કેસ કર્યો હતો કે મેકડૉનાલ્ડની કોફી તેના પર ઢોળાતાં તે દાઝી ગયો/ગયી અને તેને માટે મેકડૉનાલ્ડ જવાબદાર છે કારણ કે કોફી પર ક્યાં ય એવી સૂચના નહોતી છાપેલી કે કોફી દાઝી જવાય તેટલી ગરમ છે. બોલો! અને મેકડૉનાલ્ડ એ કેસ હારી જતાં તેમણે મોટી રકમ ચૂકવવી પડી હતી; અને ત્યારથી તેઓ કોફીના કપ પર એવી સૂચના છાપે પણ છે!

ક્રિસમસનાં ગીતો

આજે હેરોના સેંટ એન્ન'સ શૉપિંગ સેન્ટરમાં વૃદ્ધોની એક ચેરિટી દ્વારા યોજાયેલ ક્રિસમસનાં ગીતોનો કાર્યક્રમ જોવા મળ્યો. સાચું કહું તો ગીતના શબ્દોમાં કંઈ જ ખબર ન પડી, પરંતુ એ ગીતો દ્વારા ઊઠતો રવ સ્પર્શી ગયો. વૃદ્ધ ગાયકોનો જુસ્સો પણ ગમ્યો. સાથે-સાથે જ William Wordsworthનું પ્રખ્યાત ballad 'The Solitary Reaper' પણ યાદ આવી ગયું -

> Whate'er the theme, the Maiden sang
> As if her song could have no ending;
> I saw her singing at her work,
> And o'er the sickle bending; -
> I listen'd, motionless and still;
> And, as I mounted up the hill,
> The music in my heart I bore,
> Long after it was heard no more.

•

પ્યૂન એટલે શું?

આજે એક ઇંગ્લિશ મિત્ર સાથે ભ્રષ્ટાચારની વાત નીકળતાં મેં તેને ઉજ્જૈનના કરોડપતિ પટ્ટાવાળાની વાત કરી. મને એમ કે તે તેનું આશ્ચર્ય વ્યક્ત કરશે, પણ તેણે તો તેનું અજ્ઞાન વ્યક્ત કર્યું. તેણે મને પૂછ્યું, 'આ પ્યૂન એટલે શું?' અને જ્યારે મે તેને એ શબ્દનો મતલબ સમજાવ્યો, ત્યારે તેણે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

અહીં યુ.કે. કે યુરોપમાં પટ્ટાવાળા રાખવાની પ્રથા જ નથી. જો કોઈને ચા-કોફી પીવી હોય કે કંઈ બીજું કામ હોય, તો તે જાતે જ એ કામ કરશે. કામ કરવાવાળા માણસોની તંગી હોવાનું કારણ હવે જૂનું થઈ ગયું, અહીં તો બેકારોની આખી ફોજ છે. કારણ છે માણસોની સ્વાશ્રયની આદત અને કામ કરનારની કદર (Dignity of Labour). મારી પહેલાંની નોકરીમાં બે મેનેજર અને છ વર્કર એમ કુલ આઠ જ જણાનો સ્ટાફ હતો અને મેનેજર સહિત બધા જ વારા પ્રમાણે શૌચાલય પણ સાફ કરતા હતા. બાકી, આપણે ત્યાં પટ્ટાવાળા ઓફિસના કામ કરતા સાહેબનું અંગત કામ વધારે કરતા હોય છે, તે કોણ નથી જાણતું?

•

Please Inform the iPhoners

આજે Warwick Avenueથી બેકરલુ લાઈન પકડી, ત્યારે Queens Park આવતાં પહેલાં ટ્યુબ ઓપરેટરે રમૂજી ઉદ્‌ઘોષણા કરી હતી: "Ladies and Gentlemen, this train will terminate at the next station. Pleas take your all belongings with you. Please inform the iPhoners sitting next to you that the train will terminate at next stop." ઈઅર ફોન ભરાવી સંગીત સાંભળનારા iPhoners માટે તેણે આ ઉદ્‌ઘોષણા કરી હતી. મારી સામે જ બે સન્નારીઓ બેઠી હતી - માતા અને પુત્રી અને પુત્રીના હાથમાં iPhone હતો. બંને આ સાંભળીને એકબીજાંની સામે જોઈને મલકી પડ્યાં!

•

ભારતથી યુ.કે. આવતા વિદ્યાર્થીઓની વ્યથા અશ્વિની ભટ્ટની કલમે

ભારતવર્ષ પર ૨૦૦ વર્ષ રાજ્ય કરી ચૂકેલા બ્રિટિશરો વિશે અશ્વિની ભટ્ટની 'ઓથાર'ના બીજા ભાગમાં એક રસપ્રદ અવલોકન વાંચવા મળ્યું. આમ તો એ નવલકથાનો ભાગ છે, માટે તેને ઈતિહાસ તો ન કહી શકાય, પણ એ વાત સાવ સાચી છે, તે તો તમે પણ કહેશો.

સર પોવેલની અંતિમક્રિયા વખતે (પેજ: ૭૩, ભાગ ૨) અશ્વિની ભટ્ટ લખે છે:

> અહીં આવીને કેટલાયે જવાનો અકાળે વૃદ્ધત્વ પામતાં છતાં હિન્દની ધરતીની મોહિની તેમને ખેંચી લાવતી. અહીં તેમને તેમની શક્તિ સમોવડો કે તેથી ય વિશેષ પડકાર સાંપડતો ... સત્તા મળતી ... સ્વર્ગથી અદકેરો વૈભવ મળતો, તેમની વાસનાઓની મોક્ષાતીત પરિતૃપ્તિ થતી. જે મોતને ખોળે જતા તે અહીં જ સમાઈ જતા. જે જીવતા તે ઇંગ્લેન્ડમાં અલૌકિક સ્વર્ગ પામતા. કર્નલ મેલેટ, ડૉ. મિલમેન, સર

વિલિયમ કેમ્પબેલ અને પોવેલ જેવા વજ્જરબંધા અને તેમની સાથે આવતી મેમસાહિબોની મહત્ત્વાકાંક્ષાઓથી હિન્દની ધરતીના પોપડા પર એક નક્કર સંસ્થાન રચાયું હતું. ઉપખંડમાં ક્યારે ય રચાયું ન હોય તેવું એકચક્રી સામ્રાજ્ય અહીં પાંગર્યું હતું.

આ સંસ્થાનવાદીઓ સામ્રાજ્યની બંદીશ સાચવતા છતાં તેમની અંગત આકાંક્ષાઓ, તેમને લૂંટારાઓની કક્ષામાં લઈ જતી. અંગ્રેજ તખ્તની તિજોરીઓની સાથે સાથે તેમની અંગત અલમારીઓ પણ દોલતથી છલકાતી. તેમની મેમસાહિબો હંમેશા દોલત માટે તલસતી. હરહંમેશ એ તરસ પ્રદીપ્ત રહેતી. જે ઈંગ્લેન્ડ પાછા ફરતા તે શેફિલ્ડ કે ડર્બી, વેસ્ટમોર કે યોર્કશાયરની નીલી ધરતી પર સ્વર્ગ રચતા. જંગી ખેતરો, પેન્ટ હાઉસ. વીલા, કેસલ્સ અને વુડલેન્ડ, ઘોડા અને હરિયાળા ચરા, શિકારી કૂતરાઓ … રેશમી વસ્ત્રો અને અલભ્ય ગાલીચા … તેમનો એશ … તેમનો આરામ. .. આ બધું જ અંગ્રેજ જુવાનો જોતા. એરેબિયન નાઈટ્સની કથાઓમાં આવતી જિંદગી ગાળતા આ અંગ્રેજ ડેંડીઓની રહનસહન જોઈને કંઈક લોકો હિંદના શમણાં સેવતા. સુરત અને કલકત્તાનાં બારાં ગોરા આગંતુકોથી છલકાતાં. એક પોવેલ ગુજરી જતો તો બીજો લઈ લેતો તેનું સ્થાન. સામ્રાજ્ય વિસ્તરતું અને લૂંટ આગળ ચાલતી. એ લૂંટમાં પણ હરીફાઈ થતી … એક વખત હિંદમાં જતા જવાનોને પોતાની દીકરી પરણાવતાં ગભરાતાં મા-બાપો, હિંદ જનારો મુરતિયો મેળવવા મરી ફીટતા …

કહે છે ને કે History repeats itself. અત્યારે આજ ઘટનાક્રમ થોડાક ફેરફાર સાથે જોવા મળે છે. ફેરફાર એટલો જ કે હવે સુરત અને કલકત્તાના બારા નહીં પણ હીથરો અને ગેટવિકના એરપોર્ટ છલકાય છે, ભારતીય વિદ્યાર્થીઓનાં આગમનથી. હીથરો એરપોર્ટ પર એર ઈન્ડિયામાં કામ કરતો એક મિત્ર કહેતો હતો કે ૨૦૦૯માં એક સમયગાળો એવો હતો કે જ્યારે રોજ સરેરાશ ભારતથી ૩૦૦ વિદ્યાર્થીઓ આવતાં. તે સમયે IELTS વિના અને બેંકમાં માત્ર એક જ દિવસ પૂરતાં ૬ થી ૮ લાખ રૂપિયા બેલેન્સ બતાવવામાં આવે તો કોઈને પણ સ્ટુડન્ટ વિઝા મળી જતાં હતાં. અંગ્રેજીના બિલકુલ ઓછા જ્ઞાનને કારણે અહીં આવી પહોંચેલા કેટલાયે ભારતીયો ખૂબ પરેશાનીનો ભોગ બન્યાં, દેવામાં ડૂબી ગયા કે ખાલી હાથે ભારત પાછા ગયા. માટે ઉપરના બે ફકરાને થોડાક ફેરફાર સાથે આમ લખી શકાય:

અહીં આવીને કેટલાયે જવાનો અકાળે વૃદ્ધત્વ પામતાં છતાં ઈંગ્લેન્ડની ધરતીની (ગોરી) મોહિની તેમને ખેંચી લાવતી. અહીં તેમને તેમની શક્તિ સમોવડો (પ્રાઈમાર્ક, બુટ્સ, ટેસ્કો, આસ્દા) કે તેથી ય વિશેષ (કડિયાકામ, સુથારીકામ, ડોર-ટુ-ડોર સેલ્સમેનશીપ જેવો) પડકાર સાંપડતો … સત્તા મળતી … સ્વર્ગથી અદકેરો (એક રૂમમાં ચાર જણાએ બંક બેડ પર બેકારીના દિવસો વિતાવવાનો) વૈભવ મળતો,, તેમની વાસનાઓની મોક્ષાતીત પરિતૃપ્તિ થતી. જે બેકારીના ખોળે જતા તે ભારત પાછા જતાં. જેને નોકરી મળતી તે ઈંગ્લેન્ડમાં અલૌકિક સ્વર્ગ (બાર માણસો વચ્ચે ભાડે લીધેલ એક ફ્લેટ, ૧૨ કલાકની નોકરી, મોંઘવારી અને વિઝા એક્સટેન્શનના ટેન્શન) પામતા. મિ. પટેલ, મિ. શાહ, મિ. મહેતા અને મિ. ઠક્કર જેવા વજ્જરબંધા અને તેમની સાથે આવતી મેમસાહિબોની (વિદેશગમનની) મહત્ત્વાકાંક્ષાઓથી ઈંગ્લેન્ડની ધરતીના પોપડા પર (ત્રણ મહિનામાં બંધ થઈ જતી કૉલેજોનું) એક પોલુ સંસ્થાન રચાયું હતું. યુ.કે.માં ક્યારેય રચાયું ન હોય તેવું (હોમ ઓફિસનું) એકચક્રી સામ્રાજ્ય અહીં પાંગર્યું હતું.

આ વિદ્યાર્થીઓ કામકાજની બંદીશ સાચવતા છતાં તેમની અંગત આકાંક્ષાઓ, તેમને ડુંગરપુરિયાની કક્ષામાં લઈ જતી. માત્ર અંગ્રેજ તખ્તની તિજોરીઓની તેમણે ભરેલી વિઝા ફી અને ટેક્સથી છલકાતી. તેમની (સાતેય દિવસ કામ કરતી) મેમસાહિબો હંમેશાં દોલત માટે તલસતી. હરહંમેશ એ તરસ પ્રદીપ્ત રહેતી. જે ભારત પાછા ફરતા તે અમદાવાદ કે સુરત, લુધિયાણા કે ચંડીગઢની નીલી ધરતી પર સ્વર્ગ રચતા. EMI પર લીધેલી કાર, જૂના ફર્નિચરવાળા નવા ફ્લેટ્સ. (બોક્સિંગ ડે ના દિવસે નેક્સ્ટમાંથી કે બાકીના દિવસોમાં પ્રાઈમાર્કમાંથી લીધેલાં) રેશમી વસ્ત્રો અને (પાઉન્ડલેન્ડના) અલભ્ય અત્તર … તેમનો એશ … (ભારત પાછા ફર્યા બાદ શરૂઆતમાં કામ-ધંધો ન મળવાથી કરવો પડતો) તેમનો આરામ.. આ બધું જ ભારતીય જુવાનો જોતા. 'માલગુડી ડે'ઝ'ની કથાઓમાં આવતી જિંદગી ગાળતા આ ભારતીય dudesની રહનસહન જોઈને કંઈક લોકો ઈંગ્લેન્ડના શમણાં સેવતા. હીથરો અને ગેટવિક એરપોર્ટ ભારતીય વિદ્યાર્થીઓથી છલકાતાં. એક પટેલ જતો તો બીજો લઈ લેતો તેનું સ્થાન. વિઝા વિસ્તરતા અને (હોમ ઓફિસની) લૂંટ આગળ ચાલતી. એ લૂંટમાં પણ (વિઝા એજન્ટોની) હરીફાઈ થતી … એક વખત ઈંગ્લેન્ડ જતા જવાનોને પોતાની દીકરી પરણાવતાં ગભરાતાં મા-બાપો, ઈંગ્લેન્ડ જનારો મુરતિયો મેળવવા મરી ફીટતા ..

અશ્વિની ભટ્ટની ક્ષમાપના યાચતો, ભારતથી આવેલો એક ભૂતપૂર્વ વિદ્યાર્થી, એવું હું ખરા દિલથી એવું સ્વપ્ન સેવું છું કે History will repeat itself અને આ અંગ્રેજો ફરી એક વાર નોકરી શોધવા ભારત નામના સુપરપાવરમાં આવે. આ સમસ્યાના અનુસંધાનમાં BBCએ એક વીડિયો રિપોર્ટ તૈયાર કરેલો છે.

•

'દેસી બોયઝ' ફિલ્મ - ભારતીય સમાજનો પ્રગટ દંભ

જે સમાજમાં લગભગ ૧૭૦૦ વર્ષ પહેલાં 'કામશાસ્ત્ર' નામનો ગ્રંથ રચાયો, સ્વીકારાયો અને વખણાયો, તેમાં ખબર નહીં કેમ કામ(sex)નું નામ

કાવ્યચર્યા : (ડાબેથી) શશીબહેન પટેલ, રમણભાઈ પટેલ, કેશવભાઈ જે. પટેલ, જ્ઞાનદેવભાઈ શેઠ, અનિલભાઈ વ્યાસ, ભદ્રાબહેન વડગામા, વિપુલ કલ્યાણી, ચિરાગભાઈ ઠક્કર, ધ્વનિબહેન ભટ્ટ, અઝીઝભાઈ રતનશી, ધવલભાઈ વ્યાસ, જયંતીભાઈ રાવલ અને મંજુલાબહેન મકવાણા. (છબિ સૌજન્ય : શરદભાઈ રાવલ)

(જાહેરમાં) લેવામાં આવે, ત્યારે લોકો નાકનું ટેરવું ચડાવવામાં સભ્યતા સમજે છે. અને તેનું ઉદાહરણ આજે 'દેસી બોયઝ' ફિલ્મમાં જોવા મળ્યું. આ ફિલ્મમાં જે દંભ જોવા મળ્યો, તેની વાત કરું.

• બંને હિરો બેરોજગારીને કારણે એસ્કોર્ટ એજન્સીમાં કામ કરે છે પણ જનતાની નજરમાં હિરો રહેવા તેમણે નિયમ રાખ્યો છે: 'No Sex.' બધા જ જાણે છે કે વાસ્તવિકતા શું છે છતાં એવો દંભનો પડદો રાખવામાં આવ્યો છે કે હિરોને sex સાથે સંબંધ જ નથી. :)

• છેલ્લે આવતા કોર્ટના દ્રશ્યમાં પણ એક વકીલ દ્વારા એ જ વાતને ઉછાળવામાં આવી કે આ કામ કરનારને જાણે કે માતા-પિતા બનવાનો અધિકાર જ નથી. શું સેક્સ-વર્કર્સને બાળકો હોવાં જ ન જોઈએ? વાસ્તવિકતા તો એ છે કે યુ.કે.ના Social Security Department પર એટલો ભાર છે કે માતા-પિતાની બેકારીને કારણે ફોસ્ટર કેરમાં રહેતાં બાળકોના માતા-પિતા જ્યારે એમ કહે છે કે તેઓ આર્થિક રીતે પગભર છે ત્યારે, યોગ્ય તપાસ બાદ બાળકને રાજીખુશીથી માતા-પિતા (કે ગાર્ડિયન) ને પાછુ સોંપવામાં આવે છે.

એવું કહેવામાં આવે છે કે સાહિત્ય(કે ફિલ્મ/સિરિયલ)ને માણવા માટે willing suspension of disbelief સાથે જ જવું. પણ જ્યારે ૧૨૦ કરોડની વસ્તી ધરાવતા ભારતદેશના નાગરિક તરીકે આવો દંભ જોવા મળે ત્યારે બોલ્યા વિના રહેવાતું નથી. આ સંદર્ભે જય વસાવડાનો થોડાંક વર્ષો પહેલાં લખાયેલો એક લેખ હજી પણ વાંચવા જેવો છે.

•

લક્ષ્મીના પિતા

આ દેશમાં મોટા ભાગની વસ્તુઓના ભાવ ૯ના આંકડા પર જ પૂરા થતા હોય છે. (£૨ નહીં પણ £૧.૯૯; £૫.૫૦ નહીં પણ £૫.૪૯; કે £૧૦૦ નહીં પણ £૯૯.૯૯) તેના મનોવૈજ્ઞાનિક અને વ્યવસાયિક લાભ તો સ્પષ્ટ જ છે પણ તેનો ગેરલાભ પણ છે. ગેરલાભ એ કે ગ્રાહકોનાં ખિસ્સામાં ૧ પેનીનો ઢગલો થવા માંડે છે, અને કેટલા ય લોકો તો ૧ પેની પાછી લેવા ઊભા પણ નથી રહેતાં. જે ૧ પેની પાછી લે તેમાંના ઘણા તેને રસ્તા પર ફેંકી દે તેવું પણ બને છે. તાંબાની બનેલી ૧ પેની અને ૨ પેની રસ્તા પર પડેલી મળવી એ રોજની ઘટના છે.

એક ભારતીય તરીકે લક્ષ્મીદેવીને આમ રસ્તે રઝળતા મૂકી દેવાનું કોને ગમે? મને તો જ્યારે પણ રસ્તા પર પડેલા ૧, ૨, ૫, કે ૧૦ પેનીના સિક્કા જોવા મળે ત્યારે (મોટા ભાગે) હું તેને વિના સંકોચ ઉપાડી લઉં અને આવા ઘણા બધા સિક્કા ભેગા થાય ત્યારે છેવટે તે પહોંચે મંદિરમાં કે કોઈ ચેરિટીમાં.

આજે કામ કરવાના સ્થળે મને એક પેનીનો સિક્કો દેખાયો અને મેં તેને ઉપાડી લીધો. એ જોઈને મારી સહકાર્યકર બોલી ઊઠી, 'લક્ષ્મીપતિ થવાનો બહુ શોખ છે ને કંઈ!' મારી પુત્રી આર્નાનાં નામનો મતલબ લક્ષ્મીદેવી થાય માટે મેં કહ્યું, 'લક્ષ્મીપતિ નહીં પણ લક્ષ્મીના પિતા થવાનો શોખ છે.'

આમ પણ લક્ષ્મીને પતિની જેમ આધિપત્યમાં રાખવાને બદલે જો પિતાની જેમ એક અમાનત તરીકે સાચવીને યોગ્ય જગ્યાએ વળાવી દેવામાં આવે તો લક્ષ્મીદેવીની વધારે કદર થાય, એવું હંમેશાં લાગ્યું છે. … શું કહો છો?

•

Disagree with dignity

થોડા સમય પહેલાં @SrBachchanની એક tweet માં વાંચ્યું હતું 'Discussion better than argument ! Argument finds out WHO is right, discussion finds out WHAT is right !' આપણા દેશમાં રાજકારણીઓ પ્રત્યે માન ન હોવાનું સૌથી મોટું કારણ આજ છે. જ્યારે રાજ્યસભા કે વિધાનસભાની ચર્ચાઓ જોવામાં આવે ત્યારે આપણા ચૂંટેલા પ્રતિનિધિઓ 'WHAT is right' નહીં પરંતું 'WHO is right'ની પાછળ જ સમય અને શક્તિ બગાડતાં જોવા મળે છે. ઘણીવાર આ ચર્ચાઓ ખૂબ નિમ્ન સ્તરની હોય છે અને ક્યારેક તો છુટ્ટા હાથની મારામારી પણ થઈ જાય છે. તેમને એકબીજા પર આરોપ-પ્રત્યારોપ કરતાં જોઈને તો આપણને કાદવમાં આળોટતા ડુક્કર જ યાદ આવે. (કોઈને દિગ્વિજય સિંગ યાદ આવ્યા?) જો તેઓ પોતે જ એકબીજાનું અપમાન કરતા રહેશે તો જનતા તેમનું માન કઈ રીતે રાખશે? આવા નેતાઓને જનતા તમાચો ન મારે તો જ નવાઈ.

ઈંગ્લેન્ડમાં પણ રાજકારણી તો રાજકારણી જ છે. (કાગડા બધે કાળા જ હોય ને!) પણ એમના જમા ખાતે એટલું તો જરૂર લખી શકાય કે તેમને એકબીજાનો વિરોધ કરતાં આવડે છે. પાછલાં ત્રણ-ચાર વર્ષથી જાણે એક વણલખ્યો નિયમ હોય તેમ દરેક ૨જી જાન્યુઆરીએ બસ અને ટ્રેનના ભાડા અચૂક વધે છે. જે સિંગલ ટિકિટના (ઓઈસ્ટરમાં) ૨૦૦૬માં ૫૦ પેન્સ હતાં તેના ૨૦૧૨ માં £૧.૩૫ છે. કોઈ બસ કે ટ્રેન કંપની એક પણ વર્ષ ખોટમાં નથી જતી અને છતાં પ્રત્યેક વર્ષે મુસાફરીના દર વધતાં જ રહે છે. કારણ આપવામાં આવે છે કે નેટવર્કના સુધારા અને વધારાનું પણ જેટલા ભાડામાં સુધારા અને વધારા દેખાય છે તેટલા નેટવર્કમાં નથી દેખાતા. બોરિસ જહોન્સનના પ્રશાસનમાં થયેલા આ વધારાનો વિરોધ કરવા મુખ્ય વિરોધી પક્ષ લેબર પાર્ટી દ્વારા કાલના Evening Standard વર્તમાનપત્રમાં આવી જાહેરાત છપાવવામાં આવી હતી:

Hole in the Wall

ભારતીય ક્રિકેટ ટીમની Wall તરીકે ઓળખાતા રાહુલ દ્રવિડને ઑસ્ટ્રેલિયામાં ઉપરા-ઉપરી ક્લિન બૉલ્ડ થતો જોઈને મને યુ.કે.ની પ્રખ્યાત બૅન્ક Barclaysનું ATM યાદ આવી ગયું.

('Hole in the Wall' એ Barclays Bankનો trademark છે કે જેણે દુનિયાનું પહેલું ATM ઉત્તર લંડનના Enfield વિસ્તારમાં 1967માં શરૂ કર્યું હતું. wiki)

•

ઓક્સફર્ડ સ્ટ્રીટ જળબંબોળ

જેમ અમદાવાદનો સી.જી. રોડ તેમ લંડનની ઓક્સફર્ડ સ્ટ્રીટ. ગઈકાલે, જાન્યુઆરી ૧૨, ૨૦૧૨ ના રોજ સાંજના આઠથી સાડા આઠ દરમિયાન એ ઓક્સફર્ડ સ્ટ્રીટના પશ્ચિમ છેડે પાણી લઈ જતી એક પાઈપ ફાટતાં તે ભાગ જળબંબોળ થઈ ગયો હતો. શરૂઆતનો અડધો કલાક તેને હળવાશથી લેવામાં આવ્યું પણ જેવું પાણીનું સ્તર વધવા લાગ્યું કે તરત જ પોલિસ અને ફાયર બ્રિગેડને બોલાવવામાં આવી હતી અને તેને કાબૂમાં લેવાના પ્રયત્નો શરૂ થયા હતાં. માત્ર ભારતમાં જ આવું થાય તેમ થોડું છે! ત્યાં આવા દ્રશ્યો સર્જાયા હતાં-



•

પુસ્તકપ્રેમીની વ્યથા

બસ કે ટ્યૂબમાં નિયમિત મુસાફરી કરનારા એ સમયનો ઉપયોગ અહીં મોટાભાગે સંગીત સાંભળવા માટે કે વાંચવા માટે કરતા જોવા મળે છે. કોઈ પરિચિત તેમને જોઈ જાય તો બે વસ્તુ બને: (૧) વાંચનાર કે સંગીત સાંભળનારને ડિસ્ટર્બ ન કરવા. (૨) જો બંનેની નજરો મળી જાય તો એકદમ ધીમા અવાજે વાતો કરવી કે જેથી બીજા ડિસ્ટર્બ ન થાય. પણ જો કોઈ ભારતીય ઉપખંડની વ્યકિત સંગીત સાંભળતી કે વાંચતી હોય, અને તેને ભારતીય ઉપખંડનું જ કોઈ જોઈ જાય તો શું થઈ શકે તેની એક યાદી:

- જો નેટવર્ક હોય, તો પોતાના મોબાઈલથી જે-તે સંગીત સાંભળી રહેલા પરિચિતને મિસ-કૉલ મારવો.
- જો નેટવર્ક ન હોય, તો તેની બાજુમાં જઈને બેસવું અને તેને ખભા પર એક ટાપલી મારી આખો ડબ્બો સાંભળે તેમ પૂછવું, 'શું પાર્ટી, બહુ બિઝિ થઈ ગયા છો ને આજકાલ?'
- બસની છેલ્લી સીટ પર જગા મળી હોય, અને પરિચિત બે-ત્રણ સીટ આગળ બેસીને સંગીત કે પુસ્તક માણતો હોય તો ત્યાંથી જ બૂમો પાડીને વાતો કરવી.
- જો પેલો પુસ્તક પ્રેમી હસીને એકાદ-બે સવાલના જવાબ આપીને પાછો તેની નજર પુસ્તક તરફ લઈ જાય તો પછી પુસ્તક વિશે સવાલ પૂછવામાં આવે. 'શેની ચોપડી છે?' અથવા 'એકાદ લીટીમાં કહો કે શું વાર્તા છે?' (સૌથી પીડાકારક સવાલ.)
- કોઈ નવલકથાનું નવું પ્રકરણ શરૂ થતું હોય, તો તે જોઈને પૂછે, 'બીજી વાર્તા શરૂ થઈ? આગળની વાર્તામાં શું હતું?'
- પુસ્તકપ્રેમીની વાંચવાની આદત વિશે કોમેન્ટ કરવી, 'આ શું યાર આખો દિવસ વાંચવાનું? કંટાળો નથી આવતો? હું તો ભણવાની ચોપડીઓ પણ માંડ-માંડ વાંચતો'તો.'

(ઈમેજ કર્ટસી @Quote4Writers http://t.co/I66mxo90)

•

નટરાજ

અમદાવાદમાં હતો ત્યારે સમજણ આવ્યા બાદ ભાગ્યે જ પ્રકૃતિ સાથે અને ખાસ કરીને વૃક્ષો સાથે પનારો પડ્યો છે. ઘણીવાર એમ થતું કે વર્ડસવર્થ કે ફ્રોસ્ટ કે શેલીની પ્રકૃતિસભર કવિતાઓ વાંચતાં-વાંચતાં કોઈ વૃક્ષ જોવાનું મન થાય તો છેલ્લા ઉપાય તરીકે દૂરબીન લઈને ધાબે જવું પડતું. લંડનના વસવાટમાં એ બહુ મોટું સુખ છે. એક વફાદાર મિત્રની જેમ પ્રકૃતિ હંમેશાં સાથે જ રહી છે. અહીં આવીને પહેલીવાર ફૂલનો રસ પીવામાં મગ્ન ભમરો જોવા મળ્યો છે. ઘરની આસપાસમાં જ ત્રણ પાર્ક છે. અને તે ત્રણમાં સૌથી મોટા બર્હામ પાર્કમાં રહેલા આ વૃક્ષે મને હંમેશાં નટરાજની યાદ અપાવી છે.

(સદ્‌ભાવ : http://shabareesanchay.blogspot.com/p/blog-page_07.html)

e.mail : chiragthakkar.jay@gmail.com

ગુફ્તગૂ –

... અને જવાબ મળે તો જાણ કરજો

ચિંતન શેલત :

કાલે આપણો પ્રજાસત્તાક દિવસ છે. ઘણા બધા સ્ટેટસ મૂકાશે કે દેશ ખરેખર પ્રજાસત્તાક છે, એ નહીં અને એવું બધું; શું તકલીફ છે એ બધાને ખબર છે તો એનું પિષ્ટપેષણ કરવાથી એ મુદ્દો હલ નહીં થઈ જાય. આજે ઘણા બધા મુદ્દાઓ ચર્ચાઈ રહ્યા છે : સલમાન રશદી, બાબા રામદેવ, સ્વ. સંદીપ ઉન્નિક્રિષ્નન. અને આ બધી જ ચર્ચાઓએ આપણી બિનસાંપ્રદાયિકતા અને આપણા પ્રજાસત્તાક પર સવાલ ઉઠાવાયા છે.

જે દેશમાં વિવિધતામાં એકતાની વાતો જ ખાલી થતી હોય, ત્યાં આપણને બિનસાંપ્રદાયિકતાનો અનુભવ જ નથી. Cultural diversity કોને કહેવાય એ મેં મારાં ૨૧ વર્ષોમાં કોઈ દિવસ અનુભવ્યું જ નથી ને. આવું મારાં જેવાં ઘણાં યુવાનોનું છે. અને એમને કોઈ ધર્મઝનૂનીઓ દ્વારા બ્રેઈનવૉશ કરવાં તદ્દન સહેલાં છે. જે લોકો દેશના વિરોધમાં કામ કરે છે, વાંક એમનો નથી. એમને જે કામ કરવું છે એ તો તેઓ કરે જ છે. જય વસાવડાએ સાચી જ વાત કરી છે, તકલીફ એ જ છે કે જે લોકો વિરોધી નથી એ લોકો સહાય પણ નથી જ કરતાં. મને cultural diversityનો અનુભવ થયો હોય તો એ અહીંયા અમેરિકા આવીને જ થયો છે.

હું 'મેકડોનાલ્ડ્સ'માં કામ કરું છું. આજે જ એક મિડલ-ઈસ્ટથી આવેલી મુસ્લિમ છોકરી અને એક ચાઈનીઝ છોકરી, બે ય બહેનપણીઓ એક બીજાનું બિલ આપવા માટે પ્રેમાગ્રહ કરતી હતી. રોજ અહીંયા જોઈ શકાય છે કે અલગ અલગ ધર્મનાં વિદ્યાર્થીઓ એક ટેબલ પર બેસીને વાળું કરતાં હોય. અહીં કોઈ કોઈને પોતાનાં સંસ્કાર મૂકવાનું નથી કહેતું. બીજાનાં અપનાવવાની વાત છે. તો અહીં આવીને ખબર પડે છે કે cultural diversity કોને કહેવાય.

ચાઈનીઝ સરકાર એમનાં વિદ્યાર્થીઓને પાછાં આવવાની શરતે અહીંયા આ અનુભવ મેળવવા મોકલે છે. તો શું આપણી સરકાર આમ ન કરી શકે? જો આવતી પેઢી well groomed હશે, તો બીજી તકલીફ શું પડશે? ઉપાય ઘણાં છે.

અને હજુ તો પ્રદેશવાદનો કીડો પેસ્યો છે આપણે ત્યાં. 'મેકડોનાલ્ડ્સ'માં કામ કરતાં બધાં જ લોકો આફ્રિકન અમેરિકન છે. અપવાદ રૂપે ત્રણ અમેરિકન એટલાં ધોળાં કે તમને શંકા જાય કે શરીરમાં લોહી હશે કે કેમ. અને એમાં હું અને મારો મિત્ર પૂરા ભારતીય. અમારી તો ઍક્સન્ટ પણ અલગ છે. પણ કામ કરતી વખતે લાગે જ નહીં કે તદ્દન ભિન્ન કલચરનાં લોકો જોડે કામ કરીએ છીએ. એ લોકો એટલાં કલચરલી ડાઈવર્સ્ડ છે કે અમને એવું અનુભવાય જ નહીં.

આપણે ડાહી ડાહી વાતો કરીએ છીએ. પણ એનાં બદલે એટલો જ સમય અને શક્તિ આપણાં યુવાધનને સાચવવામાં ખર્ચીએ તો આજ ભલે બગડેલી છે પણ કાલ તો સુધરશે ને???

ઋતુલ જોશી :

It is heartening to see a youngster like you writing like this. Yes, cultural diversity is linked with the kind of exposure a person gets away from her/his comfort zones of village, city, country. નાત-જાત-ધર્મનાં નામે કે સંસ્કૃતિ વગેરેને બદનામ કરીને જે સંકુચિતતા પોષવામાં આવે છે તેમાં કુટુંબ અને સમાજનો મોટો વાંક હોય છે. બહાર જવાથી, નવા લોકોને મળવાથી, તેમની રહેણી-કરણી, ખાન-પાન વગેરે સમજવાથી દિલ-દિમાગની ક્ષિતિજો વિસ્તરે છે. આવો જ અનુભવ મને યુ.કે.માં પાકિસ્તાની મૂળનાં લોકો જોડે થયેલો. દેખાવ પરથી ભારતીય લગતા એ લોકોને મળીને એમ જ થાય કે આ લોકો તો આપણા જ જેવા છે. જે અમુક ભિન્નતા હોય છે તેવી તો ભારતમાં ઉત્તર-દક્ષિણ કે પૂર્વ-પશ્ચિમમાં પણ જોવા મળે છે. કોઈક વળી સાદત હસન મન્ટોનો પ્રેમી પણ મળી જાય તો મજા પડે. આવા અનુભવો પરથી હું તો એવા નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે દુનિયામાં બે પ્રકારના લોકો વસે છે, એક સંકુચિત વિચારવાળા અને બીજા ખુલ્લા દિલના. ખુલ્લા દિલવાળા લોકોને ગળે લગાડવાના અને સંકુચિત લોકોથી એક વાંસ જેટલું દૂર રહેવાનું.

બીજી વાત છે જે તે જ્ઞાતિ કે ધર્મના હોવાથી ગર્વ લેવાની વાત. ગર્વ એ વાતનો જ લઈ શકાય કે જેના માટે પોતે કંઈક કર્યું હોય, જે તે જાત કે ધર્મમાં જન્મ લેવાનો(કે જે એક જૈવિક અકસ્માત જ છે)નો ગર્વ કઈ રીતે લઈ શકાય. આવા ખોટા ગર્વને અભિમાન કહેવાય અને એક પ્રકારની જડ સંકુચિતતા કહેવાય. ગુજરાત જેવી સદીઓથી 'ગ્લોબલ' સંસ્કૃતિમાં પણ અત્યારે સંકુચિત લોકોનો, લેખકોનો રાફડો ફાટેલો છે. આમ, વાતો યુવાનોની કરતા હોય પણ અમુક મામલામાં તેમની બુદ્ધિ ૧૮મી સદીની હોય. એટલે અંગત રીતે નક્કી કર્યું છે કે જે વ્યક્તિમાં કોઈ જ્ઞાતિ, ધર્મ, સ્ત્રી-પુરુષ વગેરે વિષે કોઈ પ્રકારના સ્ટિરિયોટાઈપ ખ્યાલો ન હોય અને જે ખુલ્લા દિલના હોય તેમને જ વાંચવા. બાકી મને તમારા જેવા યુવાનોના લીધે વિશ્વાસ છે કે ભવિષ્યની પેઢી જૂની પેઢીઓ કરતા એકંદરે ખુલ્લા-દિલની જ હશે.

અજય ભટ્ટ :

એમાં ઘણો ખરો વાંક આપણો કાઢી શકાય, છોકરું જન્મે ત્યારથી. હું પહેલો મણિનગરનો, પછી અમદાવાદનો, પછી ગુજરાતનો, પછી ભારતનો, પછી એશિયાનો; અને છેલ્લે કંઈ વધે તો આ દુનિયાનો ...!! કૂવામાંના દેડકા જેવું જ્ઞાન ઘોડિયાથી માંડી ને શાળા સુધી અપાય છે. અને કોલેજના પણ આવા જ હાલ છે, ભાઈ ... ક્યારે ય વિચાર્યું છે કે કેમ સામાન્ય ગુજરાત યુનિવર્સિટી અને IIM/IITના વિદ્યાર્થી વચ્ચે આટલો ફરક કેમ હોય છે ..! આપણો દેશ વિવિધતામાં એકતાનું એક ઉદાહરણ ચોક્કસ છે, પણ એ વિવિધતાને માણવા અને જાણવા વાળા કેટલા? તમે જે અનુભવ કરી રહ્યા છો, અત્યારે 'Cultural Diversity'નો એ હું છેલ્લાં ચાર વર્ષ કરતાં વધારેથી કરતો આવ્યો છું. અને સાચું કહું છું દોસ્ત, જો આપણા દેશના યુવાનો આને સમજવા માંડે ને તો સાચે આપણો દેશ વિવિધતામાં એકતાવાળો દેશ બની જશે.

બીજી એક વસ્તુ અહીં વિચારવા જેવી એ પણ છે કે ભાઈ, આ દેશને જન્મ્યાને માંડ છ સદી પણ નથી થઈ. અને સાચે અમેરિકાને તો હજુ માંડ અઢી સદીથી થોડું વધારે થયું છે, જયારે તમને કદાચ તમારી ચાર પૂર્વ પેઢી યાદ હશે ...!! આટલો ભવ્ય વરસો હોવા છતાં આપણે એને જાળવી શકવામાં સક્ષમ નથી બન્યા. જો કે મને કોઈ અધિકાર નથી કોઈનો કંઈ વાંક કાઢવાનો, કેમ કે હું જો પાંચ વર્ષ પહેલાંની મારી જિંદગી યાદ કરું, તો હું પણ કૂવામાંના એક દેડકા જેવો જ હતો. ....

(P.S. મને બીજું પણ કંઈ કહેવાનો હક નથી, કારણ કે મેં આપણા દેશ માટે પણ કંઈ કર્યું નથી, અને બોલવાનું તો ઘણું સહેલું છે કરવા માટે ૩૬ની છાતી જોઈએ.!)

યુનૂસ મેમણ :

ભાઈ ચિંતન શેલત, પ્રજાસત્તાક દિવસ વિશે કંઈક લખવાનું વિચારી રહ્યો હતો ... પણ હું કંઈક લખું એ પહેલાં મારા મનમાં જે સવાલો ઉઠ્યા હતા તે જ સવાલો તમારી પોસ્ટ વાંચીને પણ મનમાં ઉઠ્યા ...

- 'શુ મને, તમને કે આપણા દેશવાસીઓને (આમાં ખાશ કરીને આપણા દેશ પર રાજ કરતા રાજકારણીઓને) નીચે લખેલા શબ્દોના અર્થ ખબર છે ?

- બિનસાંપ્રદાયિકતા (ધર્મનિરપેક્ષતા) એટલે શું ?
- લોકશાહી (આઝાદી) એટલે શં ?
- ધાર્મિકતા (ધર્મ) એટલે શું ?

- નમ્ર વિનંતી - 'Happy Republic Day' કે 'Happy Independence Day' આવું ક્યાં ય પણ લખતા પહેલાં કે કોઈકની પોસ્ટ પર કે સ્ટેટસ પર આવા શબ્દો લાઈક કરતા પહેલાં ઉપરના ત્રણ પ્રશ્નો વિશે વિચાર કરજો ... (અને જવાબ મળે તો જાણ કરજો.)

- જય હિન્દ.

('ફેઈસબૂક' પર તાજેતરમાં [25 જાન્યુઆરી 2012] આ સંવાદ વાંચવા મળેલો)

- એતાનશ્રી

ડાયસ્પોરા લેખન માટે ગુજરાતી પર્યાય શોધવો જરૂરી

• મારા તાજેતરના ગુજરાત પ્રવાસ વેળા, ગુજરાતી ડાયસ્પોરિક લેખકો વિશે, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'માં બોલવાને સારુ, મને અબીહાલ નિમંત્રવામાં આવ્યો હતો. આ સભાનું અધ્યક્ષસ્થાન રઘુવીરભાઈ ચૌધરીએ સંભાળ્યું હતું. રજનીકાન્ત પંડયા મારા છેલ્લા નાટક 'એક્ઝિટ-સ્ટન્સ' (Exit-stance) વિશે બોલ્યા હતા. આ બેઠકને અંતે પ્રશ્નોત્તરી પણ થઈ હતી.

સમાપન કરતી વેળા, રઘુવીરભાઈએ કહેલું કે ભોળાભાઈ પટેલે મારું આ નાટક વાંચ્યું છે અને એમાં વપરાશમાં લીધા 'અપ'શબ્દો અંગે એમને નારાજી છે. રઘુવીરભાઈએ વળી એક રસપ્રદ વાત પણ કરી :

મારા આ નાટકના કેટલાક અંશોનું એમણે ભોળાભાઈ માટે ભાષાન્તર કરેલું અને બંનેએ તે વાંચતા વાંચતા હાસ્યની છોળો ઉડાડી હતી.

રજનીકાન્ત પંડયાએ સભા સમક્ષ પ્રભાવક સંક્ષેપ રજૂ કરેલો અને સાથે સાથે નાટકનું વિવરણ પણ આપેલું.

અને પછી, હું ડાયસ્પોરા લેખન વિશે જે કંઈ બોલ્યો તે લગભગ આ મુજબ હતું :

સૌ પ્રથમ આપણે Diaspora શબ્દ માટે ગુજરાતી પર્યાય શોધવો જરૂરી છે. મરાઠી અને હિંદી ભાષામાં 'સ્થળાંતરિત' શબ્દ વપરાય છે. રઘુવીભાઈઈએ 'દરિયાપાર કે સાગરપાર વસતા સાહિત્યકારો' અથવા 'દરિયાપાર સર્જાયેલું સાહિત્ય' શબ્દો સૂચવ્યા છે. આ ઉપરાંત નિરંજનભાઈ ભગત અને અન્ય સાક્ષરોએ પણ જુદા જુદા પર્યાય સમય સમય પર સૂચવ્યા જ છે. મારા મત પ્રમાણે 'ડાયાસ્પોરા' સિવાય કોઈ પણ ગુજરાતી પર્યાય વ્યવહારમાં, પત્રકારત્વમાં વપરાય તે ઇચ્છવા યોગ્ય છે.

સ્થળાંતરિત સાહિત્યની કોઈ વ્યાખ્યા હોય તો તેની મને જાણ નથી.

૧) સ્થળાંતરિત એટલે ગુજરાતની બહાર વસતા; પરંતુ ભારતમાં જ અન્ય સ્થળે વસતા ને સર્જન કરતા સાહિત્યકારોને સ્થળાંતરિત સાહિત્યકાર કહેવાય?

૨) ફક્ત દરિયાપાર વસતા લેખકોનાં સર્જનને જ 'સ્થળાંતરિત' સાહિત્ય કહેવાય?

જેમ હાઇકોર્ટના ન્યાયાધીશ કોઈ મુકદ્દમા પર પોતાનો અભિપ્રાય આપે છે, તે પ્રમાણે આ મુદ્દા પર ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી અધિકૃત સંસ્થાએ અભિપ્રાય આપવો જોઈએ, એવો મારો મત છે. મારી અરજ છે.

આ ઉપરાંત પરદેશમાં સરજાયેલાં અથવા લખાયેલાં લખાણ ખરેખર સાહિત્ય કહેવાય કે કેમ તે વિષે ખાસ ચર્ચા-વિચારણાની જરૂર છે. આજના સ્વખર્ચે પુસ્તક છપાવવાના જમાનામાં ગુજરાતી ભાષામાં જે પુસ્તકો છપાય છે, તે સાહિત્ય કહેવાય કે કેમ? – તે બાબત મને શંકા છે.

બીજું પરદેશમાં વસી ગુજરાતનાં ગામ કે શહેરની પાર્શ્વભૂમિ પર આધારિત, ભારતના રીતરિવાજ કે સામાજિક સંસ્થાની સમસ્યા ચર્ચતી કૃતિ જે ભારતમા બેઠા પણ સર્જી શકાય તે 'સ્થળાંતરિત' સાહિત્ય કહેવાય?

આવા આવા પ્રશ્નોના જવાબ કે શંકાઓનું નિરાકરણ સાહિત્ય પરિષદ જેવી સંસ્થા જ કરી શકે અને તે કામ તેમને જ કરવું જોઈએ.

આ ઉપરાંત મેં નટવરભાઈ ગાંધીના ડાયસ્પોરા વિશેના અભિપ્રાય અને "ઓપિનિયન"માં છપાયેલા મારા વિચારો ય રજૂ કર્યા હતા.

સભામાં, પ્રશ્નોત્તરી વેળા, કેટલાક લોકોએ સુરેશભાઈ દલાલ તથા 'ઈમેજ પબલિકેશન્સ'ની પ્રકાશન બાબતની નીતિરીતિ વિષયક રજૂઆત કરી. વિદેશ વસતાં લેખકોની ચોપડીઓનાં પ્રકાશન માટે પૈસાની લેવડદેવડ વિશેની આ બધી દલીલો હતી. જો કે આ મુદ્દાઓ કોઈ નવી નવાઈના હતા જ નહીં.

એક વ્યક્તિએ તો ફોડ પાડ્યો કે ગુજરાતી લેખકો વચ્ચે પરંપરાગત એક વણલખી સંહિતા ચાલી આવે છે, એકબીજાની ટીકાઓથી દરેક દૂર રહે છે! કદાચ આ સાચું ય હોય; સાંપ્રત સાહિત્યનાં સ્તર બાબત તતા તેના વિવેચનની કેવી હાલત થઈ છે તેનું આ દ્યોતક હોઈ શકે છે. બીજું શું ?

ભારતથી આવ્યા કેડે હાલ દિનકર જોશીકૃત મહમ્મદઅલી ઝીણા બાબતની નવલકથા વાંચી રહ્યો છું. હું તેનો અંગ્રેજી અનુવાદ વાંચી રહ્યો છું. આ પુસ્તકે મને એકલીન બનાવ્યો છે એ ખરું, પરંતુ મૂળ પુસ્તકનું અંગ્રેજીકરણ ઉચિત થયું નથી. તેની રચનારીતિ બાબત મને કેટલાક સવાલો જાગ્યા છે. નવલકથાનું વસ્તુ સરસ છે અને દિનકરભાઈએ તેને સારો ન્યાય આપ્યો છે.

– હરીશ ત્રિવેદી

e.mail : harisht895@sbcglobal.net

સહમત નથી, પણ વિચારોનું નાવીન્ય ગમ્યું

• હિચેન્સ વિષે જાણીને ખૂબ આનંદ આવ્યો. દરેક લેખકને દરેક વિષય પર સ્ટ્રૉંગ ઓપીનિયન જરૂરથી હોવો જોઈએ. પોતાના મતને ભયમુક્ત રીતે રજૂ કરવાની તાકાત પણ હોવી જોઈએ. મારા ઉછેર અને ભગવાન પ્રત્યેની દ્રઢ માન્યતાને લીધે હું હિચેન્સની વાતથી સહમત ના થઈ શકું; પરંતુ મને એક વિચારક તરીકે તેમના નવીન વિચારો ગમ્યા. એમણે મને આપણા ભારતીય ચિંતક રજનીશ ઓશોની યાદ અપાવી. ઓશો પણ વિવાદાસ્પદ રીતે પોતાનો મત રજૂ કરવામાં મહાન હતા. આથી જ મારો મત ભલે આવા વિચારોને સહકાર ના આપે, પરંતુ તેમનામાં રહેલી શક્તિ તેમના વખાણ કરવા પ્રેરે છે.

- રવિ પટેલ

e.mail : ravipatel122788@gmail.com

• તમારે ત્યાંથી એકમેકથી ચડિયાતા અંકો આવે છે. સમાજની તમે ઉત્તમ સેવા કરો છો, અને તેમાં ય ખાસ કરીને ગુજરાતી વાંચતી આલમને સારુ. આ ઉત્કૃષ્ટ કાર્ય અંગે મારા સહૃદય અભિનંદન સ્વીકારજો.

- મૂકેશ શાહ

e.mail : mukesh@mmsco.in

• વિનોદ મહેતાનું પુસ્તક વાંચ્યું ..... પુસ્તકોનું અધ્યયન કરવાનો મને શોખ છે ... પ્રકાશિત થયું અને ખરીદી લીધું હતું ... મને પસંદ પડ્યું છે .... અનુભવી ગુજરાતી પત્રકારો અને સાહિત્યકારો પાસેથી આ પ્રકારના પુસ્તકોની અપેક્ષા છે ...

– કેયૂર કોટક

e.mail : keyurkotak@gmail.com

e.mail : mahendraaruna1@gmail.com

• આભાર. વિપુલભાઈ ગુજરાતી લેખો વાંચનક્ષમ છે.

- કલ્પના ટેલર

e.mail : kbtailor@gmail.com

• આ વખતે ય આ અદ્ભુત અંક બની રહ્યો. આભાર.

- ફ્રાન્સવા માલિઝૉં

e.mail : fmallison@hotmail.com

• આવ્યું ત્યારથી વાંચવામાં પડ્યો છું. લેખો રોચક છે. ઋતુલ જોશીની ભાષાથી તથા વિષયવસ્તુથી પ્રસન્ન થવાયું. કાવ્યો લખવાની નવી ઢબછબ પસંદ પડી. ક્યાંક ક્યાં વિનોદ છવાયો છે ત્યારે વાંચતા વાંચતા હસતો રહ્યો.

- ગૌતમ અપ્પા

e.mail : G.Appa@lse.ac.uk

• વિનોદ મહેતા : ભારતીય રાજકારણ અંગે પોતાના પૂર્વગ્રહરહિત વિચારો માટે ઘણો ઉચ્ચ આદર ધરાવે છે. આ એ જ મિ. મહેતા છે જે કોઈ પણ બાબતે હંમેશાં કૉંગ્રેસની તરફેણ કરતા હોય છે ? આ એ જ મિ. મહેતા છે જે નિરંતર મિ. મોદીની આલોચના કરતા રહે છે ? આથીસ્તો, તે પૂર્વગ્રહરહિત છે તેવા તમારા મત સાથે હું સહમત નથી થતો.

– કિરીટ જોશી

e.mail : kvjoshi@yahoo.com

• "ઓપિનિયન"ના છેલ્લા અંકમાં હરનિશ જાનીનો લેખ - 'જોડણી - અફસાને હજાર … ' માણ્યો; મજા આવી ગઈ. ગોવિંદભાઈ રાવલની કલમની મજા કંઈ જ ઓર છે. આ ફેરે વૈવિધ્યપૂર્ણ વાંચનસામગ્રીથી અંક સમૃદ્ધ છે.

- પ્રકાશ લાલા

e.mail : lala.prakash@gmail.com

• નાની પાલખીવાળાકૃત 'વી ધ પિપલ, વી ધ નેશન'માંથી અનુવાદ કરી કરાવીને કેટલાક ઉતારા તમે આપી શકો. વિચારજો. 'વિચાર વલોણું' જેવું કંઈક 60-70 પાનાંમાં તેને જો સમાવી લેવાય તો આપણા સહ-નાગરિકોને તેમાંથી પોરસ મળી શકે છે.

- બળદેવ ભક્ત

e.mail : drbaldevbhakt@yahoo.co.in

• ક્રિસ્ટોફર એરિક હિચિન્સ અંગેનો ઋતુલ જોશીનો લેખ તમે પ્રગટ કર્યો તેથી હું ખૂબ રાજી છું. તે તમારી નીડરતા સૂચવે છે. તમને સલામ.

- રજની પી. શાહ

e.mail : rpshah37@hotmail.com

• "ઓપિનિયન"નો આ અંક પણ વાંચવાની મજા પડી. હિચિન્સ વિશેનો લેખ વાંચવાની ઓર મજા આવી.

- ઉષા ઠક્કર

e.mail : ushathakkar@yahoo.com

દલાઈ લામાના દર્શનનો અમને ય લ્હાવો સાંપડયો છે

• આદરણીય મહેન્દ્રભાઈ મેઘાણીએ પોતાના 'ફેઇસબુક' ઍકાઉન્ટમાં વિનોદ મહેતાનું આ અવતરણ સમાવ્યાનું જાણી હું આશ્ચર્યચકિત થયો છું. વિનોદ મહેતાના મતથી ય તાજુબ થવાયું. એ લખે છે : '… આવા આ ઝોકને કારણે કેટલાક વાચકો જો મારાથી રાજી ન હોય, તો તેમને અન્યત્ર જવાને સારુ છૂટછાટ છે.' વાસ્તવમાં આપણે દરેક આપણી પસંદગીનાં સમસામયિકો ખરીદીએ છીએ અને વાંચીએ છીએ. વાંચવા, ન વાંચવા સબબ આથી કોઈની પરવાનગીની આવશ્યક્તા નથી. વિચારની અભિવ્યક્તિનો મુદ્દો અહીં કેન્દ્રવર્તી બને છે. વળી, વ્યક્તિગત સ્વાતંત્ર્યની બાબત પણ નજરઅંદાજ ન કરીએ.

બરખા દત્તે દલાઈ લામાની મુલાકાત લીધી તેનો અત્યંત પ્રભાવક અને રોચક વીડિયો જોઈને ભાવવિભોર બની જવાયું. એ ધર્મપુરુષની આંખમાં જે મસ્તી હતી તેમની વાણીમાં જે શ્રદ્ધા હતી તે કેટલી સબળ છતી બનતી રહી હતી. વરસો પહેલાં, કેનેડાના ટૉરોન્ટો નગરમાં એમને સાંભળવાનો, જોવાનો અને મળવાનો લ્હાવો દયાને અને મને મળેલો, તે સાંભરી આવ્યું.

આ વીડિયો લિન્ક મોકલવા માટે આભારી છીએ; વળી, ક્રિસ્ટોફર હિચિન્સ અંગેનો પણ વીડિયો જોઈ સાંભળીને સારું લાગ્યું. આભાર.

- મનસુખ શાહ

e.mail : mansukhshah123@btinternet.com

'Thank you for reading and enjoying it.'

• "ઓપિનિયન" વાંચવાની મજા જ આવે છે. પરંતુ તમે ડિજિટલ અંક સાથે જે પ્રાસ્તાવિક મોકલો છો તેમાં તમારું લખાણ હોય છે : Thank you for enduring it. આ કઠે છે. આવું કેમ લખાય ? Enduring ફરજિયાતપણાની કોઈક ભાવના દર્શાવે છે, અણગમો સૂચવે છે. જાણે કે '"ઓપિનિયન"ને સહી લેવા માટે આભાર.' વળી, લોકોને ગમતું હોય અને તેમને આવાં તેવાં કારણો સબબ ધરાર વાંચવું પડતું હોય, તેવો ય અર્થ આમાંથી પેદા થાય છે. મોટા ભાગના વાચકોને પસંદ પડે છે તે સારુ દરેક આનું ખુશીથી સેવન કરે છે, તેમ જ તેમ કરવાનો તે દરેકને આનંદ છે. આથી તમે છેલ્લું વાક્ય આમ બદલી શકો : 'Thank you for reading and enjoying it.'

- રજનીકાન્ત જે. મહેતા

e.mail : rajnilamehta@gmail.com

અવનવાં વાચનથી વિચાર કરતો કરી મેલ્યો

• જાન્યુઆરી અંકમાં એક પછી એક હાસ્ય-કટાક્ષ લેખો વાંચતા ખાતરી થઈ કે જ્યોતીન્દ્ર દવે, ધનસુખલાલ મહેતા, બકુલ ત્રિપાઠી વગેરે ગુજરાતી હાસ્યલેખકો પછી ય વારસો લગીર વિલાયો નથી. 'કાકા, ફેઇસબુકમાં ઍકાઉન્ટ ખોલાવિયું કે નહીં ?' વાંચતા આ પહેલાં વાંચેલો એક કટાક્ષલેખ યાદ આવી ગયો : 'Talking face to face is so … yesterday !'

આજની ટેકનિકી હરણફાળની માનવીય સંબંધો પર અવળી-સવળી કેવી અસરો થાય છે એ લેખનો બોધપાઠ રહેવાનો: 'દૂરના ૧૦૦૭ ફ્રેન્ડ્સ ફેઇસબુક પર' connected હોય પણ not with people right in front of you ! જે પોતાની આસપાસ હોય તેની સાથે avoid talking, much less seeing one another. આ છે કાકાની સ્લેટ - પાટી[iPad]ની કરામત !

આ પાટી, iPadની કમાલ પર થોડા કટાક્ષમાં, થોડી હકીકતભરી દુનિયા માટે હરનિશ જાની લખે છે : છેલ્લાં પાંચ વર્ષોમાં કમ્પ્યૂટરે દુનિયા બદલી નાંખી છે. છપાયેલાં પુસ્તકો અદૃશ્ય થવા માંડ્યાં છે. સાત ઈંચની 'કાકાની' પાટીમાં લાખો પુસ્તકો પ્રાપ્ય છે.' અને ગુજરાતીમાં જોડણીની આગાહી કરનાર માટે ચેતવણી - કટાક્ષના મિશ્ર સૂરમાં આવી જઈ હરનિશભાઈ લખે છે : 'આજે તો કમ્પ્યૂટરને કારણે દુનિયા એટલી ઝડપથી બદલાઈ રહી છે કે ગુજરાતી ભાષા ક્યાં જશે અને કઈ જોડણીમાં હશે તે ભગવાન નહીં પણ કમ્પ્યૂટર જાણે.'

ચીમન પટેલ 'ચમન'ના લેખમાં - 'નવા વર્ષના સંકલ્પોમાં - જ્યોતીન્દ્ર દવેનો તીક્ષ્ણ, ડંખ વિનાનો હાસ્યવારસો છલકાઈ ઊઠે છે. આ બધા હાસ્યલેખકોને ઘણા ઘણા અભિનંદન અને શુભ કામનાઓ. આ સરસ લેખો શોધી કાઢી સંકલન કરવા માટે તંત્રી પણ અભિનંદનના ભાગીદાર બને છે.

ઋતુલ જોશીનો અગ્રલેખ 'અલવિદા ! ક્રિસ્ટોફર હિચેન્સ - અલવિદા!' એટલે અંગ્રેજ પત્રકાર - ફિલસૂફ, બુદ્ધિજીવીના વિરાટ વ્યક્તિત્વની પહેચાન. ગુજરાતી વાચકોને આવા વિરાટ વ્યક્તિત્વની બેત્રણ પાનાંમાં જ પરિચય આપવા બદલ ઋતુલભાઈને ખૂબ અભિનંદન. … હિચેન્સના નિયાગરાના ધોધની માફક વહેતા શબ્દો વાંચતા, એમની અલગારી ને વેધક દલીલબાજીની આંટીઘૂંટીમાંથી પસાર તથા વાચક એકદમ પ્રાણવાન, ચેતનસભર અને ઉલ્લાસમય બની જાય. ઋતુલભાઈ એમના એવા ઉત્સાહી વાચક - ચાહક તરીકે એમનો લેખ પૂરો કરતા લખે છે : હિચેન્સને આખરી સલામ અને અવનવા વિચારોથી મને વિચાર કરતાં કરી મૂકવા બદલ ધન્યવાદ.'

'લોકનાદ'નું કેલેન્ડર મળ્યું. ચારુલ ભરવાડા - વિનય મહાજન દંપતીની યાત્રા અને તેમનું યોગદાન રાષ્ટ્રનું ગૌરવ છે. ગુજરાતીતા, ભારતીયતાને દીપાવે છે. સદ્ભાવના - એકતા આવા યુગલના મહાયજ્ઞથી થાય છે; એક દિવસના ઉપવાસથી નહીં !

– ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

[Kamal Kunj, 3 Buckingham Mews, SUTTON COLDFIELD, West Midlands B73 5PR, U.K.]

હાયકુ

• ચીમન પટેલ 'ચમન'

સ્નેહીઓ બોલે,
મરનારનું સારું -
મડદું હસે !!

(૨૮ ઑક્ટોબર '૧૧)

•

સંતાન ઘેલી,
દત્તક લીધા પછી,
બની સગર્ભા !

(૨૮ ઑક્ટોબર '૧૧)

•

ભરાઈ જાય
હોલ બધા, ભકતોથી ;
પ્રસાદ ટાણે!!

(૨૮ જાન્યુ. '૧૨)

•

ડોલર મૂકી;
વિચારો આવે ઘણા -
આરતી લેતાં !!

(૨૮ જાન્યુ. '૧૨)

•

ભજનો કરે,
મળનાર પાછળ-
પહેલાં શૂન્ય !!

(૨૮ જાન્યુ. '૧૨)

•

મોટા ઘરમાં,
એની એકજ છબી,
જીવાડે મને!

(૦૩ જૂન '૧૧)

•

પ્રેમ પત્રોમાં
લખાઈ છે અમારી,
નવલકથા !

(૦૩ જૂન '૧૧)

•

ઘર કામમાં
મને જોઈ, ફોટામાં
એ મલકાય !!

(10 સપ્ટેમ્બર'૧૧)

•

મારી પત્ની/પ્રિયાને (એક વર્ષની વિદાય પછી)

પોઢી ગઈ તું,
ખેંચી લાંબી ચાદર -
મૂકીને મને!!

**

ન માને મન,
ગઈ તું ઘણી દૂર -
પહોંચું કેમ?

**

(૦૭ ફેબ્રુ. '૧૨)

e.mail : chiman_patel@hotmail.com

ચાર્લ્સ ડિકન્સ

અવિસ્મરણીય નવલકથાઓના બ્રિટિશ લેખક ચાર્લ્સ ડિકન્સનો જન્મ 7/2/1812ના રોજ પોર્ટ્સમથમાં થયો હતો. તેમનું બાળપણ ભારે આર્થિક અસલામતીમાં વીત્યું હતું. … કારખાનામાં એને શીશીઓ ધોવાનું કામ મળ્યું. સાથે સાથે વાર્તા લખવી શરૂ કરી. તેની કલ્પનાશક્તિ ગજબની હતી. તેનો ઉદય ચમત્કારિક અને નાટકીય હતો. નીચા, જાડા અને નિવૃત બિઝનેશમેન પીકવીકનું પાત્ર એટલું તો જામ્યું કે આખું ઈંગ્લેન્ડ તે પ્રવાહમાં તણાવાં માંડયું. દર અઠવાડિયે તેના પત્રની ચાલીસ હજાર કોપીઓ વેચાવા માંડી. રાતોરાત ડિકન્સ સામાન્ય પત્રકારમાંથી ઈંગ્લેન્ડના સૌથી લોકપ્રિય લેખક બની ગયા. પીકવીક પેપર્સના નામથી પુસ્તક પ્રસિદ્ધ થયું. ત્યારબાદ એક પછી એક પુસ્તકો આવવા માંડયા. ત્રીસ વર્ષો સુધી તેની આ સાહિત્યયાત્રા ચાલુ રહી. ડિકન્સે ત્રણ હજાર પાત્રોનું સર્જન કર્યું હતું. તેની ઉત્તમ નવલકથાઓમાં 'ટેલ ઓફ ટુ સિટીઝ', 'હાર્ડ ટાઇમ્સ', બ્લેકહાઉસ,'ક્રિસમસ કેરોલ' વગેરે ગણાય છે. તેમણે બે વખત અમેરિકાની વાંચનયાત્રા કરી. વાંચનના તેમણે 471 પ્રયોગ કર્યા, આ પ્રયોગોને જબરદસ્ત પ્રતિભાવ મળ્યો. અતિ પરિશ્રમને કારણે તેની તબિયત લથડતી ગઈ. ઇ.સ. 1870માં મગજ પરના હુમલાને કારણે તેમનું અકાળે અવસાન થયું. લંડન ટાઇમ્સે તેને અંજલિ આપતા લખ્યું : 'કમનસીબે માનવજાતની તમામ સિદ્ધિઓ નષ્ટ થઈ અને કોઈ ચમત્કારને કારણે ડિકન્સની નવલકથાઓ બચી જાય તો માનવજાતની ભાવિ પ્રગતિ માટે આશાનું કિરણ બનશે.'

– એલ.વી. જોષી

http://abhyaskram.blogspot.com/2012/02/7.html

યાદ કર તું પંચમ

• પંચમ શુક્લ

દેશમાં વસંત ભલે અહીં તો હિમ પ્રપાત છે,
આભથી જમીન લગી શ્વેત રસ નિપાત છે.

રંગ- ગંધ- છોળ- ભ્રમરના અતીત રાગની-
(ના)તાલની સવાર સમી સુસ્ત યાતાયાત છે.

એકને છો હાર્થવટો એકને અસીમ ગગન,
બેઉ છેડે ચીમનીના એ જ કાયનાત છે.

યાદ કર તું પંચમ કોકિલ સ્વરની સંજ્ઞાઓ,
ફ્રિન્ચ, સ્પેરો, રોબિનને કંઠ એ જ વાત છે.

જા! પીળાશ સરસવની પૉસ્ટમાં મગાવી લે,
ડૅફૉડિલની સાથે ટપાલી શા તાલ્લુકાત છે.

(૨૧-૦૧-૨૦૧૦)

છંદોવિધાન: ગાલગાલ ગાલલગા ગાલગાલ ગાલગા

: લઘુ ગુરુ માપનું પરિવર્તન.

હાર્થ (Hearth): the floor of a fireplace, usually of stone, brick, etc., often extending a short distance into a room.

e.mail : spancham@yahoo.com

લોકનાદ : 'સૉંઝી વિરાસત, સાચી વિરાસત'

એકને હાથે ડફલી ને બીજાના હાથમાં ઘૂંઘરું – આ ચારુલ ભરવાડા, વિનય મહાજનની જોડીએ કમાલ કરી છે. વરસોથી ઠેર ઠેર ગાતાં રહ્યાં છે અને એમનો મૂળગત નાદ છે સુધારાનો; સમાજના નીચલા થરે રહેલાં નાગરિકોને ન્યાય મળે તેવું વાતાવરણ ઊભું કરવાનો; કોમી એખલાસ લાવવાનો. … અરે, દોસ્ત, સુધારાનો ચાલ લાવવા મથતું આ દંપતી વિરલ છે.

જગ્યા પર જઈ અભ્યાસ કરે, તરતપાસ કરે, લોકોને સાંભળે અને પછી, ખુદ, ગીતનું, સંગીતનું, સર્જન કરે. અને ફરી પાછાં મંડી પડે. મંચ મળે તો મંચ; શેરીનો ખૂણો મળે તો શેરીનો ખૂણો. લોકોની વાતને ચારુલ - વિનયની જોડીએ જબ્બર વાચા આપી છે. અને આમ, એમણે 'લોકનાદ' નામે એક આંદોલન જગાવ્યું છે. અમદાવાદની ઉચ્ચ શિક્ષણ સંસ્થામાંથી વિનય મહાજન કૃષિ ઈજનેર (agricultural engineer) બનેલા છે, જ્યારે ચારુલ ભરવાડાએ મુંબઈમાંથી સ્થપતિની (architect) ઉપાધિ હાંસલ કરેલી. બંને પાસે કૉરપોરેટ સેક્ટર માંહેની, એક દા, સારી નોકરી ય હતી. તેને તિલાંજલિ આપીને, સન 1992માં, શાંતિનું વાતાવરણ જગવવા અને લોકશાહીની ગરિમા ઊભી કરવા, પૂરા સમય માટે, 'લોકનાદ' સ્થાપીને, બસ, બન્ને ખૂંપી રહ્યાં છે. આ જોડીનું અભિવાદન; એમને સહૃદય વંદન.

દરમિયાન, 'ઇન્સાન હૈં હમ'ને વાચા આપતું, ઈસ્વી સન 2012નું "સૉંઝી વિરાસત, સાચી વિરાસત" કેલેન્ડર, અબીહાલ, રૂમઝૂમ કરતું આવી પહોંચ્યું. આ વરસે, 'સત્ય'ની રજૂઆત પાને પાને અનુભવવા પામીએ છીએ. આ ચારુલબહેનની વાત, આ વિનયભાઈની વાત દેશ-વિદેશના આપણા તમામ સમાજને ય બેલાશક લાગુ પડે છે. તમને ય જો ચાનક ચડે તો મંડી પડજો, … જે થાય તે ! 'લોકનાદ'ને, ચારુલ - વિનયની જોડીને, સહાય થવા અહીં સંપર્ક કરી શકાય :

'Loknaad' <loknaad@gmail.com>

ચંચળમા કહેતાં, 'મંજુ તો આપડા ઘરની લક્ષ્મી છે, એના જલમ પછી જ આપડા ઘરનું દેવું સાવ ગ્યું, એની પાસે કાંય કામ કરાવાય ?'

આ વાતનો ઘરમાં કોઈ ખાસ વિરોધ ન કરતું. એનું એક કારણ એ ય હતું કે ચંચળમાં એની બીજી દેરાણી-જેઠાણી જેટલાં સંસ્કારી ન ગણાતાં. સવજીઆતા ઘણી વાર કહેતા, 'ઈ તો દાડિયાની દીકરી છે. એને બીજી શું ખબરેય હોય, દિવસમાં ચાર-પાંચ વાર પેટ બળી જાય એવી ફળફળતી ચા ઢીંચે અને આખો દી' જનાવરની જેમ કામ કર્યા કરે. આ તો અમારા બાપા અને એના દાદા નાનપણના ભેરુ એટલે અમારા બાપાએ એના ભાઈબંધનું વેણ પાછું નો ઠેલ્યું.'

એટલે ચંચળમા થોડાં અસંસ્કારી ખરાં પણ બોલવામાં કોઈની સાડીબાર ન રાખે. હા, જકલમાની મર્યાદા જાળવે. વળી ક્યારેક જૂના અસંસ્કાર જોર કરી જાય તો મોઢામાંથી ભૂંડી ગાળ પણ નીકળી જાય. પછી જકલમા સમજાવે, ચંચળવોવ, આ સારાં નો કહેવાય હોં. એટલે માની વાત માથે ચડાવતાં હોય એમ ચંચળમા બબ્બે કટકા ગાળો બોલેલાં અને દિનેશનો અને એના બાપાનો નઢિયો દબાવી દેવાની ઈચ્છા વ્યક્ત કરેલી ને સંભળાવેલું, 'મંજુ મારી દીકરી છે, આવે તો ખરો કોઈ એનું પારખું કરવા. ડાચું જ રંગી નાખું ને !'

આ બાબતમાં ઘરની બધી બાયું એક થઈ ગયેલી. જકલમા જેવી કોઠાડાહી સ્ત્રી પણ ધ્રૂજી ગયેલી.

બધી બાયુંએ કહ્યું કે ભલે આ સંબંધ તૂટી જાય પણ આપણે મંજુનાં પારખાં નથી કરાવવાં.

સવજીબાપા તરત જ મેડીએ જઈ આવેલા. એણે રતિભાઈને કહ્યું કે ભલા માણસ, આપણા આટલા વરહના સંબંધમાં હું તમને ફટકિયું મોતી પરખાવતો હોઈશ ? પણ રતિભાઈનો એક જ જવાબ હતો, 'દિનેશ આવડો અમથો હતો ત્યારથી એની બા પાછી થયેલી. એ અમારે રાજાની જેમ ઊછર્યો છે. એ કે'ય દિવસ તો અમારે દિવસ અને કે'ય કે રાત તો અમારે રાત.'

આ જવાબ લઈને આવ્યા પછી ઘરના બધા પુરુષો ભેગા મળ્યા અને વિચારવા બેઠા કે શું કરવું ? રામજીબાપાએ કહ્યું, આનો હવે એક જ ઈલાજ, દિનેશની વાત માનવાની.

સવજીઆતાએ કહ્યું, 'જાદુ, માને કહી આવ્ય કે કાલ સવારે મંજુને તૈયાર કરે. એને કાલ્ય અમરેલી ડો. ખોખરના દવાખાને મોકલવાની છે. કોઈ પૂછે તો કહેવાનું કે મંજુનાં મામી બિમાર છે અને ડો. ખોખરના દવાખાને દાખલ કર્યાં છે એટલે ખબર્ય પૂછવા જાય છે અને દિનેશને જે ખાતરી કરવી હોય - જાવ, આ આખી વાત પતાવી દો.'

જાદવમામા ગયા એથી બમણી ઝડપે પાછા આવ્યા, 'બાયું તો ક્યે છે કે આ સંબંધ તોડી નાખો.' આટલી નવાઈ તો સવજીબાપાને દિનેશની વાતથી પણ નહોતી લાગી.

'લ્યો બોલ્યાં, સંબંધ તોડી નાખો ! અને બીજ્યે સંબંધ જોડવા જાઈ તંઈ ઓલ્યા પેલો પ્રશ્ન ઈ જ પૂછવાના ને કે અગાઉનો સંબંધ કેમ તૂટી ગયો ?' વાઘજીઆતાના ચહેરા પર મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજીનું તેજ છવાઈ ગયું. એ બોલ્યા, 'જાદુ, જોડય ગાડું અને તારી કાકીને મૂકી આવ્ય એના બાપાને ઘેર્યે.'

વાઘજીબાપાએ કહ્યું, 'ભાઈ, આપડે કાલ્યથી વે'વાર મૂકીને રાંધવા બેહી જાઈ.'

જાદવમામાએ કહ્યું, 'ભાણા, બાયુંની અક્કલનો એક જગ્યાએ એન્ડ આવી જાય છે. એનાથી વધારે વાત કરીએ તો આપણે જ મૂરખા કેવાઈ. મોટો થા તંઈ આટલું ધ્યાન રાખજે, શું ?'

સવજીઆતાએ કીધું, 'ઘાઘરા પલટણ કીધી એટલે થઈ ર્યું.'

પછી બધા ય ઊંડો શ્વાસ લઈને જોરથી હસ્યા. આટલો આનંદ તો ભવાયા જોવા જઈએ ને, ડાગલો ગળામાં ઢોલ ભરાવીને સવજીઆતા જેવા આબરૂદાર માણસોને, પૈસા આપજ્યો માબાપ, અમે તમારા ભંગિયાને બદલે ચતુરાઈથી, પૈસા આપજ્યો માબાપ તમારા ભંગિયા એવી ગાળ દે ત્યારે ય નહોતો આવતો. એ તો હું બાજુમાં બેઠેલો એટલે નહીંતર કોઈ બહારથી આવીને જુએ તો એને એમ જ લાગે કે બધા ય ભેગા થઈને જકલમાનો ખરખરો કરે છે.

બીજે દિવસે મંજુને અમરેલી મોકલવાનું નક્કી થયું. જાદવમામા ગાડું લઈને જાય અને બધું પતી જાય એટલે સાંજે પાછા આવતા રહેવાનું. મેં કહ્યું કે અમરેલીમાં 'જેસલ-તોરલ' ચાલે છે એ મારે જોવું છે. એટલે મને ય સાથે લઈ જવાનું નક્કી કર્યું. સવારે મંજુ રડતી હતી અને એક ઓરડામાં પલાંઠી વાળીને બેસી ગયેલી તે ઊઠવાનું નામ જ નો'તી લેતી. એટલે રાવજીબાપા ગુસ્સે થયા : 'બા, હવે કેટલું મોડું ? જલદી પતાવોને આખી વાત.'

પછી જકલમાની આંખમાં આંસુ આવી ગયાં, એમણે મંજુને બાવડેથી પકડી ઉઠાડીને કહ્યું, 'જા હવે નભ્ભાઈ, ના પાડયે શું વળવાનું છે ?' મંજુનાં ડૂસકાં અને બળદના નિઃશ્વાસ સિવાય બધું શાંત હતું. ફક્ત ભગત જાણે ભગવાન મોભારે ચડીને બેઠા હોય એમ ઊંચે જોઈને બોલ્યા, 'બેન, મંજુ તો અણસમજુ છે એટલે રડે. બાકી સૌ સૌનાં કરમ સૌને ભોગવવાનાં છે, કાં ભગવાન ?' કહીને ભગત રાજી થયા, એટલે લાગ્યું કે ભગવાને 'હા' પાડી હોવી જોઈએ ! મંજુએ રડતાં રડતાં જાદવમામાને કહ્યું, 'ભાઈ, હજી ગાડું પાછું વાળી લે ને.' એક વાર જાદવમામાને, મારી ભાભીના સમ ભાઈ, ગાડું પાછું વાળી લે ને.' એમ કહ્યું, એટલે જાદવમામાએ કંટાળીને કહ્યું, તારી ભાભી મરી જાય તો હું બીજી કરું, પણ આ ગાડું તો પાછું ના જ વળે. પછી આખે રસ્તે મંજુએ જાદવમામાને વતાવ્યા નહીં.

ડો. ખોખરના દવાખાને સહુ પહોંચ્યા ત્યારે ત્યાં દિનેશની મોટરસાયકલ પડી હતી. જાદવમામાએ મને કહ્યું, હું તમાકુ લેતો આવું ભાણા, તું આયાં જ રેજ્યે. ત્યાં જ એક રૂમમાંથી દિનેશ બહાર આવ્યો અને મંજુને એક ઓરડો બતાવીને કહ્યું, આંયાં આવી જા. મંજુએ મને બેય હાથથી સખત પકડી રાખ્યો, તું મારી સાથે જ રહેજે. દિનેશે કહ્યું, એનું કાંઈ કામ નથી. પછી મને કહ્યું, તું આંયાં જ રહેજે. એ મંજુને ઓરડામાં દોરી ગયો અને એકાદ મિનિટ પછી સીટી વગાડતો બહાર આવ્યો અને એનું બુલેટ સ્ટાર્ટ કરીને જતો રહ્યો. પાછળથી મંજુ બહાર આવી. મેં પૂછયું, શું થયું મંજુ ? એટલે એ બોલી કે આના કરતાં તો મરી જવું બે'તર. મેં આગળ પૂછયું, પણ એણે જવાબ ન આપ્યો, રડયા જ કરી.

થોડી વારમાં જાદવમામા આવ્યા. એમણે મને પૂછયું, શું થયું ભાણા ? મેં કહ્યું કે દિનેશ તો જતો રહ્યો અને મંજુ તો રોયા જ કરે છે.

'ઠીક, કાંઈ વાંધો નહીં, ચાલો જલદી, નહીંતર ફિલમનું મોડું થાહે.'

પાછા ફરતાં આખે રસ્તે મંજુ રડતી જ રહી. ઘેર પહોંચ્યાં ત્યારે બધાં પૂછવા મંડયાં, શું થયું ? શું થયું ? જાદવમામાએ કહ્યું, દિનેશકુમાર તો હું આવું ઈ પે'લાં જ નીકળી ગ્યા અને મંજુ તો જોવો ની રોયા જ કરે છે.

બીજા દિવસે સવારમાં દસ વાગે જાદવમામા શ્રીફળ અને પેંડાનું પડીકું લઈ બજારેથી ઘેર આવ્યા ને સમાચાર આપ્યા કે રતિભાયે લગન મોકલવાનું કેવરાવ્યું છે. પછી નાળિયેર લઈને મંજુ રસોડામાં નીચું ઘાલીને બેઠેલી ત્યાં ગયા ને કહ્યું, લાવો આ નાળિયેર મંજુના માથામાં ફોડીએ. આમ તો બધી ય બાયુંના માથામાં ફોડવું જોઈ, માળાં ભેગાં થઈને રીડિયારમણ કરતાં હતાં.

પછી તો વાઘજીબાપા અને રામજીઆતા બધા ય રસોડામાં બાયુંને ઠપકો આપી ગયા, કાંઈ અક્કલ જ નૈં, જોવો તમારા પગલે હાલ્યા હોત તો ફજેતો જ થાત ને આખા સમાજમાં ? છેલ્લે સવજીઆતા આવીને ઠપકો આપી ગયા, કાંક્ય પ્રશ્ન ઊભો થાય એટલે અક્કલથી કામ લેવાય, કાંય પાની સામું જોઈને ગાળ્યું બોલવા નો મંડાય, સમજ્યાં કે નૈં ? પણ તમારી આગળ ડા'પણની વાતું કરીએ તો ય શું અને નો કરીએ તો ય શું ? સાવ પથ્થર ઉપર પાણી જ છે, માળાં હાળાં બૈરાં.

જકલમાં ખૂણામાં બેસીને ચૂપચાપ માળા ફેરવતાં હતાં. એ કંઈ ન બોલ્યાં પણ સવજીઆતાએ પીઠ ફેરવીને ઑફિસમાં જવા જેવા પગ ઉપાડયા, હજી અરધે જ માંડ પૂગ્યા હશે ત્યાં ચંચળમા રોટલા ઘડતાં હતાં તે ચૂલામાંથી એક ઈંધાણું લઈને ઊભાં થઈ ગયાં અને રાડય નાખી, તમારી માઉંના ધણી, હવે આવ્યા છો ડાયા થાવા, તમારા બેય કૂલે ડામ દેવા દેવા જોઈ, મારી રતન જેવી દીકરી - કહીને ચંચળમાએ જોરથી ઈંધાણું ગાર્ય કર્યા વગરની કાળી પોપડીવાળી દીવાલ પર પછાડયું. ચારે બાજુ તેના કોલસા ઊડયા, પછી નીચે બેસીને ચંચળમા છૂટા સાદે રોઈ પડયાં. એક ધ્રૂસકું પૂરું કરીને બીજા ધ્રૂસકા માટે એમણે શ્વાસ અંદર લીધો ત્યારે તાવડીનો રોટલો બળીને કોલસો થઈ ગયો હતો !

(સદ્ભાવ : ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી પ્રકાશિત અને જયંત પારેખ ને શિરીષ પંચાલ સંપાદિત 'ગુજરાતી વાર્તાસંચય : ૨')

બાયું

• કિરીટ દૂધાત

બધી વેવસ્થા થઈ ગઈ છે ને જાદુ ?' સવજીઆતાએ પૂછયું.

જાદવમામાએ જવાબ આપ્યો, 'હા આતા.'

રહોડામાં કેમ છે ?'

'ન્યાં વાંધો છે ઈ તો બાયુંનો જ છે ને, હજી ય મારી બા અને કાકી કે' છે કે મંજુને નથી મોકલવી.'

સવજીઆતા ગુસ્સે થયા. 'હાળાં ડોબાંનાં ડોબાં જ ર્યાં, કીધું કે હવે ખોટી લપ મેલો તો ય માનતાં નથી. નૈં હમજે તો ક્યાંક ઘઘલાવવાં પડશે,' કહીને સવજીઆતા ઑફિસમાંથી નીકળી રસોડા તરફ ઊપડયા.

'બાયુંએ ભારે કરી,' કહીને જાદવમામાએ ઑફિસની લાદી પે વતરણાથી ત્રણ કૂકરી દોરવા માંડી. પછી મને જોઈને કહ્યું, 'ભાણા, તારાં મોટાંબાને કહી દેજે કે તને સવારના પોરમાં તૈયાર કરી દેય, કાં'ક તાર્યે લીધે મોડું નો થાય.'

ત્યાં જાદવમામાના બાપુજી રામજીઆતા બહારથી આવ્યા. એણે પૂછયું, 'ક્યાં ગ્યા ભાઈ ? પછી હું થ્યું આખી વાતનું ?'

'જોવોને મારી બા ને કાકી હજી નથી માનતાં, આતા ન્યાં રહોડા બાજુ જ ગ્યા છે.'

'એનો અરથ ઈ કે કાલ્યનું અમરેલી જવાનું માંડી વાળવાનું એમ ? અરે આજ જ બટકો મેડીએ ગ્યો એની ભેગું મેં કે'વરાવી દીધું છે કે કાલ્યની વાતનું નક્કી છે.'

'મારી બા કે'ય છે કે પૂળો મૂકો આ હગપણમાં, આપડને તો વિરાણી સિવાય બીજાં ઘણાં ય ખોવડાં મળી રેવાનાં, એની ઉપર જ ક્યાં ભૂંગળું ભાંગ્યું છે ?'

'તારી મા તો લિરઝિની છે, આ કોઈ કોળીવાઘરીનું ઘર છે કે નખ જેવી વાતમાં હગપણ તોડી નખાય ? કાંઈ મંજુ આપડને વાલી નથી એમ ? અટાણે હું મગના દરજીને કઈને જ હાલ્યો આવું છું કે ગુશવારથી ઈ આપડી હોપિસમાં સંચો માંડી દેય. વિરાણીની એક આખી ઓયડી આપડી મંજુના કરિયાવરથી ભરાઈ રે'વી જોઈ, આપડા ચાર ભાયું વચ્ચે એકની એક જ છોડી ને બચ્ચાડી !'

ત્યાં સવજીઆતા હાંફતાહાંફતા ઑફિસમાં આવ્યા અને માથાના ફાળિયાનો ખાટલામાં ઘા કરી બોલ્યા, 'આ વે'વાર - આ વે'વાર અટલે થઈ ર્યું હોં -'

'હું થ્યું ભાઈ ?' રામજીબાપાએ પૂછયું.

'બાને રોવરાવવાં પડયાં, બીજું શું ? મેં તો પછી ચોખ્ખું કઈ જ દીધું કે બા, તમે અને આ ચારેય બાયું આંયાથી વે'તાં જ થઈ જાવ, કોઈની જરૂર નથી અમારે. પછી બા રોયાં ને કીધું કે એવું હોય તો કરો તમારા અભરખા પૂરા ને નાખી ઘો દીકરીને કૂવામાં, કાલ્ય પ્રગડવાહ્યે મંજુને તૈયાર કરી દેશું. જાદુ, આ વેવાર એટલે થઈ ર્યું હોં.'

ત્યાં વાઘજીઆતા ને મથુરમામા ટ્રૅક્ટર લઈને આવ્યા. વાઘજીઆતા મંજુના સગા બાપુજી, પણ એને બહુ રસ નહીં કે એમની સગી દીકરીની જ વાત ચાલે છે. એમનો એક જ સિદ્ધાન્ત હતો કે વહેવારનું કામ સવજીભાઈનું છે તે કૂટી લેશે. આપણે ખેતી સંભાળવાની, પણ સવજીબાપાના દીકરા મથુરમામા ભાર્યે રોનકી, એણે ટ્રૅલરમાંથી ઠેકડો મારતાં મારતાં પૂછયું, 'કાં ભાણા, શું કે' છે કામશદેશનાં સેનાનીઓ ?'

જાદવમામાએ કહ્યું, 'માંડ માંડ મેળે લાવ્યા છંઈ, હવે કાલ્યની વાત પતી જાય તો નિરાંત.'

વાઘજીઆતા આવીને ઑફિસમાં બેઠા, ચૂપચાપ. વાઘજીઆતા જેવું જ ભગતનું હતું, એ તો આખો દિવસ રામનામનું જ સમરણ કરતા હોય. ભગત પહેલાં તો ત્રણેય ભાઈ જેવા સંસારી હતા, પણ હવે ભગતના નામથી જ ઓળખાતા. પહેલાં સંસારમાં રસ લેતા પણ પછી એક દિવસ એમના ઘરનાં ચંચળમાને બોલાવીને કહી દીધું કે કાલ્યથી હું ભલો ને મારા ભગવાન ભલા. સંસારની રીતે તમે મારાં પત્ની થાવ ઈ બરાબર્ય, પણ કાલ્યથી મારો નવો જનમ છે. કાલ્યથી સંસારનાં બધાં ય કામ બંધ. બસ, એ ભગત થઈ ગયેલા. ગામના લોકો વાતો કરતા કે ભગતને તો તાળી લાગી ગઈ છે. પણ આ અંગે એક જુદો મત હતો : ભગત, ભગત થયા પહેલાં ગામનાં દાડિયાંઓની, વહવાયાંઓની બીડીઓ માગીને પીતા એટલે દાડિયાંઓનું કહેવું હતું કે ભગતના મગજમાં મફતની બીડીનો ધુમાડો ચડી ગયો છે, ભક્તિનું તો સાવ તૂત છે. ભગત ભગવાનથી નીચેની કક્ષાના કોઈ સાથે વાત કરતા નહીં. હા, ક્યારેક મને બાળક ગણી વાતો કરવા બોલાવતા. હું ફળિયામાં રમતો હોઉં ત્યારે એ ટહુકો કરતા, 'આવો ભાણાભાઈ !'

હું જતો એટલે એ કહેતા કે આજે કે આજે તો મીરાંબાઈનું એક ભજન રચ્યું છે. ભગત ઘણી વાર મીરાંબાઈ કે નરસિંહ મહેતાનાં ભજનો રચતા. મને પૂછે, સંભળાવું ?

હું ડોકું હલાવું એટલે પટારાના કાટ ખાઈ ગયેલ પતરા પર દોકડ વગાડીને ભજન ગાઈ સંભળાવતા, પછી પૂછતા, 'કાંઈ હમજાણું ?'

હું માથું ધુણાવીને ના પાડતો, એટલે ભગત રાજી થઈને દાંત કાઢતા કે ક્યાંથી હમજાય, આ તો ભગ્તિ છે ભગ્તિ, શું ?' એટલે હું કહેતો કે 'ભગ્તિ.'

મૂળ વાત એમ હતી કે પોતાનું ભજન સંભળાવ્યા પછી ભગત મને દસ પૈસા વાપરવા આપતા, એટલે જ્યાં સુધી એ પૈસા વાપરવા મળતા રહે ત્યાં સુધી આપણને આ આખી વાત ભક્તિ હોય કે ગાંડપણ, એમાં કોઈ જાતનો વાંધો નહોતો.

'માને રોવરાવ્યાં ઈ બરાબર નૈં,' મથુરમામા બોલ્યા. વાત સાચી હતી. જકલમા આખા ગામમાં પૂછવા ઠેકાણું ગણાતાં. એમની આમન્યા આખું ગામ પાળતું. ઘરમાં ય જકલમાં આજુબાજુ હોય ત્યારે બાયું છોકરાંને ઢીબતી વખતે ગાળો ન બોલતી. સવજીઆતા પણ વહેવારમાં મૂંઝાય ત્યારે જકલમાની જ સલાહ લેતા. પણ આ તો વાત જ નોખી હતી.

મંજુનું સગપણ નાનપણથી મેડીના સરપંચ રતિભાઈ વિરાણીના છોકરા દિનેશ વેરે કરેલું. દિનેશ એના બાપાનો એકનો એક હતો. તેની મા એને નાનો મેલીને ગુજરી ગયેલી. આટલાં વરસ બરાબર ચાલ્યું અને લગ્નને હવે બે-ત્રણ મહિના બાકી હતા ત્યારે તેને કોઈએ ઠસાવેલું કે મંજુને સાથળ પર કોઢ છે. પંથકમાં પહેલાં એક-બે છોકરીઓને આવા ડાઘ પહેલી રાતે પકડાઈ ગયેલા ત્યારે એમના ધણીઓએ એમને કાઢી મૂકેલી, એટલે દિનેશ ભવિષ્યમાં ભવાડો ન થાય એમ અગાઉથી ચકાસણી કરી લેવા માગતો હતો. એણે કહેવરાવેલું કે, તમે કહેતા હો તો હું આવીને ખાતરી કરી જાઉં, નહીંતર મંજુલાને અહીંયાં મોકલો.

ઉનાળાની બપોરે હું લેસન કરીને સવજીઆતાને ઘેર જમવા જતો. એક અંધારિયા ભેજવાળા ઓરડામાં બપોરનું કામકાજ કરી, નાહીધોઈને એ માથું ઓળતી હોય કે દિનેશને 'લેટર' લખતી હોય ત્યાં હું જઈ ચડતો અને પૂછતો, 'મંજુ શું કરશ્યો ?'

મંજુ સહેજ સંકોચ પામીને કહેતી, 'જોને, દિનેશને લેટર લખું છું.'

'એમાં મારાં નામ લખ્યું કે નૈં ?' આવતી જતી ટપાલોમાં મારાં નામ હોય એવો મારો આગ્રહ રહેતો. મંજુ લટકો મારીને કહેતી, 'તારી ઘરવાળી તને લેટર લખશે એમાં તારાં નામ લખશે.' પણ હું વહેવાશ મુશ્કેલી રજૂ કરતો કે મારે વહુ છે જ નહીં.

મંજુ કહેતી, 'તે તારે ય એક દી' વોવ ઘેર આવશે. ઉતાવળ હોય તો જા ઘેરે જઈને ગોળામાં પાણકો નાખ્ય.'

હું ઘેર આવીને બાપાને પૂછતો, 'બાપા, મારે વોવ ક્યારે આવશે ?'

બાપા રાજી થઈને કહેતા, 'તું કહેતો હો તો કાલ્ય લાવી દઈએ, બોલ્ય, એક ચોટલાવાળી લાવવી છે કે બે ચોટલાવાળી ?'

હું મુંઝાઈને મોટાંબાને પૂછતો કે એમાં શું ફેર પડે ? પછી મોટાંબા સમજાવતાં કે એક ચોટલાવાળી વોવ કામ ઘણું ય કરે, બે ચોટલાવાળી શણગાર સજવામાંથી ઊંચી આવે ત્યારે ઘરનું કામ કરે ને ! એટલે હું થોડી વાર ગંભીરતાથી વિચારીને કહેતો, આપડે તો એક ચોટલાવાળી જ વોવ જોઈં, કામ નો કરે એવી ઘરવાળી શું કામની ?

મંજુ બે ચોટલા લેતી અને ઘરનું કામકાજ ખાસ કરતી નહીં. મુંજુની બા તો ઘણું કહેતાં, 'નભ્ભાઈ, આયાં બાપાના ઘેર્યે કાંક્ય કામકાજ શીખ્ય, નૈતર તારા સાસરે તું તો ગાળ્યું ખાહ્ય પણ ભેગી **મને** ય ખવરાવવાની !' પણ ભગતનાં પત્ની

(અનુસંધાન પાન 31 પરે)

પ્રકાશક : Vipool Kalyani, 'Holly Cottage', 13 Ferring Close, HARROW, Middlesex HA2 0AR [U.K.] · [26.02.2012]